
વર્ષ : ૬૫ ■ અંક : ૧૦ ■ તા.૧૬-૫-૨૦૨૫

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## પાવનધરા પંચમહાલમાં
# ગૌરવ દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી

# તેરા વૈભવ અમર રહે માઁ...
# તિરંગા યાત્રા



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 65 ■ Issue : 10 ■ Date : 16 - 5 - 2025

તંત્રી : માહિતી નિયામક
સહતંત્રી : અરવિંદ પટેલ
કાર્યવાહક તંત્રી : જયેશ દવે
સંપાદક : મનીષા વાઘેલા
સહસંપાદક : અરૂણા ડાવરા, વિવેક ગોહેલ, નીરવ રાવલ
કલાનિર્દેશક : જસ્મીન દવે
લેઆઉટ ડિઝાઇન : મૌલિક એમ. રાજપૂત
વિતરણ વિભાગ : પી. જી. ચંડીસરા, દામિની ચૌહાણ, જયદીપસિંહ ઝાલા

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

વિતરણ વિભાગ : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
ઈ-મેલ એડ્રેસ : gujaratmagazine@gmail.com
ફરિયાદ એડ્રેસ : gujaratpaxik1@gmail.com
ફેસબુક લિંક : gujaratinformation.official

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

48 + 4 Cover = Total 52 Pages

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં ગુજરાત વિકાસનું રોલ મૉડેલ બન્યું છે.
- વડાપ્રધાનશ્રીએ કંડારેલી વિકાસની કેડી ઉપર ગુજરાત આજે મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે.
- ગુજરાત અમૃતકાળમાં દેશ અને દુનિયાને વિકાસનું આગવું દિશાદર્શન કરાવનારું મૉડેલ સ્ટેટ બનશે.
- ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે જ્યાં ગેસ ગ્રીડ, વૉટરગ્રીડ અને ઇલેક્ટ્રીસિટી ગ્રીડનું નિર્માણ થયું છે.
- ગ્રામ વિકાસ માટે સહકારિતા મહત્ત્વનું પરિબળ અને પ્રવૃત્તિ છે.
- ગુજરાતે ૨૦૪૭ સુધીનો વિકસિત ગુજરાત રોડ મેપ અર્ન વેલ, લિવ વેલના બે મુખ્ય પાયા ઉપર તૈયાર કર્યો છે.
- સી – ૨૯૫ એરક્રાફ્ટ ઉત્પાદન વડોદરાને વિશ્વનાં એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ નકશા ઉપર અંકિત કરે છે.
- સરદારસાહેબે 'એક ભારત'નું નિર્માણ કર્યું, વડાપ્રધાનશ્રીએ 'શ્રેષ્ઠ ભારત'ના નિર્માણનું સપનું સાકાર કર્યું.
- ગુજરાત ટૅકનોલૉજી ડ્રિવન ગવર્નન્સ અને સર્વગ્રાહી વિકાસ યોજનાઓના અસરકારક અમલથી ડેવલપમેન્ટનું રૉલમૉડલ બન્યું છે.
- આપણે આઝાદીના આંદોલનમાં ભલે ન જોડાઈ શક્યા, વિકસિત ભારતના અભિયાનમાં જોડાઈને યોગદાન આપીએ.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)**

# આકર્ષણ







6 પ્રતિભાવ

7 દેશ પ્રેમ






19 વિકાસયાત્રા

24 સંદેશ

26 કવર સ્ટોરી







32 જિલ્લા પ્રોફાઇલ

36 સમાચારવિશેષ

38 સંક્ષિપ્ત સમાચાર

40 સહાય

41 દિન વિશેષ

42 ગૌરવ

43 સાફલ્યગાથા

44 નિર્ણય

45 અવનવું

46 પ્રાકૃતિક કૃષિ

47 પ્રેરણા

48 સાયબર સુરક્ષા

49 જાણકારી

50 રખડપટ્ટી

# યુદ્ધના ભણકારા વચ્ચે રાજદ્વારી મુત્સદ્દીગીરી

શાંતિ માટે યુદ્ધ જરૂરી છે, પછી તે આંતરિક હોય કે બાહ્ય. પરંતુ, સર્વનાશ નોતરે તેવા યુદ્ધને ભારત આવકારતું નથી કે નથી તેના તેવા સંસ્કાર. સનાતન ધર્મમાં સહનશીલતા, કરૂણા, માનવતાના ગુણને વધુ મહત્તા આપવામાં આવી છે. યુદ્ધ કરવામાં જેટલી હિંમત જોઇએ તેનાથી ઘણી વધારે ધીરજ તેને ખાળવામાં જોઇએ. ભારત સરકારે યુદ્ધના ભણકારા વચ્ચે સમગ્ર વિશ્વને તેની રાજદ્વારી મુત્સદ્દીગીરીનો પરિચય આપ્યો છે.

ભારતના સાર્વભૌમત્વને પડકારનાર નાપાક પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા ભારત સરકારે 'ઓપરેશન સિંદૂર' હાથ ધર્યું. જેના ભાગરૂપે 'ઓપરેશન અભ્યાસ' હેઠળ ગુજરાત રાજ્યના ૧૮ જિલ્લાઓમાં વહીવટી તંત્ર દ્વારા સિવિલ ડિફેન્સ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નાગરિકોનો અભૂતપૂર્વ સહયોગ સાંપડ્યો, તો મુખ્યમંત્રીશ્રીએ સરહદી જિલ્લાઓ ઉપરાંત સંવેદનશીલ સ્થળોની સમીક્ષા કરી કેન્દ્ર સરકારના માર્ગદર્શનમાં બ્લેકઆઉટ, જીવન ઉપયોગી ચીજવસ્તુઓની સરળ ઉપલબ્ધિ અને ભાવ નિયંત્રણ સહિતના પગલાં લીધા.

મે મહિનાનો પ્રથમ દિવસ એટલે ગુજરાતનો સ્થાપના દિવસ. રાજ્ય માટે ગૌરવવંતો દિવસ. એક દાયકા પછી ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના હીરક મહોત્સવના ઉપલક્ષમાં વર્ષ ૨૦૨૫થી ૨૦૩૫ના દાયકાને "ઉત્કર્ષ ગુજરાત હીરક મહોત્સવ" તરીકે ઉજવવાનો રોડ મેપ રાજ્ય સરકારે તૈયાર કર્યો છે.

વિકસિત ભારત@૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા સંગઠિત તેમજ અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. શ્રમયોગીઓની સતત ચિંતા કરીને રાજ્ય સરકાર દ્વારા શ્રમયોગીઓ માટે પ્રાયોગિક ધોરણે 'અંત્યોદય શ્રમ સુરક્ષા અકસ્માત વીમા' યોજના શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત એક જ દિવસમાં એક સાથે ૨૨૦૪ કરોડ રૂપિયાના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઇ. જેનાથી રાજ્ય સરકારનો નાગરિકોના ઇઝ ઓફ લિવિંગમાં વધારો કરવાનો અભિગમ વધુ સ્પષ્ટ થયો છે. વડોદરાની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના પૂરથી શહેરીજનોને કાયમી મુક્તિ અપાવવા અને નદીની વહન ક્ષમતા બમણી કરવા વિશ્વામિત્રી રિવાઈવલ પ્રોજેક્ટ શરૂ કરાયો. આ સાથે વડોદરામાં રૂ.૧૧૫૬ કરોડના જનસુખાકારી અને જનસુવિધાના ૮૬ વિકાસ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવ્યાં. પંચમહાલને ગુજરાત ગૌરવ દિને રૂ.૬૪૪ કરોડના વિકાસકામોની ભેટ મળી.

ગુજરાત સરકાર આબાલવૃદ્ધ સૌની ચિંતા કરે છે. રાજ્યમાં ધોરણ પાંચના વિદ્યાર્થીઓ માટેની CETમાં સફળ થનાર ૨૦ હજારથી વધુ બાળકોની ૧૧૫ નિવાસી શાળામાં ઓનલાઈન પ્રવેશ ફાળવણી સંપન્ન કરાઈ. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત ૩૦ હજાર બાળકોને ૧૬ કરોડથી વધુની સ્કોલરશીપ રકમ ચૂકવવાની પ્રક્રિયા કરવામાં આવી. લાખો વૃદ્ધ પેન્શનર્સની હયાતીની ખરાઈ ઘરઆંગણે કરવા ટપાલ વિભાગ સાથે કરાર થયો છે.

આમ, આ અંકમાં વિકાસકાર્યો, સાફલ્યગાથા, નિર્ણયો, જાણકારી સહિત માહિતીના વિવિધ રંગો રૂપે અનેકવિધ વાચન અનુભૂતિ સૌ વાચકોને થવાની છે. આ અંક સુજ્ઞ વાચકોને વાચવો ગમશે તેવો મને પૂર્ણ વિશ્વાસ છે.

જય જય ગરવી ગુજરાત

**માહિતી નિયામક**

# ઉઠાવો કલમ
# પ્રતિભાવ

મુદ્રિત માધ્યમો માટે વાચક સર્વોપરી છે. વાચકોના વિચારો જાણવા માટે ગુજરાત પાક્ષિકમાં ઉઠાવો કલમની નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. જેને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. **યુદ્ધના ગેરફાયદા** આ વિષય પર વાચક મિત્રોએ પોતાના વિચારો ૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં રજૂ કરવાના રહેશે. આ ઉપરાંત વાચકો ગુજરાત પાક્ષિક વિશે પોતાના મંતવ્યો, સૂચનો અને વિચાર પણ રજૂ કરી શકશે.

૧લી મે, ૧૯૬૦ના રોજ ભારતના પશ્ચિમરત્ન એવા ગુજરાત રાજયની સ્થાપના થઈ હતી. ગુજરાતનો સ્થાપના દિવસ દર વર્ષે 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. ગુજરાતના લોકો માટે ૧લી મે માત્ર એક તારીખ નથી, પણ ગૌરવ, પરંપરા અને સ્વાભિમાનનું પ્રતીક છે. ગુજરાત ગૌરવ દિવસ એ માત્ર ઇતિહાસ યાદ કરવાનો દિવસ નથી પણ આપણી ભાષા, સંસ્કૃતિ અને રાજ્ય પ્રત્યેના ગૌરવની ઉજવણી છે. ગૌરવશાળી ભૂતકાળ ધરાવતા ગુજરાતે છેલ્લા કેટલાક સમયમાં ગુજરાત, ગિફ્ટ સિટી, સ્માર્ટ સિટી જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અને વાઇબ્રન્ટ સમિટના માધ્યમથી દેશમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. રાજ્યના ખેડૂતથી લઈને ઉદ્યોગપતિ સુધી દરેક વ્યક્તિએ રાજ્યના વિકાસમાં નોંધપાત્ર સહભાગીદારી નિભાવી છે.

ગુજરાત આજે ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ અને પર્યટન ક્ષેત્રે દેશનાં અગ્રણી રાજ્યોમાં ગણાય છે. ગુજરાતે સ્થાપનાથી આજ સુધી ગૌરવવંતી વિકાસયાત્રાનાં ૬૫ વર્ષ પૂર્ણ કર્યાં છે. ગુજરાત રાજ્ય વિશે વિચારતાં એક જ વિચાર સદા મનમાં આવે "ગર્વ છે, હું ગુજરાતી છું. જય જય ગરવી ગુજરાત"

**કૌશિક રાજદે** (જિલ્લો ગાંધીનગર)

ગુજરાત પાક્ષિક છેલ્લા ઘણા વર્ષોથી વાંચું છું. પાક્ષિકના તમામ આર્ટીકલ્સ-ફોટોગ્રાફ અને કવર પેઈજ આંખને આકર્ષિત કરી જાય છે. અંકનું પ્રિન્ટીંગ ખૂબ સરસ હોય છે. પાક્ષિકમાં રજૂ થતું સાયબર સુરક્ષા, પ્રેરણા, અવનવું અને જાણકારીની લેખમાળાથી નવું જાણવા મળે છે. ખૂબ સુંદર તસવીરો સાથે વાચકોને આકર્ષિત વાંચન સામગ્રી માટે ટીમ પાક્ષિકને ખૂબ ખૂબ અભિનંદન.

**કિંજલ પદમાણી** (જિલ્લો સુરત)

જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પ્રભાત, જય જય ગરવી ગુજરાત !

ભારતના પશ્ચિમ છેડે શૌર્યના ગૌરવથી ચમકતો તારલો એટલે ગુજરાત. આ ગુજરાતનો ઇતિહાસ પણ ભવ્ય છે. મહાગુજરાત આંદોલન અને અલગ મરાઠી રાજ્યની માંગણી પછી ૧ મે, ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યના બે ભાગલા મહારાષ્ટ્ર અને ગુજરાત તરીકે કરવામાં આવ્યા. ત્યારથી ૧ મેના દિવસે ગુજરાત સ્થાપના દિવસની સાથે સાથે મહારાષ્ટ્ર રાજ્યનો સ્થાપના દિવસ પણ ઊજવવામાં આવે છે. ગુજરાત રાજ્યની સ્થાપના સમાજ સુધારક પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવી હતી. ગુજરાત સરકારે આ દિવસને ગુજરાત ગૌરવ દિવસ તરીકે જાહેર કર્યો અને દર વર્ષે આ દિવસની રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પંચમહાલ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સાચે ગુજરાતી હોવાનું અદકેરું ગૌરવ છે.

**શિલ્પા ડોબરિયા** (જિલ્લો: રાજકોટ)

ગુજરાત એટલે વિકાસનો પર્યાય, ગુજરાત એટલે સંસ્કૃતિની સોગાત, ગુજરાત એટલે ભારતનું ગ્રોથ એન્જિન, ગુજરાત એટલે દેવોની ભૂમિ, ગુજરાત એટલે મહાપુરુષોની ભૂમિ, ગુજરાત એટલે ઉજવણી અને ઉલ્લાસનો સમન્વય તેથી જ કહેવાય છે કે..."જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત".

ગુજરાત રાજ્યની સ્થાપના ૧ લી મે ૧૯૬૦ ના રોજ થઈ હોવાથી ગુજરાત ગૌરવ દિવસ પણ દર વર્ષે ૧ મેના રોજ ઊજવવામાં આવે છે. ગુજરાતનો દેશના વિકાસમાં ફાળો અમૂલ્ય રહ્યો છે. ગાંધીજીથી લઈને અનેક ઉદ્યોગપતિ, વૈજ્ઞાનિકો, રાજકારણીઓ અને NRI સુધી ઘણાં ગુજરાતીઓએ દેશની અર્થવ્યવસ્થા, શિક્ષણ, વિજ્ઞાન તથા રાજકીય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

**જેઠવા હરેશ** (જિલ્લો: ભાવનગર)

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું રાષ્ટ્રને સંબોધન

# આ યુદ્ધનો યુગ નથી, તો આતંકવાદનો યુગ પણ નથી : પીએમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા રાષ્ટ્રને સંબોધન કર્યું. તેમના સંબોધનમાં, તેમણે ટિપ્પણી કરી કે રાષ્ટ્ર તાજેતરમાં શક્તિ અને સંયમ બંનેનું સાક્ષી બન્યું છે. તેમણે દરેક ભારતીય નાગરિક વતી દેશના શક્તિશાળી સશસ્ત્ર દળો, ગુપ્તચર એજન્સીઓ અને વૈજ્ઞાનિકોને સલામ કરી. તેમણે ઓપરેશન સિંદૂરના લક્ષ્યો હાસલ કરવામાં ભારતના બહાદુર સૈનિકોએ દર્શાવેલી અતૂટ હિંમત પર પ્રકાશ પાડ્યો, તેમની બહાદુરી, સ્થિતિસ્થાપકતા અને અદમ્ય રાષ્ટ્ર ભાવનાને સ્વીકારી. તેમણે આ અજોડ બહાદુરી રાષ્ટ્રની દરેક માતા, બહેન અને પુત્રીને સમર્પિત કરી.

પહેલગામમાં થયેલા બર્બર આતંકવાદી હુમલાની આકરી નિંદા કરતા આ કૃત્યને આતંકનું ભયાનક પ્રદર્શન ગણાવ્યું.


વડા પ્રધાનશ્રીએ જણાવ્યુ કે, ભારતના સચોટ અને જોરદાર હુમલાઓએ પાકિસ્તાનને ભારે હતાશામાં મૂકી દીધું હતું, તેને હતાશામાં ધકેલી દીધું હતું. પોતાના આક્રોશમાં, પાકિસ્તાને આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈમાં જોડાવાને બદલે એક અવિચારી કૃત્ય કર્યું - તેણે ભારતીય શાળાઓ, કોલેજો, ગુરુદ્વારા , મંદિરો અને નાગરિકોના ઘરો પર હુમલા શરૂ કર્યા, લશ્કરી થાણાઓને પણ નિશાન બનાવ્યા. તેમણે આ આક્રમણથી પાકિસ્તાનની નબળાઈઓ કેવી રીતે છતી થઈ તે પર પ્રકાશ પાડ્યો, કારણ કે તેના ડ્રોન અને મિસાઇલો ભારતની અદ્યતન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ સામે તૂટી પડ્યા. જ્યારે પાકિસ્તાન ભારતની સરહદો પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું હતું, ત્યારે ભારતે પાકિસ્તાનની છાતી પર નિર્ણાયક પ્રહાર કર્યો. ભારતીય ડ્રોન અને મિસાઇલોએ ખૂબ જ સચોટ હુમલા કર્યા, જેના વિશે તે લાંબા સમયથી બડાઈ મારતુ હતુ તેવા પાકિસ્તાની હવાઈ મથકોને ગંભીર નુકસાન પહોંચાડ્યું.

ભારતના પ્રતિક્રિયાના પ્રથમ ત્રણ દિવસમાં, પાકિસ્તાનને તેની અપેક્ષાઓ કરતાં ઘણું વધારે વિનાશ સહન કરવુ પડ્યુ. ભારતના આક્રમક વળતા પગલાં બાદ, પાકિસ્તાને તણાવ ઓછો કરવાના માર્ગો શોધવાનું શરૂ કર્યું, વધતા તણાવમાંથી રાહત માટે વૈશ્વિક સમુદાયને અપીલ કરી. તેમણે ખુલાસો કર્યો કે, ભારે નુકસાન સહન કર્યા પછી, પાકિસ્તાનની સેનાએ 10 મેના રોજ બપોરે ભારતના DGMOનો સંપર્ક કર્યો. ત્યાં સુધીમાં, ભારતે મોટા પાયે આતંકવાદી માળખાને તોડી પાડ્યું હતું, મુખ્ય આતંકવાદીઓને ખતમ કરી દીધા હતા અને પાકિસ્તાનના આતંકવાદી કેન્દ્રોને ખંડેર બનાવી દીધા હતા. શ્રી મોદીએ નોંધ્યું હતું કે પાકિસ્તાને તેની અપીલમાં ખાતરી આપી હતી કે તે ભારત સામેની તમામ આતંકવાદી પ્રવૃત્તિઓ અને લશ્કરી આક્રમણ બંધ કરશે. આ નિવેદનના જવાબમાં, ભારતે પરિસ્થિતિની સમીક્ષા કરી અને પાકિસ્તાનના આતંકવાદી અને લશ્કરી સ્થાપનો સામેની તેની પ્રતિ-કાર્યવાહી અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો નિર્ણય લીધો. તેમણે પુનરોચ્ચાર કર્યો કે આ સ્થગિતતા કોઈ નિષ્કર્ષ નથી - ભારત આગામી દિવસોમાં પાકિસ્તાનના દરેક પગલાનું મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખશે, ખાતરી કરશે કે તેની ભવિષ્યની કાર્યવાહી તેની પ્રતિબદ્ધતાઓ સાથે સુસંગત છે.



વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતના સશસ્ત્ર દળો - સેના, વાયુસેના, નૌકાદળ, સીમા સુરક્ષા બળ (BSF) અને અર્ધલશ્કરી એકમો - હંમેશાં રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા તત્પર હોય છે. "ઓપરેશન સિંદૂર હવે આતંકવાદ સામેની લડાઈમાં ભારતની સ્થાપિત નીતિ છે, જે ભારતના વ્યૂહાત્મક અભિગમમાં નિર્ણાયક પરિવર્તન દર્શાવે છે", વડાપ્રધાનશ્રીએ ભારતના સુરક્ષા સિદ્ધાંતના ત્રણ મુખ્ય સ્તંભોની રૂપરેખા આપી; પ્રથમ સ્તંભ નિર્ણાયક બદલો - ભારત હવે કોઈપણ

આતંકવાદી હુમલાનો મજબૂત અને દૃઢ પ્રતિસાદ આપશે. ભારત પોતાની શરતો પર જવાબ આપશે, આતંકવાદી કેન્દ્રોને નિશાન બનાવશે. બીજું છે પરમાણુ બ્લેકમેલ માટે કોઈ સહનશીલતા નહીં; ભારત પરમાણુ ધમકીઓથી ડરશે નહીં. આ બહાના હેઠળ કાર્યરત કોઈપણ આતંકવાદી આશ્રયસ્થાનોને નેસ્ત-નાબૂદ કરાશે. ત્રીજો સ્તંભ આતંકવાદને પ્રોત્સાહન આપનારા અને આતંકવાદીઓ વચ્ચે કોઈ ભેદ નથી; ભારત હવે આતંકવાદી નેતાઓ અને તેમને આશ્રય આપતી સરકારો સામે સમાન નીતિ સાથે પગલા ભરશે. તેમણે નિર્દેશ કર્યો કે ઓપરેશન સિંદૂર દરમિયાન, દુનિયાએ ફરી એકવાર પાકિસ્તાનની ચિંતાજનક વાસ્તવિકતા જોઈ - પાકિસ્તાનના વરિષ્ઠ લશ્કરી અધિકારીઓએ ખુલ્લેઆમ ખતમ કરાયેલા આતંકવાદીઓના અંતિમ સંસ્કારમાં હાજરી આપી, જે આતંકવાદમાં પાકિસ્તાનની ઊંડી સંડોવણી સાબિત કરે છે. વડાપ્રધાનશ્રીએ પુનઃપુષ્ટિ કરી કે ભારત કોઈપણ ખતરા સામે તેના નાગરિકોની સુરક્ષા માટે નિર્ણાયક પગલાં લેવાનું ચાલુ રાખશે.



તમામ પ્રકારના આતંકવાદ સામેની લડાઈમાં એકતા ભારતની સૌથી મોટી તાકાત છે તે સમજાવતા, વડાપ્રધાનશ્રીએ પુનઃપુષ્ટિ કરી હતી કે આ યુગ યુદ્ધનો નથી, તો આતંકવાદનો પણ નથી. "આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા એ એક સારા અને સુરક્ષિત વિશ્વની ગેરંટી છે", બુદ્ધ પૂર્ણિમાના અવસરે, વડાપ્રધાનશ્રીએ ભગવાન બુદ્ધના ઉપદેશો પર ચિંતન કર્યું, ભાર મૂક્યો કે શાંતિનો માર્ગ શક્તિ દ્વારા માર્ગદર્શન મેળવવો જોઈએ. માનવતાએ શાંતિ અને સમૃદ્ધિ તરફ આગળ વધવું જોઈએ, જેથી દરેક ભારતીય ગૌરવ સાથે જીવી શકે અને વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરી શકે. શાંતિ જાળવી રાખવા માટે ભારત મજબૂત હોવું જોઈએ, અને જ્યારે જરૂર પડે ત્યારે તે શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. તાજેતરની ઘટનાઓએ તેના સિદ્ધાંતોનું રક્ષણ કરવામાં ભારતના દૃઢ સંકલ્પને દર્શાવ્યો છે. પોતાના સંબોધનનું સમાપન કરતાં, તેમણે ફરી એકવાર ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરીને સલામ કરી અને ભારતના લોકોની હિંમત અને એકતા પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કર્યો હતો.

## નવું ભારત માનવતાના દુશ્મનોને કચડી નાખવામાં નહીં અચકાય : PM

ઓપરેશન સિંદૂરના મહત્ત્વના પડાવ બાદ વડાપ્રધાન શ્રી વ્યૂહાત્મક રીતે અતિ મહત્ત્વના એવા આદમપુર એરબેઝ પર વાયુસેનાના જવાનોનો જુસ્સો વધારવા માટે પહોંચ્યા હતા. તેમના જોમસભર અને આત્મીયતાપૂર્ણ સંવાદને કારણે જવાનોના ચહેરા પર સાહસ અને ખુમારીના દર્શન થતા હતા. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, 'ભારત માતા કી જય' માત્ર એક સૂત્ર નથી પરંતુ ભારત માતાની ગરિમાને જાળવી રાખવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકનારા દરેક સૈનિક દ્વારા લેવામાં આવતી





# આપણી સેના ડેટા અને ડ્રોનથી દુશ્મનોનો ખાત્મો બોલાવવા સક્ષમ : PM

શપથ છે, જ્યારે ભારતીય ડ્રોન દુશ્મનના કિલ્લાઓનો નાશ કરે છે, ત્યારે દુશ્મનને ફક્ત એક જ વાક્ય સંભળાય છે - 'ભારત માતા કી જય'. ભારતના સશસ્ત્ર દળોની હિંમત અને દૃઢ નિશ્ચયને પરિણામે લાખો ભારતીયોના હૃદય ગર્વથી ભરાઈ ગયા છે. આજે સશસ્ત્ર દળોની અપ્રતિમ બહાદુરી અને ઐતિહાસિક સિદ્ધિઓને કારણે દરેક ભારતીયનું માથું ગર્વથી ઊંચું થયું છે. ઓપરેશન સિંદૂર કોઈ સામાન્ય લશ્કરી કાર્યવાહી નથી પરંતુ ભારતની નીતિ, ઉદ્દેશ્ય અને નિર્ણાયકતાના ત્રિમૂર્તિની અભિવ્યક્તિ છે. ઓપરેશન સિંદૂરની સફળતાએ રાષ્ટ્રના સંકલ્પને મજબૂત બનાવ્યો છે, દેશને એક કર્યો છે. ઓપરેશન સિંદૂરની દરેક ક્ષણ ભારતના સશસ્ત્ર દળોની શક્તિ અને ક્ષમતાનો પુરાવો છે, સમગ્ર ઓપરેશનમાં નૌકાદળ અને વાયુસેના વચ્ચેનું અસાધારણ સંકલન પ્રશંસાને પાત્ર છે. દાયકાઓ પછી જ્યારે દેશની બહાદુરીની ચર્ચા થશે, ત્યારે આ મિશનનું નેતૃત્વ કરનારા સૈનિકોની સૌથી વધુ ચર્ચા થશે. ઓપરેશન દરમિયાન, દરેક ભારતીય નાગરિક સૈનિકો સાથે મજબૂત રીતે ઊભો રહ્યો, પ્રાર્થના કરી અને અતૂટ સમર્થન આપ્યું.

ભારતીય વાયુસેનાએ હવે ફક્ત શસ્ત્રોથી જ નહીં પરંતુ ડેટા અને ડ્રોનથી પણ દુશ્મનોનો સામનો કરવાની કળામાં નિપુણતા મેળવી લીધી છે. આ એક નવું ભારત છે - એક એવું ભારત જે શાંતિ ઇચ્છે છે પરંતુ જો માનવતા સામે ખતરો ઊભો થાય તો તે વિરોધીઓને કચડી નાખવામાં અચકાશે નહીં.





# OPERATION SINDOOR

## અવિચળ સંકલ્પ, નિર્ણાયક પ્રતિકાર

*લેફ્ટનન્ટ કર્નલ (રી.) ડૉ. કમલપ્રીત સાગી*

### શાંતિભંગનો પ્રયાસ

પહેલગામ જે તેના પ્રાકૃતિક સૌંદર્ય અને આધ્યાત્મિક મહત્ત્વ માટે સુપ્રસિધ્ધ છે, અચાનક જ ત્યાં આતંક મચી ગયો. ભારતીય સુરક્ષા કર્મચારીઓ અને યાત્રાળુઓને નિશાન બનાવીને પાકિસ્તાનનો આ એક યોજનાબદ્ધ હુમલો હતો, જેનાથી દેશ હચમચી ગયો અને સમગ્ર વિશ્વનું ધ્યાન પણ આ હુમલા તરફ દોરાયું. હુમલાની ક્રૂરતાએ નાગરિકોને ભયભીત અને શોકમગ્ન કરી દીધા, કારણ કે શાંત વાતાવરણમાં સપરિવાર વેકેશન માણતા નાગરિકો માટે આ દિવસો ગોઝારા બની ગયા. હૃદયદ્રાવક તસવીરોએ સમગ્ર દેશને હચમચાવી નાંખ્યો. વડાપ્રધાનશ્રીથી લઈને સામાન્ય નાગરીક સુધી સૌમાં આક્રોશ હતો. પહેલગામ હુમલો માત્ર હિંસાનું કૃત્ય નહોતું - તે રાષ્ટ્રીય એકતાના હૃદય પર એક માનસિક પ્રહાર હતો. જેનો હેતુ ભય ફેલાવવો, સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવું, કાશ્મીરની સામાન્ય સ્થિતિને ડહોળવી અને સરહદ પારના તણાવથી ઝઝૂમી રહેલા આ પ્રદેશમાં અશાંતિ અને ઉશ્કેરાટ ફેલાવવાનો હતો.

### સ્ત્રીના સુહાગ અને રક્તના રંગનું સન્માન

પહેલગામ હુમલાના ગણતરીના કલાકોમાં જ ગુપ્તચર એજન્સીઓ સાથે સંકલનમાં ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન શરૂ કર્યું. આ ઓપરેશનનું નામ "સિંદૂર" આપવામાં આવ્યું, લાલ સિંદૂર જે બલિદાન અને પવિત્રતા બંનેનું પ્રતીક છે, આ ઓપરેશન યુદ્ધની ઘોષણા તરીકે નહીં, પરંતુ સ્પષ્ટતા, સ્વસ્થતા, અડગતા અને હિંમતના સમન્વય સાથે શાંતિના દુશ્મનોને કાયમ યાદ રહે તેવો જડબાતોડ જવાબ આપવાના રણનૈતિક પગલા સ્વરૂપે ઘડાયું.

### ઉદ્દેશ

- આતંકી વિચારધારાના ઉદ્ભવસ્થાનને ઓળખી તેનો ખાત્મો બોલાવવો
- સ્લિપર સેલ, હથિયારોનું હેન્ડલિંગ અને સંદેશા વ્યવહારની ચેનલ સહિત આતંકની સંપૂર્ણ ઈકો સિસ્ટિમને નેસ્તનાબૂદ કરવી.
- સામાન્ય નાગરિકજીવનને ખલેલ પહોંચાડ્યા વિના અશાંત વિસ્તારોમાં સુરક્ષા પુનઃસ્થાપિત કરવી.

ઓપરેશન સિંદૂર રૂપે એક એવું ઓપરેશન ડિઝાઈન કરવામાં આવ્યું કે જેમાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા માપદંડોને ખલેલ પહોંચાડ્યા વગર આત્મરક્ષા માટે વ્યૂહાત્મક પગલા ભરવાની સાથે સમયસૂચકતા અને સતર્કતાની સાબિતી આપવાની હતી. સાથોસાથ વિકૃત વિચારધારાવાળા દેશને અત્યાધુનિક સૈન્યશક્તિનો પરચો પણ આપવાનો હતો.

### આત્મરક્ષા માટે મક્કમ નેતૃત્વ, સાહસિક નિર્ણયો

**મુત્સદ્દી અને કૂટનીતિજ્ઞ નેતૃત્વ :** ભારત માટે સૌભાગ્ય છે કે વર્તમાન કેન્દ્રીય નેતૃત્વ મુત્સદ્દી અને કૂટનીતિજ્ઞ છે. હુમલાના જવાબ તરીકે કેન્દ્ર સરકારે સૌ પ્રથમ તો આંતરરાષ્ટ્રીય સ્તરે, રાજદ્વારી આક્રમણ શરૂ કર્યું - દસ્તાવેજો રજૂ કર્યા, વિદેશી રાજદૂતોને અવગત કરાવ્યા તથા ગુનેગારોની વૈશ્વિક નિંદા કરી એક અર્થમાં સમગ્ર વિશ્વ સામે આતંકને આશરો આપતા દેશને ઉઘાડો પાડ્યો. બીજી તરફ સ્થાનિક સ્તરે, તેમણે નાગરિકોને પારદર્શિતા અને સરકાર હંમેશા દેશની સુરક્ષા માટે અડીખમ છે તેની ખાતરી આપી. નાગરિકોને દ્રઢતાપૂર્વક જણાવવામાં આવ્યું કે, આ ઓપરેશન કોઈ રાષ્ટ્ર કે કોઈ દેશના લોકો વિરુદ્ધ નહીં, પરંતુ ફક્ત આતંકવાદ વિરુદ્ધ છે અને રહેવાનું છે. ભારતની શાંત પ્રકૃતિ અને પ્રથમ પ્રહાર ન કરવાની નીતિને નબળાઈ સમજનારા લોકો માટે આ જડબાતોડ જવાબ હતો.

### દેશવાસીઓની દાખલારૂપ એકતા

ભારતના વિભિન્ન શહેરો અને નાના ગામડાઓના નાગરિકોએ પહેલગામ હુમલામાં પોતાનો જીવ ગુમાવી દેનારા દેશબાંધવોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો અને તેમના પરિજનો સાથે આખોય દેશ અડીખમ ઊભો છે તેવો વિશ્વાસ અપાવ્યો. આ પરિસ્થિતિમાં પ્રત્યેક ભારતીય નાગરિકની એકતા દાખલારૂપ રહી. સશસ્ત્ર દળો, રાષ્ટ્રીય નેતૃત્વ માટે સમર્થનની મુક્ત અભિવ્યક્તિથી જુસ્સો વધ્યો.

## સાર્વભૌમત્વ અને સૌહાર્દનું પ્રતીક

ઑપરેશન સિંદૂર સાર્વભૌમત્વ અને સૌહાર્દનું પ્રતિક બન્યું છે. મુખ્ય સમાચાર માધ્યમો, સોશિયલ મીડિયા, હોર્ડિંગ્સ એમ જ્યાં જુઓ ત્યાં ઑપરેશન સિંદૂર બદલ ભારતીય સુરક્ષા દળો પર તેમની વીરતા અને સાહસિકતા માટે અભિનંદન વર્ષા થઈ રહી છે. દેશવાસીઓની સાર્વભૌમત્વ માટેની પ્રબળ ઈચ્છાશક્તિ આ ક્ષણોએ દ્રશ્યમાન થાય છે. અનેક નાગરિકો માટે, આ ઓપરેશન ફક્ત સૈન્ય ઑપરેશન નહીં પણ સંવેદનાત્મક પગલું પણ હતું.

## આંતરરાષ્ટ્રીય ક્ષિતિજ પર સતર્કતાનો સિક્કો

આ ઓપરેશન આંતરરાષ્ટ્રીય સમુદાય પર પણ અમિટ છાપ છોડનારું રહ્યું છે. ભારતે આંતરરાષ્ટ્રીય ક્ષિતિજ પર પોતાની સતર્કતાનો સિક્કો લગાવી દીધો છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, ફ્રાન્સ સહિતના દેશોએ આતંકવાદને વૈશ્વિક ખતરા તરીકે માન્યતા આપીને ભારતના સ્વ-બચાવના અધિકારને સમર્થન આપ્યું. રશિયાએ આતંકવાદના વિરોધમાં સહયોગની પુષ્ટિ કરી. ચીને સાવચેતીભર્યું વલણ અપનાવ્યું, બંન્ને દેશો વચ્ચે સંયમ અને તણાવ ઓછો કરવાનો આગ્રહ કર્યો, પરંતુ હંમેશા મુજબ, પાકિસ્તાને કોઈપણ પ્રકારની વૈશ્વિક સંડોવણીનો ઇનકાર કર્યો અને આ ઓપરેશનને શાંતિના ભંગ તરીકે વખોડ્યું. જો કે તેની વાત કોઈને ગળે ઉતરે તેવી ન હતી. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે, ઓપરેશન સિંદૂર થકી ભારત એક જવાબદાર સત્તા છે - જે પોતાના દેશને રણમેદાનમાં ધકેલ્યા વિના પણ પોતાનો બચાવ કરવા સક્ષમ છે તેની સાબિતી આપી દીધી.

## યુદ્ધ અને ઓપરેશન વચ્ચેની પાતળી ભેદરેખા

યુદ્ધ એ અલગ-અલગ રાષ્ટ્રો અથવા મોટા જૂથો વચ્ચે જાહેર થાય છે, જેમાં લાંબા સમય સુધી અવિરત સંઘર્ષ ચાલતો રહે છે. તે જે-તે દેશના અર્થતંત્ર, નાગરિકો, રાજદ્વારી અને ભૂગોળને પણ વ્યાપક અસર કરે છે. ઓપરેશન એ એક નિર્ધારિત કામગીરી, ચોક્કસ, લક્ષિત મિશન છે જેનો હેતુ મર્યાદિત ઉદ્દેશ્યો - ગુપ્ત રીતે અથવા ખુલ્લેઆમ - પ્રાપ્ત કરવાનો હોય છે. તે ત્વરિત, વ્યૂહાત્મક અને ઘણીવાર ગુપ્ત માહિતી આધારિત હોય છે.

## ભાવિ લક્ષ્યાંકો અને રણનૈતિક આયોજન

- Intelligence modernization અને AI-સંચાલિત યુદ્ધના સાધનોમાં સતત રોકાણ કરવું.
- સરહદ પાર સર્વેલન્સ અને આંતરિક સુરક્ષા ગ્રીડને મજબૂત બનાવવી.
- ઠગો અને અસામાજિક તત્વોને અલગ કરવા માટે રાજદ્વારી શક્તિની ક્ષમતા વધારવી.
- રાષ્ટ્રીય સુરક્ષા અને ડિજિટલ તકેદારી અંગે નાગરિકોને સજાગ કરવા.

"સુહાગની નિશાની સિંદૂર, શૌર્યની નિશાની સેના,
સિંદૂર અને શૌર્યની ગાથાનો તાલમેલ આપતો સંદેશ,
જો ભારત સામે નજર કરી ત્રાંસી,
તો વાટાઘાટો નહીં સીધી આતંકને મળશે ફાંસી,
દેશ આ બુદ્ધનો, સમય આવ્યે યુદ્ધ પણ કરી જાણે છે.

# ઓપરેશન સિંદૂરથી વિશ્વને અવગત કરાવનાર વડોદરાના કર્નલ સોફિયા

ગુજરાતની ધરતીની એક દિકરી, કર્નલ સોફિયા કુરેશી, આજે દેશ માટે ગૌરવનું જીવતું પ્રતિબિંબ બની છે. ભારતીય સેનાની આ બહાદુર મહિલા અધિકારીએ “ઓપરેશન સિંદૂર”ની સફળતા અંગે મીડિયાને સંબોધન કરીને સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ સાથે મળીને કર્નલ સોફિયાએ દેશના રક્ષણ અંગે એક સંયુક્ત પત્રકાર પરિષદ સંબોધી. ઓપરેશન સિંદૂરના વિજય અને સેના દ્વારા લેવામાં આવેલી વ્યૂહરચનાઓની ઝાંખી તેમણે મીડિયા સામે રજૂ કરી. દેશના સુરક્ષાકવચ પાછળ ઊભેલા સેનાનાયકોમાં જ્યારે મહિલા અધિકારીઓના નામ છે, ત્યારે તે સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવની વાત બને છે.



કર્નલ સોફિયા કુરેશી મૂળ વડોદરાના રહેવાસી છે અને એમ.એસ. યુનિવર્સિટીમાંથી 1997માં બાયો કેમેસ્ટ્રીમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું છે. વૈજ્ઞાનિક અભ્યાસ બાદ તેમણે ભારતીય સેના પસંદ કરી અને Corps of Signalsમાં જોડાઈને અનેક સફળતા મેળવી. તેમના પતિ ભારતીય સેનાના અધિકારી છે. બંને દેશની રક્ષા માટે સમર્પિત છે.

2016માં તેઓ ભારતીય દળનું નેતૃત્વ કરવા માટે ASEAN પ્લસ દેશોની મલ્ટીનેશનલ મિલિટરી એક્સરસાઈઝ ‘ફોર્સ 18’માં ભાગ લેનારા 18 દેશોમાં એકમાત્ર મહિલા કમાન્ડર રહી ચૂક્યાં છે. તેઓએ આંતરરાષ્ટ્રીય શાંતિ મિશનમાં પણ મહત્વનું યોગદાન આપ્યું છે. યુનાઇટેડ નેશન્સની પીસકીપિંગ ઓપરેશન્સ અંતર્ગત છ વર્ષની સેવાકાળ દરમિયાન 2006માં તેઓ કોંગોમાં તૈનાત રહ્યા હતા. શાંતિ સ્થાપના અને માનવીય સહાયમાં તેમણે મહત્વનું કામ કર્યું છે. “વિસંવાદિત વિસ્તારોમાં શાંતિ લાવવા માટેનો પ્રયાસ એ મારા માટે ગૌરવની ક્ષણ રહી છે,” તેમનો સ્પષ્ટ સંદેશ છે.



# ભારતીય સશસ્ત્ર દળોનું અભેદ્ય અને અજેય પરાક્રમ

**કેપ્ટન જયદેવ જોશી (નિ.), સંરક્ષણ નિષ્ણાત**

*ઓપરેશન સિંદૂરે વિશ્વને ભારતની સામરિક શક્તિનો પરિચય કરાવ્યો છે. આંતરરાષ્ટ્રીય વાયુ સીમા પાર કર્યા વગર સટીકતાથી આતંકી થાણાંઓ પર વાર, ડ્રોન અને આધુનિક મિસાઈલોના હુમલાઓ સામે આપણાં શહેરો-ગામોમાં નાગરિકોનું રક્ષણ અને પાકિસ્તાન સ્થિત સૈન્ય હવાઈ મથકોને ધ્વસ્ત કરી શકવાની અભેદ્ય અને અજેય મારક ક્ષમતાશક્તિ ભારતની ડિફેન્સ સિસ્ટમ્સ, હથિયારો અને અત્યાધુનિક સૈન્ય ઉપકરણોને આભારી છે. તેમાં પણ સ્વદેશી મિસાઈલો અને ડિફેન્સ સિસ્ટમ્સ જેવી કે આકાશ મિસાઇલ, IACCS (ઇન્ટિગ્રેટેડ એર કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમ), એન્ટી ડ્રોન D-4 સિસ્ટિમે પોતાની ક્ષમતાથી દુશ્મનને ડરાવ્યા છે એટલું જ નહીં સમગ્ર વિશ્વને પ્રભાવિત પણ કર્યું છે. આ રીતે, ભારતની અભેદ્ય રક્ષણ અને અજેય મારકક્ષમતાનો પરિચય કરાવી અર્વાચીન યુદ્ધ ઇતિહાસમાં નવો અધ્યાય લખ્યો છે.*

પહેલગામના આતંકી હુમલાએ આપણાં દેશની બહેનો-દીકરીઓના માથાં પરના સિંદૂરને ભૂંસવાનું દુ:સાહસ કર્યું. ક્રૂરતા અને કાયરતા ભરેલા આ હુમલાથી આક્રોશિત આખો દેશ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ અને તેના ઉદ્‌ભવસ્થાનો પર પ્રચંડ પ્રહાર ઈચ્છતો હતો. આતંકવાદને પોષતા આ થાણાંઓ, તાલીમ કેન્દ્રો, હાઇડ આઉટ્સ (છુપાવાના સ્થળો) પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને પાકિસ્તાનમાં પણ સ્થિત હોય તો તેનો ખાતમો કરવો તેવો જ સ્વર સમગ્ર દેશમાંથી ઊઠી રહ્યો હતો. આશરે બે અઠવાડિયાના સઘન પ્લાનિંગ અને તૈયારીઓ પછી રાષ્ટ્રીય નેતૃત્વએ દેશની સશસ્ત્ર સેનાઓને આ પ્રચંડ પ્રહાર કરવાનું આહવાન કર્યું. આતંકીઓ પરના આ પ્રહારને નામ પણ ખૂબ ઉપયુક્ત અપાયું – **ઓપરેશન સિંદૂર.**

આ ઓપરેશન અંતર્ગત સેનાની ત્રણે પાંખોએ સંકલનમાં રહીને તબક્કાવાર રીતે આતંકના ઠેકાણાંઓ પર પ્રહાર કર્યાં. ઓપરેશન સિંદૂર અંતર્ગત માત્ર ચાર જ દિવસમાં ભારતીય સશસ્ત્ર દળોના શૌર્ય અને શક્તિ થકી આતંકવાદનું વૈશ્વિક નિકાસકાર પાકિસ્તાન આપણાં મિલીટરી ઓપરેશન્સના મહાનિદેશક (DGMO)નો સંપર્ક કરવા અને યુદ્ધવિરામની અરજ કરવા બાધ્ય થયું.

ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન સિંદૂરમાં 'નેક્સ્ટ જનરેશન વૉરફેર'માં કઠિન અને દુર્લભ લાગતી સિદ્ધિઓને 'ન્યુ નૉર્મલ' બનાવીને સહજતાથી અનેક માનકો પર સિદ્ધિઓ હાંસલ કરી છે.

**સટીક અને સુદૂર સ્ટ્રાઈક કરી શકવાની ક્ષમતા :** આ સિદ્ધિને બિરદાવતા વડાપ્રધાનશ્રીએ તેમના રાષ્ટ્રજોગ સંદેશમાં કહ્યું હતું કે, "પાકિસ્તાનકી તૈયારી સીમા પર વાર કી થી; લેકિન ભારતને પાકિસ્તાન કે સીને પર વાર કર દિયા". ભારતે શરૂઆતથી જ સ્પષ્ટ રાખ્યું છે કે અમારો ધ્યેય આતંકવાદી અડ્ડાઓનો ખાતમો છે. ભારત પાકિસ્તાનના નાગરિકોને તો દૂર પણ નાગરિક ઇમારતોને પણ ટાર્ગેટ બનાવવાનું નથી, તે વાત શરૂઆતથી જ સ્પષ્ટ કરી દીધી હતી. આતંકી અડ્ડાઓ રહેણાંક વિસ્તારોમાં સ્થિત હતાં. તેમ છતાં, ભારત માત્ર તેમને જ ટાર્ગેટ બનાવવા કટિબદ્ધ હતું. આ ધ્યેયને પામવા માટે ભારતે 'પ્રિસિશન ટાર્ગેટિંગ' દ્વારા સટીક સ્ટ્રાઇક્સ કરવાની હતી. આપણી ઇન્ટેલિજન્સ એજન્સીઓ દ્વારા પ્રાપ્ત રિપોર્ટ પ્રમાણે આશરે એકવીશ ઠેકાણાંઓ પર આતંકના અડ્ડાઓ ધમધમી રહ્યાં હતાં. ભારતે આમાંના નવ પર એટેક કરી તેમને નેસ્તનાબૂદ કરેલ છે. આ નવમાંથી ચાર તો પાકિસ્તાનમાં હતાં. આ હતાં - સિયાલકોટ સ્થિત સરજાલ કેમ્પ અને મેહમૂના જોયા કેમ્પ કે જ્યાંથી આપણાં પઠાણકોટ એર બેઝ પરના એટેકનું પ્લાનિંગ અને હુમલો લોન્ચ

કરવામાં આવેલ, આંતરરાષ્ટ્રીય સીમાથી પાકિસ્તાન તરફ આશરે ૩૦ કિલોમીટર દૂર મુરીદકે સ્થિત મરકઝ તૈબા કેમ્પ કે જ્યાંથી ૨૦૦૮ ના મુંબઈ આતંકી હુમલોમાં શામેલ આતંકી અજમલ કસાબ અને ડેવિડ હેડલીએ તાલીમ મેળવેલ અને અંતમાં આંતરરાષ્ટ્રીય સીમાથી પાકિસ્તાન તરફ આશરે ૧૦૦ કિલોમીટર દૂર બહાવલપુર સ્થિત મરકઝ સુભાનઅલ્લાહ કે જે ઘોષિત આતંકી સંગઠન જૈશ-એ-મહંમદનું હેડક્વાર્ટર છે. પડકારજનક નિશાનો તાકવા ભારતે અત્યાધુનિક તથા મૂળ ભારતીય હથિયારોનો ઉપયોગ કર્યો.

- **SCALP મિસાઇલ:** દુશ્મનના કોન્ક્રીટ કિલ્લેબંધી યુક્ત બિલ્ડિંગસને ધ્વસ્ત કરવા જાણીતી અને આકાશથી માર કરતી આ ક્રૂઝ મિસાઇલ ત્રણસો કિલોમીટર જેટલી લાંબા અંતર સુધી માર કરી શકવા માટે સક્ષમ છે. આશરે તેરશો કિલોગ્રામ વજન વાળી આ મિસાઈલોએ આતંકી થાણાંઓને ધ્વસ્ત કરી તેમાં છૂપાઈને બેઠા કેટલાય આતંકીઓને ઊંઘમાં જ ખતમ કરી દીધાં.
- **HAMMER બોમ્બ / મિસાઇલ:** એક મજબૂત 'હથોડા' (હેમર) જેવી આ મિસાઇલ તેના નામ જેવાં જ ગુણ ધરાવે છે. HAMMER (હાઈલી એજાઈલ મોડ્યૂલર મ્યુનિશન એક્સટેન્ડેડ રેન્જ) મિસાઇલ આકાશ થી જમીન પર વાર કરે છે અને ચાલુ ફ્લાઇટ દરમિયાન 'એજીલીટી'થી પોતાના ટાર્ગેટને લૉક કરી શકે છે. આ ખૂબીના કારણે તે સ્થિર અને ગતિશીલ બન્ને પ્રકારના ટાર્ગેટને ખતમ કરી શકે છે. ઇન્ફ્રારેડ ઇમેજિંગ અને લેસર ગાઈડન્સથી સટીકતા થી વાર કરનાર આ મિસાઇલ તેની 'એક્સટેન્ડેડ રેન્જ' સાથે ૭૦ કિલોમીટર સુધીના ટાર્ગેટને નિશાન બનાવી શકે છે.

### ન્યૂ એઈજ હથિયારો સામે રક્ષણ કરવાની ક્ષમતા

આપણી વાયુસેનાએ માત્ર આતંકી થાણાંઓને જ નિશાન બનાવેલ પણ જે રીતે વાયુ સેનાના ઓપરેશન્સના મહાનિદેશકે કહ્યું તેમ પાકિસ્તાની સૈન્યએ આતંકવાદ સામેની આ લડાઈને વ્યક્તિગત રીતે પોતાના પરની લડાઈ તરીકે લઈ લીધી અને તેમણે ભારતના સરહદી વિસ્તારોના ગામડાઓ અને શહેરો પર ડ્રોન અને મિસાઇલ વડે હુમલા કરવાનું શરૂ કરી દીધું.

આ સમયે અભેદ્ય સુરક્ષા કવચ પ્રદાન કરતી આપણી એર ડિફેન્સ સિસ્ટિમ કામે લાગી. થોડાં વિદેશી સાધનો અને મહદઅંશે સ્વદેશી એવી આપણી આ એર ડિફેન્સ સિસ્ટમે દુશ્મનની મિસાઈલો અને ડ્રોન દ્વારા થતાં દરેક આકાશી હમલાને આસમાનમાં જ તોડી પાડ્યો. તૂટેલાં ડ્રોન અને મિસાઈલોના અવશેષો આપણાં અભેદ્ય



સુરક્ષા કવચની કારગરતાની કહાની વર્ણવે છે.

પાકિસ્તાનને અનેકવિધ મંચો પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરતાં ચીનની બાજી પણ આપણી એર ડિફેન્સ સિસ્ટમે ખુલ્લી કરી નાખી. ચીન દ્વારા પાકિસ્તાનને અપાયેલ PL-૧૬ મિસાઈલને પણ આપણાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) દ્વારા ડેવેલપ કરેલ અને ભારત ડાયનેમિક્સ લિમિટેડ તેમજ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા અનુક્રમે સૈન્ય અને એર ફોર્સ માટે બનાવવામાં આવેલ આકાશ મિસાઇલ સિસ્ટિમે પાકિસ્તાનની મિસાઈલોને તોડી પાડી.

આ ઉપરાંત આપણી સ્વનિર્મિત IACCS (ઇન્ટિગ્રેટેડ એર કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમ) અને તેની સાથે સલગ્ન એવી D૪ - એન્ટી ડ્રોન સિસ્ટમે પાકિસ્તાન તરફથી મોકલવામાં આવેલ અસંખ્ય ડ્રોનસના ઝૂંડના એટેકને વિફળ કરી દીધા હતા.

ભારતીય સૈન્ય દશકાઓ થી નીવડેલ L-૭૦ એન્ટી એરક્રાફ્ટ ગન અને ZSU-૨૩-૪ શિલ્કા ગન પણ આ ક્ષણે અત્યંત કારગાર નીવડી.

ઓપરેશન સિંદૂરની નોંધ યુદ્ધ કે સશસ્ત્ર ઓપરેશનોના ઇતિહાસમાં આતંકવાદ સામેના સૌથી ઝડપી, સૌથી અસરકારક અને સટીકતાથી પોતાના સર્વે લક્ષ્યોને પાર પામનાર કારગર ઓપરેશનમાં અવશ્ય લેવાશે અને આપણાં પ્રધાનમંત્રીજી એ કહ્યું છે તેમ – "આતંકવાદ સામેની લડાઈના ન્યુ નૉર્મલ" તરીકેના માપદંડો નિશ્ચિત કરશે.




# 'ભારત જોડો અભિયાન' અંતર્ગત 'સર્વધર્મ સમભાવ સભા'નું આયોજન

અલગ અલગ મોતીઓને એક સૂત્રમાં પરોવીએ તો સુંદર માળાનું નિર્માણ થાય છે તેવી જ રીતે મોતી રૂપી અલગ અલગ ધર્મોને એકતાની દોરીથી બાંધતા અખંડ ભારતનું નિર્માણ થાય છે. ભારતમાં ભલે અલગ અલગ ભાષા, ધર્મ, સંપ્રદાય કે વેશભૂષા હોય પરંતુ બધાં એકતાનાં સૂત્રથી બંધાયેલા છે. એકતાની દોરીને વધુ મજબૂત કરવાના ભાવ સાથે રાજભવન ખાતે 'ભારત જોડો અભિયાન' અંતર્ગત આયોજિત સર્વધર્મ સમભાવ સભા યોજાઈ હતી.

આ ઐતિહાસિક અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તમામ ધર્મો અને સંપ્રદાયોના ધાર્મિક આગેવાનો અને પ્રબુદ્ધ પ્રતિનિધિઓને હૃદયપૂર્વક આવકારતાં કહ્યું હતું કે, વિવિધ સમુદાયોના આટલા બધા આદરણીય લોકોનું રાજભવનમાં આગમન આપણી ભારતીય સંસ્કૃતિની સહિષ્ણુતા, એકતા અને આધ્યાત્મિક વારસાનું દર્શન છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું હતું કે, પહેલગામના આતંકી હુમલા બાદ સમગ્ર દેશના નાગરિકોને અપેક્ષા હતી કે આતંકવાદ સામે કઠોર કાર્યવાહી કરવામાં આવે, ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા આંતકવાદીઓનો સફાયો કર્યો છે. આજે આ સભામાં દરેક ધર્મના ધર્મગુરુઓએ ઉપસ્થિત રહીને પોતાના વક્તવ્ય થકી આપણે સૌ ભારતીયો એક છીએ તેવો સંદેશો આપીને ભારતીય સેનાનું મનોબળ અને જુસ્સો વધાર્યો છે તે પ્રશંસનીય છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ જણાવ્યું હતું કે, પ્રવર્તમાન સ્થિતિમાં આતંકવાદની નકારાત્મકતાને દૂર કરી ભારતીય સૈન્યનું મનોબળ વધુ મજબૂત બનાવવા માટે આપણે સૌએ સાથે મળીને લડવાનું છે. સૌ આગેવાનોએ એકતાનું પ્રતીક બનીને ભારત દ્વારા થતી કાર્યવાહીને સમર્થન આપી કોઈ પણ પ્રકારની પરિસ્થિતિમાં દેશના પડખે ઊભા રહેવા એકજૂટ થવાનું છે.

## સર્વધર્મ સમભાવ સભામાં વિવિધ ધર્મના મહાનુભાવો દ્વારા અપાયેલા પ્રાસંગિક ઉદ્‌બોધનના મુખ્ય અંશો :

- **શ્રી દિલીપદાસજી મહારાજ :** મજબૂત નિર્ણય શક્તિના પરિણામે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આતંકવાદને જે મુંહતોડ જવાબ આપ્યો છે તેની સાથે આજે આખો દેશ ઊભો છે. દેશ વિરોધી આ લડાઈમાં સર્વધર્મના નાગરિકો એકસાથે છે.
- **શીખ સમુદાયના પ્રતિનિધિ શ્રી રાજપાલસિંઘ :** યુદ્ધ એ કલ્યાણ નથી પણ આતંક વિરુદ્ધ જવાબ આપવો તે આપણો ધર્મ છે. અનેકતામાં એકતા એ જ ભારતની વિશેષતા રહી છે ત્યારે આ પરિસ્થિતિમાં એકતા જાળવી રાખવી આપણા સૌની પ્રથમ ફરજ છે.
- **મુસ્લિમ સમુદાયના શ્રી આરીફ મુલતાની :** તાજેતરમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરું છું. આપણી બહેનોનું સિંદૂર મિટાવનાર આતંકવાદીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતીય સેના 'ઓપરેશન સિંદૂર' થકી મિટાવવાનું કામ કરી રહી છે તેમની સાથે આખો દેશ ઊભો છે.
- **ઈસાઈ ધર્મના પ્રતિનિધિ શ્રી રેવરન્ટ જુલિયસ :** આપણે દેશહિતમાં જે કરવું પડે તે કરવા તૈયાર છીએ. સૌએ એકસાથે ભારત દેશની રક્ષા કરીને અખંડિતતા જાળવી રાખવા પ્રયત્ન કરવો પડશે.
- **સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી :** આતંકવાદ સમગ્ર માનવતાનો વિરોધી છે ત્યારે યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સબળ નેતૃત્વમાં આપણી સેના દુશ્મનોને જે જવાબ આપી રહી છે તેની સાથે આજે સમગ્ર દેશ ઊભો છે. આતતાઇનો વધ નિશ્ચિત છે.
- **મહામંડલેશ્વર સ્વામી શ્રી રામમનોહરદાસજી :** આપણે સૌએ સાથે મળીને અનેકતામાં એકતાના સંદેશને સાર્થક કરવાનો છે. અમે સૌ દેશ અને દેશની સેના સાથે છીએ.
- **શ્રી મોદીસ કાજી :** ભારતના પહેલગાવમાં થયેલા આતંકી હુમલાનો ભારતીય સેનાએ બહાદુરીથી જવાબ આપ્યો છે. હાલનો સમય દેશ માટે સૌએ સાથે મળીને દેશસેવામાં બનતું યોગદાન આપવાનો છે.
- **પારસી આગેવાન શ્રી ઝેર્સેક રાવ :** પ્રવર્તમાન સ્થિતિમાં માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના પારસી સમુદાયના તમામ નાગરિકો દેશની સાથે છે. દેશસેવાના આ અવસરમાં તેઓ દેશ અને સેનાના પડખે છે.
- **જૈન આગેવાન શ્રીપાલજી :** જૈન સમાજ અહિંસામાં માને છે પરંતુ રાષ્ટ્રધર્મ સર્વોપરી છે ત્યારે દેશસેવામાં અમારાથી બનતી તમામ મદદ કરવાની ખાતરી આપું છું.
- **શીખ આગેવાન શ્રી ઈશ્વરસિંઘ બગ્ગા :** ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે. વિવિધતામાં એકતા એ આપણી સંસ્કૃતિ છે ત્યારે આવી સ્થિતિમાં આપણે સૌએ ધર્મ ભૂલીને ભારતીય બનવાનું છે.
- **શ્રી આર. કે. પટેલ :** દેશની કટોકટીની સ્થિતિમાં અમારા સમાજનો દરેક નાગરિક સરકારની સાથે છે.
- **શીખ આગેવાન શ્રી કાશ્મીરા સિંઘ :** ભારતે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે ત્યારે સૌએ સાથે મળીને ભારતીય બનીને વિશ્વને આપણું સામર્થ્ય બતાવવાનો સમય આવી ગયો છે.
- **શ્રી જતિન્દરપાલ સિંઘ :** તમામ ધર્મ અને તમામ લોકોથી ઉપર છે રાષ્ટ્ર. કોઈપણ ધર્મ હિંસા નથી શીખવતો, પરંતુ હાલની સ્થિતિમાં દેશની રક્ષામાં માટે જે કોઈ પણ પગલાં ભરવામાં આવી રહ્યાં છે તે યોગ્ય છે.
- **શ્રી મૌલવી હબીબ :** સમગ્ર વિશ્વ ભારતને આજે એક મજબૂત રાષ્ટ્ર તરીકે જોઈ રહ્યું છે. આ સ્થિતિમાં ભારત દુનિયાને બતાવી દેશે કે ભારત કેટલો શક્તિશાળી દેશ છે. દેશના દુશ્મન જે ભાષામાં સમજે તેમને તે ભાષામાં જ સમજાવવાનો સમય આવી ગયો છે.
- **દાઉદી વોરા પ્રમુખ શ્રી મુલ્લા કુતબુદ્દીન અખ્તરભાઈ :** દેશ પર આવેલા આ સંકટના સમયમાં અમારા સમાજનો દરેક નાગરિક સરકારની પડખે છે. હવે દેશમાં કોઈ જ ધર્મ નથી હવે તમામ નાગરિકો ભારતીય છે.







## સાવધાની અને સતર્કતાની સમીક્ષા

# મોકડ્રીલમાં ગુજરાતની અભૂતપૂર્વ એકતા

ગુજરાતની સતર્કતા અને સજ્જતાની સમીક્ષા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી. હાઈએલર્ટ પર મૂકવામાં આવેલા ગુજરાતના પાકિસ્તાન સાથે દરિયાઈ, જમીની અને હવાઈ સીમાથી જોડાયેલા જિલ્લાઓની સુરક્ષા-સલામતીની આગોતરી વ્યવસ્થાની વિગતો તેમણે મેળવી હતી. તા. ૭ મે ૨૦૨૫ના રોજ સિવિલ ડિફેન્સ મોક ડ્રિલનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી હતી. જે સંદર્ભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ચીફ સેક્રેટરી શ્રી પંકજ જોષી, એ.સી.એસ. હોમ શ્રી એમ. કે. દાસ અને ડી.જી.પી. શ્રી વિકાસ સહાયની ઉપસ્થિતિમાં તા. ૦૬/૦૫/૨૦૨૫ની સાંજે તમામ જિલ્લાના અધિકારીઓ સાથે વીડિયો કૉન્ફરન્સ યોજીને તમામ તૈયારીઓની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકમાં GEB, અગ્નિશામક, વન, PWD, તબીબી, હોમગાર્ડ, મહેસૂલ, કલેક્ટરશ્રી અને પોલીસ ડિપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ કમિશનર જેવા વિવિધ વિભાગની તૈયારીઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આ અંગે વિગતો આપતા સામાન્ય નાગરિકોએ સંવેદનશીલ પરિસ્થિતિમાં શું કરવું જોઈએ તેની વિગતો આપી હતી.

• ચેતવણી આપવામાં આવે ત્યારે નાગરિકોએ સતર્ક રહી બે પ્રકારનાં સાયરનને સમજવાં જોઈએ. જેમાં **(૧) વૉર્નિંગ સિગ્નલ :** સંભવિત હવાઈ હુમલાનો સંકેત આપતું લાંબું સાયરન વાગશે. **(૨) ઓલ ક્લીયર સિગ્નલ:** ટૂંકો અને સ્થિર સાયરન જે ખતરો પસાર થઈ ગયો છે, તે દર્શાવે છે.

• કોઈ પણ પ્રકારની ઇમર્જન્સી પરિસ્થિતિમાં નાગરિક સુરક્ષાના હેતુથી તમામ બાહ્ય પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરી વૃદ્ધો, બાળકો અને દિવ્યાંગ નાગરિકોને સહાય કરવી જોઈએ. આ ઉપરાંત લિફ્ટનો ઉપયોગ ટાળવો જોઈએ તથા સ્થળાંતર સમયે સીડીનો ઉપયોગ કરવો જોઈએ. • નાગરિક સંરક્ષણ અધિકારીઓ તરફથી રેડિયો અથવા જાહેરાતો દ્વારા સત્તાવાર સૂચનાઓ આપવામાં આવે તેનું પાલન કરો, અફવાઓ કે ખોટી માહિતી ફેલાવવી નહીં તથા જેઓ પ્રક્રિયાઓથી અજાણ છે તેવા પડોશીઓને મદદ અને માર્ગદર્શન આપો. • સિવિલ ડિફેન્સના સામાન્ય સિદ્ધાંતો અનુસાર વિવિધ પ્રકારની કુલ ૧૨ સેવાઓ છે, જે આ પ્રકારની પરિસ્થિતિમાં સક્રિયપણે ભાગ લેશે, જેમાં સિવિલ ડિફેન્સના પ્રશિક્ષિત વૉર્ડન/સ્વયંસેવકોનો સમાવેશ થાય છે. • સિવિલ ડિફેન્સ/જાગૃત નાગરિકો સાયરન/SMS દ્વારા નાગરિકોને પ્રથમ પ્રતિભાવ આપનાર તરીકે

મદદ કરે છે. • સિવિલ ડિફેન્સ જાગૃત નાગરિકો SMS દ્વારા નાગરિકોને હવાઈ હુમલાની માહિતી આપશે. • ફાયર ફાઇટર નાગરિકોને સ્થળ પરથી બહાર કાઢવામાં મદદ કરે છે અને તબીબી ટીમ દ્વારા ફિલ્ડમાં સારવાર આપવામાં આવે છે. PWD કાટમાળ અને જર્જરિત ઇમારતો દૂર કરવામાં અને સ્થળ સાફ કરવામાં મદદ કરે છે. • વન વિભાગનો સ્ટાફ યુદ્ધ સ્થળોએથી પ્રાણીઓને બહાર કાઢવાની કામગીરી કરે છે. • મહેસૂલ અધિકારીઓ દેખરેખ રાખશે. • એકંદર સ્થિતિમાં જિલ્લા કલેક્ટરની દેખરેખ હેઠળ સમગ્ર કાર્યવાહી કરવામાં આવે છે. • પોલીસ ખાતાએ આવી પરિસ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની હોય છે.

## મોકડ્રીલને વ્યાપક નાગરિક સમર્થન

અમદાવાદ શહેર અને જિલ્લામાં ૧૮ સ્થાનો પર મોકડ્રીલ યોજવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પિરાણા સબસ્ટેશન પાવરગ્રીડ, વટવા જીઆઈડીસી, ગણેશપુરા(કોઠ) મંદિર, સાણંદ ખાતેનો ટાટા પ્લાન્ટ, થલતેજ પેલેડિયમ મૉલ ખાતે જ્યારે સિવિલ ડિફેન્સ દ્વારા શહેરના સ્કૂલ, મંદિર, ફાયર સ્ટેશન સહિતના વિસ્તારોમાં મોકડ્રિલ યોજાઈ હતી.

વડોદરાના ત્રણ સહિત ગુજરાતના કુલ ૧૯ સ્થળે સિવિલ ડિફેન્સ મોકડ્રિલ યોજાઈ હતી. સાવલીની મંજુસર જીઆઈડીસી સ્થિત HPCL તેમજ વડોદરા ઓએનજીસી સંકુલ, મોલમાં કવાયત યોજાઇ હતી. પીપલોદના ઈન્ટરનેશનલ બિઝનેસ સેન્ટર, સચીન GIDCની કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ, પલસાણાની સ્પેક્ટ્રમ ડાઈઝ & કેમિકલ લિ, ચોર્યાસી તાલુકાના કવાસ સ્થિત NTPC કવાસ પાવર પ્લાન્ટ, કાકરાપાર અણુમથક અને બારડોલી સુગર ફેક્ટરી-બાબેન ખાતે 'ઓપરેશન અભ્યાસ' મોકડ્રીલ યોજાઈ હતી.

ભરૂચના જીએનએફસીની કોર્પોરેટ ઓફિસ, અંકલેશ્વર ઓએનજીસી વર્કશોપ પરિસરમાં વહીવટીતંત્ર એલર્ડ મોડ પર જોવા મળ્યું હતું. ભાવનગરના ઘોઘા તાલુકાના તગડી સ્થિત ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ ખાતે મોકડ્રીલરૂપે એરસ્ટ્રાઈકની તાલીમ આપવામાં આવી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનાર ખાતે ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશનમાં મોકડ્રીલમાં નાગરીકોએ સહયોગ આપ્યો.

ગીર સોમનાથ જિલ્લાના ફાયર વિભાગ દ્વારા જિલ્લાના વિવિધ છ સ્થળો સાથે ફાયર ટેન્કર સાથે જઈને લોકોને આપાતકાલીન પરિસ્થિતિમાં સ્વબચાવની સમજ અપાઇ હતી. મહેસાણા જિલ્લામાં ધરોઇ ડેમ, દૂધ સાગર ડેરી, વડનગર બેચરાજી મારુતિ પ્લાન્ટ, ઊંઝા એ.પી.એમ.સી જેવા સ્થળોએ મોકડ્રીલનું આયોજન કરાયું હતું. મોરબી જિલ્લામાં પણ સિવિલ ડિફેન્સના ભાગરૂપે નવલખી બંદર અને મોરબી નવા બસ સ્ટેન્ડ ખાતે મોકડ્રીલ યોજાઈ હતી. નવસારી મહાનગરપાલિકા તેમજ ગણદેવી અને બીલીમોરા નગરપાલિકામાં પણ એર સ્ટ્રાઈકની મોકડ્રીલ યોજાઈ હતી. જ્યારે કચ્છ જિલ્લાના ભુજ, નલીયા અને કંડલા પોર્ટ ખાતે નાગરિક સંરક્ષણ મોકડ્રિલ યોજવામાં આવી હતી. ડાંગના આહવા સહિતના વિસ્તારોમાં પણ નાગરીકોને સ્વસુરક્ષાની તાલીમ અપાઇ હતી.









# ભારતીય સેનાના ઓપરેશન સિંદૂરને વધાવવા 'તિરંગા યાત્રા'

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા માં ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં ૧૩ થી ૨૩ મે સુધી રાષ્ટ્રવ્યાપી તિરંગા યાત્રા યોજાઈ રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ભારતીય સેનાનાં આ પરાક્રમને બિરદાવવા અમદાવાદ મહાનગરપાલિકા અને વિવિધ સંગઠનો દ્વારા આયોજિત ભવ્ય તિરંગા યાત્રામાં સહભાગી થયા હતા. તેમણે કહ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂર' કરોડો ભારતવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે. 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. આ આતંકવાદ સામે ભારતની લડાઈની એક જ્વલંત સફળતા છે.

પાકિસ્તાન પ્રેરિત આતંકીઓ અને તેમના આકાઓને તેમની જ જમીન પર ધૂળ ચાટતા કરીને ભારતે પહેલગામ આંતકવાદી હુમલાનો બદલો લીધો છે. એટલું જ નહિ, આખું વિશ્વ ભારતના સૈન્ય અને એરફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થયું છે. આ ઘટનાઓથી રાષ્ટ્રહિત સર્વોપરિનો ભાવ જાગી ઉઠ્યો છે. આપણા સૈન્યએ તિરંગાનું ગૌરવ અને સન્માન વધાર્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહે છે કે, તિરંગો દેશના લોકોને એક સાથે જોડે છે. આ તિરંગા યાત્રા પણ આપણને એકતાના સૂત્રમાં બાંધી રાખીને રાષ્ટ્રહિત પ્રથમના ભાવને જાળવી રાખતો ખૂબ મહત્વનો અવસર છે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે દુનિયાને બતાવી દીધું છે કે ઝીરો ટોલરન્સ અગેઈન્સ્ટ ટેરરિઝમની નીતિને તે કોઈપણ ભોગે વળગી રહેવા પ્રતિબદ્ધ છે.

આપણો તિરંગો સતત ઊંચેને ઊંચે લહેરાતો રહે તે માટે સેનાના જવાનો માતૃભૂમિ માટે ખડેપગે તૈનાત છે, ત્યારે આ તિરંગા યાત્રામાં જોડાઈને તેમનું મનોબળ વધારવાના આ સફળ આયામને તેમણે બિરદાવ્યો હતો.

આ તિરંગા યાત્રામાં રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, અમદાવાદના મેયર સાંસદશ્રી, સ્થાનિક ધારાસભ્યો, વિવિધ સંસ્થાઓના પ્રમુખો, સંતો-મહંતો, અમદાવાદના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.



*તિરંગા યાત્રા :* ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા મા ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા સુરતના ભાગળથી ચોકબજાર કિલ્લા સુધીની તિરંગા યાત્રાને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તિરંગા યાત્રામાં પુરૂષો સિંદૂર તિલક કરી અને મહિલાઓ લાલ સાડી સાથે સેંથામાં સિંદૂર પૂરી જોડાયા હતા. તિરંગા યાત્રામાં 'ભારત માતા કી જય અને વંદે માતરમ્'નો જયઘોષ ગુંજી ઉઠયો હતો.

## સી – ૨૯૫ એરક્રાફ્ટ ઉત્પાદનથી

# વડોદરાને વૈશ્વિક નકશા પર આગવી ઓળખ મળી: CM



વડોદરા ઝડપથી વિકસતું શહેર છે. ગાયકવાડી રાજ્યનું કેન્દ્ર વડોદરા, વર્તમાનમાં પણ અનેક રીતે ખાસ છે. વડોદરાના સર્વાંગીણ વિકાસ અને કુદરતી આપત્તિઓમાં સ્થાનિકોની સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે આગવું આયોજન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરામાં મહાનગરપાલિકાના રૂ. ૧૧૫૬ કરોડના વિવિધ જનસુખાકારી અને જનસુવિધાના ૮૬ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરી રાજ્ય સરકારના વિકાસલક્ષી આયોજનને ગતિ આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના પૂરથી શહેરીજનોને કાયમી મુક્તિ અપાવવા માટે શરૂ કરવામાં આવેલા અભિયાન હેઠળ નદીની વહન ક્ષમતા બમણી કરવામાં આવી રહી છે. વડોદરા વિકાસના નવા આયામો સર કરી રહ્યું છે, દિલ્હી મુંબઈ ગ્રીન એક્સપ્રેસ વે, અમદાવાદ મુંબઇ બૂલેટ ટ્રેઇન પણ વડોદરામાંથી પસાર થવાની છે.આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી સ્પેનની ભાગીદારીથી અહીં સી – ૨૯૫ એરક્રાફ્ટ ઉત્પાદન એકમ શરૂ કરવામાં આવ્યું છે. જે વડોદરાને વિશ્વના એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ નકશા ઉપર અંકિત કરે છે.

તેમણે એ કહ્યું કે, ગુજરાતે ૨૦૪૭ સુધીનો વિકસિત ગુજરાત રોડ મેપ અર્ન વેલ, લિવ વેલના બે મુખ્ય પાયા ઉપર તૈયાર કર્યો છે. વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત બનાવવાના અભિયાનમાં આપણે સૌએ પોતાનું યોગદાન આપવાનું છે. આ પ્રસંગે વિધાનસભાના મુખ્યદંડક શ્રી બાળકૃષ્ણ શુક્લએ સૌને 'ગુજરાત ગૌરવ દિવસ'ની શુભકામનાઓ પાઠવી વડોદરાવાસીઓને નવા વિકાસકાર્યોની ભેટ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### રિવાઇવલ પ્રોજેક્ટની કામગીરીનું નિરીક્ષણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વડોદરા શહેરને વિશ્વામિત્રી નદીના પૂરથી બચાવવા માટે ચાલી રહેલા રિવાઇવલ પ્રોજેક્ટની કામગીરીનું નિરીક્ષણ કરવા મંગલ પાંડે બ્રિજ પહોંચ્યા હતા. અહીં તેમણે વિશ્વામિત્રી નદીની વહન ક્ષમતા વધારવા માટે કરાયેલા કામો નિહાળ્યા હતા. વર્ષ ૨૦૨૪માં વડોદરા શહેરમાં આવેલી પૂરની ત્રાસદી બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સ્થળ મુલાકાત લઇ તુરંત જ વિશ્વામિત્રી રિવાઇવલ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી અને આ માટે વિશેષ કમિટિની રચના કરી હતી.



# ધોલેરા સ્માર્ટ સિટીને સેમીકોન સિટી તરીકે વિકસાવાશે



રાજ્યના વિવિધ વિકાસલક્ષી કાર્યોના મોટા પ્રોજેક્ટસની પ્રગતિ અને કામગીરીના નિરીક્ષણ તથા જરૂરી માર્ગદર્શન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આવા પ્રોજેક્ટસની સાઈટ મુલાકાતનો ઉપક્રમ શરૂ કર્યો છે. તેમણે ધોલેરા SIRના સર્વાંગી વિકાસના કામોની પ્રગતિની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ધોલેરામાં રીવ્યૂ બેઠક પણ યોજી હતી. અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેની ૯૫ ટકા કામગીરી પૂરી થઈ ગઈ છે. ધોલેરામાં રોડ રસ્તા, અંડર ગ્રાઉન્ડ ફેસીલીટીઝ, પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તમામ સુવિધા પૂરી થઈ ગઈ છે અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ICT ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ABCD બિલ્ડીંગ જેવી માળખાકીય સુવિધાના કામો પણ પૂર્ણ થઈ ગયા છે. તેમજ ૩૦૦ મેગા વોટના સોલાર પાર્કની પણ કામગીરી પૂરી થઈ છે. ધોલેરા SIRમાં ભીમનાથ ધોલેરા ફ્રેઈટ રેલ્વે લાઈન, ૧૯૨ બેડની હોસ્પિટલ, ૧૨માં ધોરણ સુધીની શાળા, ફાયર સ્ટેશન અને ઇન્વેસ્ટર્સ માટે આવાસીય સુવિધાના કામો હાલ ચાલી રહ્યા છે.ધોલેરા SIR ખાતે પ્રગતિમાં હોય તેવા ૧૨ જેટલા પ્રોજેક્ટસ ડેવલપર્સે પણ મુખ્યમંત્રીશ્રી સમક્ષ પોતાના પ્રોજેક્ટસની પ્રગતિ તેમજ બાંધકામ આયોજન સહિતના ભવિષ્યના રોડમેપનું પ્રેઝન્ટેશન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ટાટાના અધિકારીઓ સાથેની બેઠકમાં ટાટા ઇલેક્ટ્રોનિક્સનાં સેમિકન્ડક્ટર પ્લાન્ટની મુલાકાત પણ લીધી હતી. તેમણે ધોલેરા સેમિકોન સિટીમાં નિર્માણાધિન હોસ્પિટલ, સ્કૂલ, ફાયર સ્ટેશન, રેસીડેન્સિયલ કોમ્પ્લેક્સ, ટેન્ટ સિટી અને ફૂડ કોર્ટ સહિતના સ્થળોની મુલાકાત લીધી હતી. તેમણે ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ પર રૂ.૧૩૫૦ કરોડના ખર્ચ સાથે નિર્માણ થઈ રહેલા કાર્ગો બિલ્ડીંગ, ટર્મિનલ બિલ્ડીંગ અને રન-વે નિર્માણની સમીક્ષા કરી હતી.

# છત્રાલમાં કડવા પાટીદાર સમાજ કેમ્પસ અને નેચરોપથી સેન્ટરનું લોકાર્પણ

છત્રાલમાં મોટાબાર કડવા પાટીદાર સમાજ સુધારક મંડળના કેમ્પસનું લોકાર્પણ અને નેચરોપથી સેન્ટરનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમમાં તેમણે વિકસિત ભારત અને વિકસિત ગુજરાત માટે સહભાગી બનવા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા નવ સંકલ્પોને ચરિતાર્થ કરવા સૌને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સંસ્થા નવ સંકલ્પો પૈકી કેચ ધ રેઇન, સ્વછતાને સ્વભાવ બનાવીએ, એક પેડ માં



કે નામ આહવાનથી વૃક્ષોનું વાવેતર કરીએ, પ્રાકૃતિક ખેતી જેવા સંકલ્પો સાથે અન્યોને પણ માર્ગદર્શન આપે. પ્રાકૃતિક ખેતી આજના સમયની માંગ છે. રાજ્યમાં મોટા ભાગના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. દમ્પુ કેમ્સ અને સમત્વ નેચરક્યોર સેન્ટરમાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ શરીરના મૂળભૂત ઘટકોને ધ્યાન રાખીને સ્વાસ્થ્યની જાળવણી કરવામાં આવશે. જેમાં હાઇડ્રોથેરાપી, મડથેરાપી, હેલિયોથેરાપી, પ્રાણાયામ સહિત આયુર્વેદ, નેચરોથેરાપી, યોગ અને ધ્યાન, ફિઝીયોથેરાપી, પંચકર્મ, મસાજ અને બોડી થેરાપી, આહાર અને જીવન શૈલી ફાસ્ટિંગથેરાપી, એક્યુપ્રેશર, એક્યુપંકચર સહિતની વિવિધ પદ્ધતિઓ પર વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.




# ગુનાખોરી ડામવા ગુજરાત પોલીસના બે પોર્ટલ શરૂ

ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને કન્વિક્શન માટે સમયાનુકૂળ બદલાવો લાવીને સ્ટ્રીટ સ્પેસથી લઈને સાયબર સ્પેસ સુધી ગુનાખોરી ડામવા માટેની ગુજરાત પોલીસની સજ્જતાને વધુ વેગ આપતાં બે પોર્ટલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોન્ચ કર્યા હતા. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સિટીઝન સેન્ટ્રિક સર્વિસીસથી સરકારી કચેરીઓમાં લોકોની વિશ્વસનીયતા વધે અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેવા આશયથી આ પોર્ટલ લોન્ચ કર્યા હતા. આ પોર્ટલ લોન્ચ થવાના પરિણામે સામાન્ય નાગરિકોને પોલીસ સ્ટેશન જવામાંથી રાહત આપતી ઓનલાઇન સુવિધાઓ ઇઝ ઓફ ગવર્નન્સના અંતર્ગત મળતી થશે. તેમણે સાયબર ક્રાઇમ રિફંડ પોર્ટલ "તેરા તુઝકો અર્પણ"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

નાણાકીય સાયબર ક્રાઇમને લગતી ફરિયાદોના આધારે ફ્રિઝ થયેલા બેંક ખાતાને પુનઃ કાર્યરત અનફ્રિઝ કરાવવા માટેની ઓનલાઇન એપ્લિકેશન અને પોલીસમાં FIR દાખલ કરનાર ફરિયાદીને તપાસની પ્રગતિથી અપડેટ રાખતા I-PRAGATI પોર્ટલ પણ તેમણે લોન્ચ કર્યા હતા.

## i-PRAGATI પોર્ટલ

સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો(એસ.સી.આર.બી.) તરફથી ઈ-ગુજકોપમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે, આ ચારે તબક્કાની કામગીરી જયારે પણ પૂર્ણ થાય ત્યારે દાખલ થયેલી FIRના ફરીયાદીને સિસ્ટમ જનરેટેડ એસ.એમ.એસ. મળી જાય છે. આથી ફરીયાદી તપાસની પ્રગતિથી સંપૂર્ણપણે વાકેફ રહે છે. આ સિસ્ટમ I-PRAGATI એટલે કે, ઇન્વેસ્ટિગેશન પ્રોગ્રેસ રિપોર્ટ થ્રુ ઓટોમેટીકલી જનરેટેડ એક્યુરેટ એન્ડ ટાઇમલી ઇન્ફોર્મેશનનો પાયલેટ પ્રોજેકટ સફળતાપૂર્વક પૂર્ણ કરીને હવે તેનો રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રીશ્રીના હસ્તે થયો.

## સાયબર ક્રાઈમ રિફંડ પોર્ટલ "તેરા તુઝકો અર્પણ"

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમીત શાહે તા.૦૩/૧૦/૨૦૨૪ના રોજ "તેરા તુઝકો અર્પણ" પોર્ટલનું અમદાવાદ શહેર ખાતે અનાવરણ કર્યુ હતું. સાયબર ક્રાઈમના ભોગ બનેલા નાગરિકોએ ગુમાવેલા નાણાંને લોક અદાલત દ્વારા પરત અપાવવાની કામગીરી વધુ ઝડપી બને તેવા ઉદ્દેશ્યથી આ પોર્ટલ સાયબર ક્રાઇમ અમદાવાદ શહેર દ્વારા બનાવવામાં આવેલું છે. આ પોર્ટલથી નાગરિકોને અને પોલીસ સ્ટેશન બન્નેને ફાયદો થાય છે.

## અનફ્રિઝ એપ્લિકેશન

મુખ્યમંત્રીશ્રીએ અન્ય એક એપ્લિકેશન લોન્ચ કરી છે. આ એપ્લિકેશન ફ્રિઝ થયેલ બેંક એકાઉન્ટ અનફ્રિઝ કરાવવા માટે સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, સી.આઇ.ડી. ક્રાઇમ, ગાંધીનગર ખાતે ઓનલાઇન અરજી થઈ શકે તે હેતુથી બનાવવામાં આવી છે. રાજ્ય પોલીસ દ્વારા કાર્યરત થનારા આ અનફ્રિઝ ઓનલાઈન એપ્લિકેશનની મદદથી અરજદારે બેંક એકાઉન્ટ અનફ્રિઝ કરવાની અરજી માટે ભારતના અલગ-અલગ રાજ્યમાંથી રૂબરૂ હાજર રહેવાની જરૂર પડતી નથી. અરજદાર ઓનલાઇન અરજી કરી પોતાનો અરજી નંબર મેળવી શકે છે. અરજદાર પોતાના સંપર્ક નંબર, વોટ્સ એપ નંબર મારફતે ઘરેબેઠાં જ અરજીનું ફોલોઅપ સ્ટેટસ જાણી શકે છે. આ એપ્લિકેશનનો ઉપયોગ કરીને અરજદાર જાતે ઓનલાઇન અરજી કરી શકે છે એટલે અન્ય કોઇ માણસની જરૂરિયાત રહેતી નથી તેમજ સમય અને નાણાંનો વ્યય થતો નથી અને સંપૂર્ણ કાર્યવાહીમાં પારદર્શકતા જળવાઇ રહે છે.


# છત્તીસગઢનું પ્રતિનિધિ મંડળ શુભેચ્છા મુલાકાતે



નીતિ અને રીતિથી ગુજરાત દેશના રોલમૉડેલ તરીકે પ્રસ્થાપિત છે. ગુજરાતની શ્રેષ્ઠ કાર્યપદ્ધતિના આદાન-પ્રદાન માટે અન્ય રાજ્યોનાં પ્રતિનિધિ મંડળો સમયાંતરે મુલાકાત લેતા હોય છે. છત્તીસગઢ રાજ્યના કવર્ધા જિલ્લા તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ અને ગ્રામીણ ખેડૂતોના ૨૬ સભ્યોના પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિમંડળ છત્તીસગઢ રાજ્યમાં જિલ્લા સંકલિત ગ્રામીણ વિકાસ વ્યૂહરચના અંતર્ગત ગુજરાત મૉડલ પર તેમના રાજ્યમાં ગ્રામીણ વિકાસમાં ઇનોવેશન અને અસરદાર યોજનાકીય અમલના વ્યાપ અને વિસ્તરણમાં ટૅકનોલૉજીના ઉપયોગ અંગેના અભ્યાસ નિરીક્ષણ માટે એક સપ્તાહની ગુજરાત મુલાકાતે આવ્યું છે. છત્તીસગઢના કવર્ધા જિલ્લા વહીવટી તંત્રની આ ટીમમાં કબીરધામ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ-પ્રમુખ ઉપરાંત ૧૨ જેટલા ખેડૂત પ્રતિનિધિઓ અને રાજ્ય સરકારના અધિકારીઓ સહિતના સભ્યો સામેલ હતા.

છત્તીસગઢ પ્રતિનિધિ મંડળના સભ્યોએ ગુજરાતની નવતર વિકાસ પ્રણાલીની સફળતા વિશે જાણવામાં રસ દાખવ્યો હતો. આ પ્રતિનિધિ મંડળે તેના સાપ્તાહિક પ્રવાસ દરમ્યાન આણંદ એન.ડી.ડી.બી.(NDDB)ની મુલાકાત કરીને ડેરી વિકાસ, બાયોગેસ પ્લાન્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં ઇન્સ્ટિટ્યૂશનલ એક્સપોઝરની વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ ઉપરાંત, બારડોલીની સુગર ફૅક્ટરીની મુલાકાત લઈને શેરડી પાક ઉત્પાદન અંગે ફિલ્ડ વિઝિટ, ખાંડસરીમાં શેરડી પ્રોસેસિંગ, બેસ્ટ પ્રેક્ટિસીઝ અને ખાંડસરી એકમોનાં ઑપરેશન્સથી વાકેફ થયા. છત્તીસગઢ પ્રતિનિધિ મંડળના સૌ સભ્યોએ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરીને તેમને સ્મૃતિચિહ્નથી નવાજ્યા હતા.

# “દાદા, તમે અમારી સ્કૂલમાં ક્યારે આવશો ?”



ગુજરાતને વહીવટી કુનેહ અને વાત્સલ્યભીનો સ્વભાવ ધરાવતું નેતૃત્વ સતત મળવું તે સદ્ભાગ્ય છે, તેમાંય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તો તેમના મૃદુ સ્વભાવ માટે ખૂબ પ્રશંસા પામ્યા છે. રાજ્યમાં વસતાં બાળકોથી માંડીને વડીલો સહુ તેમને દાદાના હુલામણા નામથી સંબોધે છે. તાજેતરમાં તેમની વડીલસહજ વાત્સલ્યતાનો પરિચય મળ્યો. રાજ્યની પ્રાથમિક, માધ્યમિક શાળાઓની વ્યવસ્થાપન સમિતિઓના સભ્યો સાથેના વીડિયો સંવાદ દરમિયાન બનાસકાંઠાના ઉત્તમપુરા ગામની પ્રાથમિક શાળાની ધોરણ-૧માં અભ્યાસ કરતી સાન્યા પ્રજાપતિ નામની બાળકીએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકનું પઠન કર્યું હતું. તેણે મુખ્યમંત્રીશ્રીને સહજ સંવાદ કર્યો કે “દાદા તમે અમારી સ્કૂલમાં ક્યારે આવશો અમને મળવા?” મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ દીકરીને વડીલસહજ ભાવે કહ્યું હું જ્યારે ત્યાં આવીશ ને ત્યારે તને મળવા આવીશ. તેમની આ સાહજિકતા જોઈને SMCના સભ્યો પણ આનંદિત થયા હતા.








# ગુજરાત શ્રેષ્ઠ સુવિધાઓને કારણે 'બેસ્ટ ચોઇસ ઓફ ઇન્વેસ્ટમેન્ટ' બન્યું : CM

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવા કમર કસી રહ્યું છે. તેમના નેતૃત્વમાં દેશનો આર્થિક અને ઔદ્યોગિક વિકાસ વેગવંતો બન્યો છે. વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલા 'મેક ઇન ઇન્ડિયા' અભિયાનના લીધે ભારતના ઉત્પાદકોએ ગ્લોબલ માર્કેટમાં નવી છાપ ઊભી કરી છે. દેશનું ગ્રોથ એન્જિન બનવા માટે ગુજરાત પણ સજ્જ છે. અનેક વૈશ્વિક ઉદ્યોગસમૂહો ગુજરાતમાં તેમનાં ઉત્પાદન-કેન્દ્રો સ્થાપી ચુક્યા છે. તેવામાં આ યાદીમાં વધુ એક નામ ઉમેરાયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાણંદ જીઆઈડીસીમાં ટ્રુત્ઝ્લર ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડના નવીન પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા અને સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ'નો નવો કાર્યમંત્ર આપ્યો છે. ₹૪૦૦ કરોડના ખર્ચે અપડેટ કરીને શરૂ કરવામાં આવેલો ટ્રુત્ઝ્લરનો આ નવો પ્લાન્ટ ટેક્સટાઇલ મશીનરી ક્ષેત્રે આ કાર્યમંત્રને સાકાર કરવા સાથે રાજ્યના ટેક્સટાઇલ ક્ષેત્ર અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવાની દિશામાં મહત્ત્વનું યોગદાન આપશે. ગુજરાત, ઔદ્યોગિક ક્ષેત્રે વિશ્વના નકશે અંકિત થાય અને રાજ્યમાં મૂડીરોકાણ વધે એવા ઉમદા ઉદ્દેશ સાથે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ શરૂ કરાવીને વિકાસના નવા અધ્યાયનો પ્રારંભ કરાવ્યો હતો, જેના પરિણામે આજે ગુજરાત દેશની જીડીપીમાં ૮.૩ ટકાના યોગદાન સાથે દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

વીજળી, પાણી, રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રૉ-પીપલ પૉલિસી અને સ્કિલ્ડ મેનપાવરના કારણે વિશ્વના ઉદ્યોગ રોકાણકારો માટે ગુજરાત 'બેસ્ટ ચોઇસ ઓફ ઇન્વેસ્ટમેન્ટ' બન્યું છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેક્ટર સ્પેસિફિક પૉલિસીના લીધે ગુજરાત પૉલિસી ડ્રિવન સ્ટેટ બન્યું છે, જેના લીધે રાજ્યમાં ઉદ્યોગોનો અપ્રતિમ વિકાસ શક્ય બન્યો છે. કાપડના ઉત્પાદન અને વેપાર ક્ષેત્રે ગુજરાત સદીઓથી મહત્ત્વનું કેન્દ્ર રહ્યું છે તથા ટેક્સટાઇલ સ્ટેટ ઓફ ઇન્ડિયા અને ડેનિમ કેપિટલ તરીકે જાણીતું છે .૨૦૧૭માં ગારમેન્ટ અને એપરલ ઉદ્યોગો માટે ૫ વર્ષની ખાસ નીતિ જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૧૯માં ગારમેન્ટ પૉલિસીની સમીક્ષા કરીને નવી પૉલિસી જાહેર કરવામાં આવી હતી. એ જ દિશામાં વિકસિત ભારતના નિર્માણમાં ટેક્સટાઇલ ક્ષેત્રને પૂરક બનાવવાના ઉદ્દેશ સાથે ટૅક્સટાઇલ પૉલિસી ૨૦૨૪ જાહેર કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રી દ્વારા આપવામાં આવેલા નવ સંકલ્પને અપનાવીને સૌને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

# એક્સપર્ટથી લઈને અર્થશાસ્ત્રી સુધી સૌ ગુજરાતથી પ્રભાવિત : CM

**આપણું ગુજરાત, આગવું ગુજરાત,**
**અનોખું ગુજરાત, અણમોલ ગુજરાત...**

દરેક ગુજરાતી માટે ગુજરાત પ્રત્યેની લાગણી બેજોડ છે. આ ભૂભાગ માટે લાગણીનો નાતો અમૂલ્ય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના ૬૫મા ગૌરવવંતા સ્થાપના દિવસની લાગણીસભર શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ પાઠવેલો પ્રજાજોગ સંદેશ અક્ષરશઃ આ પ્રમાણે છે.

સૌને નમસ્કાર, ગુજરાતના ૬૫મા ગૌરવવંતા સ્થાપના દિવસની સૌ ગુજરાતીઓને ખૂબ ખૂબ શુભકામનાઓ.. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામજીકૃષ્ણ વર્મા, રવિશંકર મહારાજ, ઇન્દુચાચા, વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા લોકસેવકોની પૂણ્યભૂમિ એટલે ગુજરાત. આઝાદી સંગ્રામના શૌર્યભર્યા ઇતિહાસની ભૂમિ એટલે ગુજરાત. ૧૯૬૦માં અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવેલા ગુજરાતની યશગાથા અને સમૃદ્ધ વારસામાં દરેક ગુજરાતીનું યોગદાન છે. નામી-અનામી જેણે-જેણે ગુજરાતના ઘડતરમાં યોગદાન આપ્યું છે તે સૌના સ્મરણનો અવસર આ ગુજરાત ગૌરવ દિવસ છે.

ગુજરાત આજે વિકાસની એવી ઊંચાઈ પર છે કે વિશ્વ આખું ગુજરાત તરફ આકર્ષાયુ છે. **'ડગલું ભર્યું કે ના હટવું'**ની કવિ નર્મદની પંક્તિઓ ચરિતાર્થ કરીને ગુજરાતે વિકાસ માર્ગે મક્કમતાથી ડગ માંડયાં છે. દેશ અને દુનિયાનાં વિકસિત રાષ્ટ્રોના એક્સપર્ટ હોય કે અર્થશાસ્ત્રીઓ, સૌ કોઈ ગુજરાતની અવિરત વિકાસયાત્રાથી પ્રભાવિત છે. આ વર્ષનો ગુજરાત ગૌરવ દિવસ આપણા માટે પથદર્શક છે. એક દાયકા પછી ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાનો હીરક મહોત્સવ આપણે ઊજવવાના છીએ. ૨૦૨૫થી ૨૦૩૫ના આ આખાય દાયકાને "ઉત્કર્ષ ગુજરાત હીરક મહોત્સવ" તરીકે ઊજવવાનો રોડ મેપ આપણે તૈયાર કર્યો છે. આ હીરક મહોત્સવ ગુજરાતીઓના સન્માન સાથે સમૃદ્ધ ઇતિહાસ તથા સાંસ્કૃતિક મૂલ્યોની ઉજવણીનો જન ઉત્સવ બનાવવાની નેમ છે.

એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે, ૧૯૬૦ થી ૨૦૦૦ના ચાર દાયકામાં ગુજરાત જ્યાં હતું ત્યાંથી પાછલા અઢી દાયકામાં અનેકગણું આગળ વધી ગયું છે. આ વિકાસના પાયામાં છે ૨૦૦૧થી ગુજરાતને મળેલી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ. વિકાસની રાજનીતિનો નવો યુગ ગુજરાતે વિકસાવ્યો છે અને વિકાસનું રોલ મોડેલ બની ગયું છે. વડાપ્રધાન શ્રી મોદીસાહેબના દિશાદર્શનમાં દેશના આ અમૃતકાળમાં હવે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો આપણો નિર્ધાર છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત@૨૦૪૭ના નિર્માણમાં સુશાસનની પણ એટલી જ મહત્ત્વની ભૂમિકા છે. આપણે સુશાસનની દિશા અને બંધારણનાં મૂલ્યોને સુપેરે જાળવી રાખીને રાષ્ટ્ર નેતાઓની પ્રેરણા તથા આશીર્વાદ સાથે વિકાસની યાત્રા અવિરત જારી રાખવી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે ઘડેલા સંવિધાનના ૭૫ વર્ષની ગરિમામય ઉજવણી, સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતી અને ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી, ગુડ ગવર્નન્સના પ્રણેતા સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીજીનું જન્મ શતાબ્દી વર્ષ. આ બધી જ ઉજવણીઓથી રાષ્ટ્રહિત પ્રથમનો ભાવ જન-જનમાં જગાવવો છે.

૨૦૪૭માં દેશની આઝાદીની શતાબ્દી ઉજવીએ ત્યાં સુધીના ૨૫ વર્ષનો કાલખંડ અમૃતકાળ સાથે કર્તવ્યકાળ પણ છે. આ કર્તવ્ય કાળમાં વિકસિત ભારત@૨૦૪૭માં ગુજરાત અને ગુજરાતીઓ પોતાનું સંપૂર્ણ યોગદાન આપવા સજ્જ છે. આજે જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ કલાક સતત થ્રી ફેઇઝ વીજળી રાજ્યના અંતરિયાળ વિસ્તારોનાં ગામો સુધી મળી રહી છે. વીજળી ઉત્પાદનની ક્ષમતા ૮૭૫૦ મેગાવૉટમાંથી વધીને લગભગ ૫૩ હજાર મેગાવોટ થઈ છે. ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે. જ્યાં ગેસ ગ્રીડ, વોટરગ્રીડ અને ઇલેક્ટ્રિસિટી ગ્રીડનું નિર્માણ થયું છે. વીજળી, પાણી સાથોસાથ આરોગ્ય સેવાઓ, શિક્ષણ અને અન્ય સામાજિક સેવાઓમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સમ્યક અને સર્વ સ્પર્શી વિકાસ કેવો

હોય તેનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે પૂરું પાડ્યું છે.

ગરીબ, અન્નદાતા-ખેડૂત, યુવાશક્તિ અને મહિલા એમ જ્ઞાનશક્તિ આધારિત વિકાસનો ધ્યેય સાકાર કરવાની દિશા લીધી છે. આદિજાતિ હોય કે ગરીબ, વંચિત, છેવાડાનો માનવી હોય, કલ્યાણકારી યોજનાઓના લાભ દરેક લાભાર્થીને ૧૦૦ ટકા પહોંચે છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં આપણે સેચ્યુરેશન એપ્રોચ અપનાવ્યો છે. ઔદ્યોગિક-સાંસ્કૃતિક-સામાજિક વિકાસની સાથે આપણે વર્લ્ડ ક્લાસ અર્બન ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાનો નિર્ણય કર્યો છે. ૨૦૪૭ સુધીમાં ૭૦ ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે એવા અંદાજ સાથે અર્બન પ્લાનિંગ કર્યું છે.

ગુજરાત વિકાસનું જે રોલમોડલ બન્યું છે, તેને વિકસિત ગુજરાત @૨૦૪૭ દ્વારા આપણે વધુ નવી ઊંચાઈ આપવી છે. આ માટે વિકસિત ગુજરાત@૨૦૪૭ વિઝન ડોક્યુમેન્ટથી સંપૂર્ણ યોગદાન આપવા કમર કસી છે. દેશમાં આવું વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરનારા પ્રથમ રાજ્યનું ગૌરવ આપણે મેળવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીના થયેલા અવિરત વિકાસને પાયામાં રાખીને આ વિઝન ડોક્યુમેન્ટમાં દેશના અમૃતકાળનાં આગામી ૨૫ વર્ષ માટે રાજ્યના ભાવિ વિકાસના લક્ષ્યાંકો નિર્ધારિત કર્યા છે. આર્થિક વિકાસના યોગ્ય સંસાધનો, આવકના સ્રોત સૌને ઉપલબ્ધ કરાવીને દરેક પરિવારની આર્થિક સમૃદ્ધિને અર્નિંગ વેલથી સુનિશ્ચિત કરવાનું લક્ષ્ય છે. પરંપરાગત ઉદ્યોગોથી આગળ વધીને આપણે રાજ્યમાં હાઇટેક ઇન્ડસ્ટ્રીઝ સ્થાપનાને વેગ આપ્યો છે. સેમિકન્ડક્ટર જેવાં નવાં ક્ષેત્રો માટે નીતિ-નિર્માણના પરિણામે રાજ્યમાં ત્રણ-ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટ આકાર લઈ રહ્યા છે. AI આધારિત ઉદ્યોગોને વેગ આપવા માટે ગિફ્ટ સિટી ખાતે એ.આઇ. સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરી છે.

રાજ્યમાં હાઈ વેલ્યૂ જોબ ક્રિએશન માટે આપણે ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પૉલિસી તાજેતરમાં જ જાહેર કરી છે. ગિફ્ટ સિટી ખાતે ઇન્ફિનિયન ટૅકનોલૉજીનું ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પણ કાર્યરત થયું છે. રાજ્યના સર્વગ્રાહી વિકાસમાં ઇન્ફ્રાસ્ટ્ક્ચર ડેવલપમેન્ટની પણ એટલી જ મહત્ત્વની ભૂમિકા છે. નીતિ આયોગની મદદથી સુરત અને તેની આસપાસના વિસ્તારના સ્ટ્રેટેજિક ડેવલોપમેન્ટ માટે સુરત ઇકોનોમિક રિજિયન ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના અન્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પણ આવા માસ્ટર પ્લાન બનાવવાનું આપણું આયોજન છે. વિકાસની તકો વધારવાની સાથે સાથે લોકોનું જીવનધોરણ સરળ બને તે માટે આપણે લિવિંગ વેલ પર ફોકસ કરીને આયોજનબદ્ધ રીતે આગળ વધી રહ્યા છીએ. અર્નિંગ વેલ અને લિવિંગ વેલની વિભાવના સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે પર્યાવરણ અનુકૂળ વિકાસનું આપણું લક્ષ્ય છે.

પર્યાવરણ જાળવણીથી ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવાની આદરણીય વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને પ્રેરણા આપી છે. ગુજરાતે એનો પ્રતિસાદ આપતાં વરસાદી પાણીના સંગ્રહ અને સંચય માટે 'કેચ ધ રેઇન'ની રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરી છે. એક પેડ માં કે નામ' અન્વયે વધુને વધુ વૃક્ષો વાવીને ધરતી માતાને હરિયાળી કરવાનો નિર્ધાર આપણે કર્યો છે. મહાનગરોમાં અર્બન ફોરેસ્ટ ઊભાં કરવાના છીએ. આપણા અમદાવાદે તો ૭૦ લાખથી વધુ વૃક્ષો વાવીને એ દિશામાં આગવું ઉદાહરણ પુરું પાડ્યું છે.

ગુજરાતને અમૃતકાળમાં દેશ અને દુનિયાને વિકાસનું દિશાદર્શન કરાવનારું મોડેલ સ્ટેટ બનાવવું છે. આપણો તો એક જ સંકલ્પ છે-ગુજરાત વિકાસના દરેક ક્ષેત્રમાં પ્રથમ ક્રમે રહે. આજના ગુજરાત ગૌરવ દિવસે વિકસિત ભારત@૨૦૪૭ માટે વિકસિત ગુજરાતનો અને ગુજરાતના વિકાસ માટે સમર્પિત થવાનો સૌ સાથે મળીને સંકલ્પ કરીએ. ફરી એક વાર, સૌને ગુજરાત ગૌરવ દિવસની અનેક અનેક શુભેચ્છાઓ.



# ‘પાવનધરા પંચમહાલમાં ગૌરવ દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી’




‘ગિરિચટ્ટાન સમાણી છાતી
જલધિતરંગ નાથે મદમાતી,
રમે વિદેશે સાહસ-રાતી
સદાજાગરૂક જગતનાગરિક સાગરતીર્થ નિવાસી.
હું ગુર્જર ભારતવાસી.’

મૂર્ધન્ય કવિ અને ગુજરાતી ભાષાનું અમૂલ્ય ઘરેણું શ્રી ઉમાશંકર જોશીએ ગુજરાતીની ઓળખ આપતી આ પંક્તિઓ કાગળ પર ઉતારી છે. અનેક ગુજરાતીનાં ગુણગાન આજે વિશ્વ સ્તરે ગવાઈ રહ્યાં છે. આઝાદ ભારતના ઇતિહાસમાં મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલનાં નામો સુવર્ણ અક્ષરે લખાઈ ગયાં છે. જ્યારે વિકસિત ભારતના સ્વર્ણિમ ઇતિહાસમાં આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નામ મોખરે રહેવાનું છે. આ મહાનુભાવોના જીવનમાં સ્વથી ઉપર ઊઠી સર્વનો વિચાર કરવાની આ ભાવનાનું સૌથી મહત્ત્વનું પરિબળ ગુજરાતની ભૂમિ છે. ગુજરાતની પ્રજા જમીનમાંથી ધાન, ફળ, ફૂલ ઉગાડવાની સાથે સાહસિકતા, શૌર્ય, વીરતા, અડગતા પણ ઉગાડે છે.

પુરાતત્ત્વીય રીતે જોવા જઈએ તો ગુજરાતની ધરતીનો ઇતિહાસ યુગો પુરાણો છે. પરંતુ ૧ મે, ૧૯૬૦ના લોકસેવક રવિશંકર મહારાજે ભારતના ઇતિહાસમાં એક અજોડ પૃષ્ઠ ઉમેરતાં એક આગવા પ્રદેશને રાહ ચીંધ્યો... જે છે, આપણું ગુજરાત. મુંબઈ રાજ્યમાંથી છૂટો પડેલો આ વિસ્તાર અહીંનાં લોકો, લોકમાનસ અને લોકસંસ્કૃતિ થકી આજે વિશ્વના નકશામાં ભારતનું અદ્વિતીય આભૂષણ બની ચૂક્યો છે.

આપણે ભારતીયો એટલા ભાગ્યશાળી છીએ કે, ૧૫મી ઑગસ્ટ રૂપે આપણે સ્વાતંત્ર્ય દિવસ ઉજવીએ, ૨૬મી જાન્યુઆરીએ આપણે ગણતંત્ર દિવસ ઉજવીએ અને જે રાજ્યમાં વસતાં હોઈએ તે રાજ્યનો સ્થાપના દિવસ ઉજવીએ. એટલે કે ત્રિરંગાના ત્રણ રંગોની જેમ આ રાષ્ટ્રીય અને રાજ્યસ્તરીય પર્વોની ઉજવણીના ત્રણ અવસર આપણને મળે છે. આપણને ગુજરાતીઓને પ્રતિવર્ષ પહેલી મેના દિવસે ગુર્જર ભૂમિ પ્રત્યે અભિમાન અને સન્માન પ્રદર્શિત કરવાનો મોકો મળે છે. પાટનગર ગાંધીનગરને બદલે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આ ઉજવણીને લઈ જઈને તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનાં અન્ય રાજ્યો માટે રાજ્ય સ્થાપના દિવસની ઉજવણીની પ્રેરક પરંપરાનાં દ્વાર ખોલી આપ્યાં. જેને અનુસરીને સહુ રાજ્યો તેમના સ્થાપના દિવસની રંગે-ચંગે અને ભવ્યાતિભવ્ય ઉજવણી કરે છે.

આ વર્ષે ૧ મે, ૨૦૨૫ના રોજ ૬૫મા ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આન-બાન અને શાન સાથે પાવનધરા પંચમહાલ જિલ્લામાં કરવામાં






આવી હતી. રાજ્ય કક્ષાની ઉજવણીનો પ્રારંભ નાગરિકોને રૂ. ૬૪૪.૭૨ કરોડનાં વિકાસકામોની ભેટ આપીને કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિકાસના ૨૦૦૧ પહેલાં અને તે પછીના એમ બે કાલખંડોનો સ્પષ્ટ નિર્દેશ કરી ભેદરેખા આલેખી હતી.

તેમણે જણાવ્યું હતુ કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકેના નેતૃત્વ બાદ થયેલા વિકાસ અને તે પૂર્વેના વિકાસ વચ્ચેનું અંતર આજે સ્પષ્ટ જોઈ શકાય છે. રાજ્યનો કોઈ પણ વિસ્તાર સર્વગ્રાહી વિકાસથી વંચિત ના રહે તેવું સુદૃઢ આયોજન વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશમાં કરાયું છે. ગરવા ગુજરાતીઓ ઉન્નત મસ્તકે ગર્વપૂર્વક કહી શકે એ પ્રકારે ગુજરાતે તમામ ક્ષેત્રોમાં વિકાસનાં નવાં સિમાચિહ્નો સ્થાપિત કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત ગૌરવ દિને પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેથી રૂ. ૬૪૪.૭૨ કરોડના વિવિધ ૮૫ જેટલા વિકાસ પ્રકલ્પોનાં  ઇ- લોકાર્પણ, ઇ- ખાતમુહૂર્ત કર્યાં હતાં. મુખ્ય મંત્રીશ્રીએ ગોધરામાં રૂ. ૫.૦૫ કરોડ ઉપરાંતના ખર્ચે નિર્માણ થયેલ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરીનું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોલીસ એક્સ્પો - ૨૦૨૫ અંતર્ગત યોજાયેલ શસ્ત્ર પ્રદર્શનની પણ મુલાકાત લીધી હતી.

ભારે ટ્રાફિક અને વધુ અવરજવરવાળા ૧૨ માર્ગોને ગરવી ગુજરાત હાઈસ્પીડ કૉરિડોર બનાવવા ચાલુ વર્ષના બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે, તેનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, સંતરામપુર-મોરવાહડફ માર્ગને રૂ.૬૭૬ કરોડના ખર્ચે હાઈસ્પીડ કૉરિડોર બનાવવામાં આવશે. જેથી આ વિસ્તારના ત્રણ લાખ નાગરિકોને રાજસ્થાન, મધ્યપ્રદેશ, માનગઢ હિલ અને એસઓયુ જવા માટે ઝડપી પરિવહન સેવા ઉપલબ્ધ થશે. કાલોલ બાયપાસને ચારમાર્ગીય કરવા રૂ.૧૧૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આદિજાતિ વિસ્તારોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નિર્માણ થયેલ ૧૭૧ માર્ગોના રિસર્ફેસિંગ માટે રૂ. ૨૫૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા. પાણી એ વિકાસનો આધાર છે, ત્યારે પંચમહાલ જિલ્લાનાં ૯ ગામોનાં ૧૩ તળાવોમાં પાનમ ડેમ આધારિત સિંચાઈનું પાણી આપવા રૂ. ૩૧ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ યોજનાથી ૧૨૫૦ હેક્ટર જમીન ખેડૂતો માટે સમૃદ્ધિના દ્વાર ખોલશે. વડાપ્રધાનશ્રીના યોગથી આયુષ્માનના અભિગમને સાકાર કરવા રાજ્યમાં ૪.૭૭ કરોડ નાગરિકોની નોંધણી કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે ગુજરાત સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, ગુજરાત ઉત્તમથી સર્વોત્તમ તરફ આગળ વધી સમૃદ્ધિ, પ્રગતિ અને જનકલ્યાણનો ત્રિવેણી સંગમ બન્યું છે. આ પ્રસંગે સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સહિત ઉચ્ચ અધિકારીઓ,પદાધિકારીઓ અને નાગરિકો ઉજવણીમાં સામેલ થયા હતા.

### રાજ્યને વિવિધ ક્ષેત્રે ગૌરવ અપાવનાર
### ૭ વ્યક્તિવિશેષનું સન્માન

ગુજરાત સ્થાપના દિનની ઢળતી સાંજે ગોધરામાં એસ.આર. પી.ગ્રાઉન્ડ ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ "નવપલ્લવિત



સંચાલન કરે છે. સમાજ સેવા, ધાર્મિક પ્રવૃત્તિઓ, આરોગ્ય સેવા અને કૃષિક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ISTE દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો ઍવૉર્ડ મેળવ્યો છે.

ગુજરાત" સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજ્યમાં વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર છ વ્યક્તિવિશેષને ગુજરાત ગરિમા ઍવૉર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત ગરિમા ઍવૉર્ડથી સન્માનિત થયેલ છ વ્યક્તિવિશેષ વિશે જાણીએ...

- સુશ્રી દેવાંશી રાણા (રમત-ગમત) : પેરા સ્વિમર તરીકે રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણચંદ્રક તેમજ દેશભરમાં વિવિધ રાજ્યો ખાતે યોજાયેલ સ્પર્ધાઓમાં સફળતા મેળવી છે.
- શ્રી ઓમ જીજ્ઞેશ વ્યાસ: ૯૦ ટકા દિવ્યાંગ અને ૧૮ વર્ષના યુવા સાહિત્યકાર છે. લખી-વાંચી ન શકવા છતાં ૫૦૦૦થી વધુ સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કર્યા છે. ૫૦૦થી વધુ સ્ટેજ શો કર્યા છે. રાષ્ટ્રપતિ દ્વારા પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર, દિવ્યાંગ સશક્તીકરણ રાષ્ટ્રીય પુરસ્કાર સહિત અનેક સન્માન પ્રાપ્ત કર્યા છે.
- ડૉ. રાહુલકુમાર પડવાલ : દાહોદમાં સ્ત્રી-રોગ નિષ્ણાત તરીકે સેવા આપે છે. ૧.૨૫ લાખથી વધુ આદિવાસી મહિલાઓની સારવાર કરી છે. ઉચ્ચ જોખમવાળી ગર્ભાવસ્થા, કોવિડ-૧૯ અને એઇડ્સ જેવા કેસોમાં જીવનરક્ષક સેવાઓ પૂરી પાડે છે. લિમ્કા બુક, શેઠ ગિરધરલાલ, પ્રાઇડ ઓફ ગુજરાત, FICCI હેલ્થકેર સહિત અનેક ઍવૉર્ડ્સ મેળવ્યા છે.
- શ્રી ભીખુભાઈ પટેલ : વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ છે. ૬૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરે છે. સમાજ સેવા, ધાર્મિક પ્રવૃત્તિઓ, આરોગ્ય સેવા અને કૃષિક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ISTE દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો ઍવૉર્ડ મેળવ્યો છે.
- શ્રી હરેશ ઠક્કર : કચ્છમાં હાઈટેક બાગાયત ખેતીના પ્રણેતા છે. ટપક સિંચાઈ પદ્ધતિ અને નેટહાઉસમાં ઉચ્ચ મૂલ્યવાળા પાક ઉગાડે છે. કરાર આધારિત ખેતી દ્વારા ૯૦૦ એકરમાં ખેડૂતોને મદદ કરે છે. તેમની સ્ટ્રોબેરી ખેતીનો પ્રધાનમંત્રીએ 'મન કી બાત'માં ઉલ્લેખ કર્યો હતો.
- ડૉ. પ્રભુદાસ પટેલ : ૩૬ વર્ષની શિક્ષણ કારકિર્દી ધરાવે છે. GPSC અને શિક્ષણ બોર્ડમાં સેવા આપી છે. કવિ મકરંદ દવે પર પીએચ.ડી. કર્યું છે. ઉમિયા જ્યોત અને ઉમિયા સૃષ્ટિના તંત્રી રહ્યા છે. ગુજરાત સરકાર અને ભારત સરકારના શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડથી સન્માનિત થયા છે.

### પંચમહાલ જિલ્લાની ૧૦ વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન

રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે પંચમહાલ જિલ્લામાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારી ૧૦ વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કર્યું હતું. જેમાં શિક્ષણ ક્ષેત્રે હાલોલના ડૉ. કલ્પના પ્રકાશચંદ્ર જોષીપુરાને આદિવાસી વિસ્તારમાં સંસ્કૃતિ, કળા વિકાસ અને શિક્ષણ વડે સામાજિક કલ્યાણ માટે, ગોધરાની નવા નદિસર પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી રાકેશ ચંદ્રકાંતભાઈ પટેલને અંતરિયાળ ગામોમાં શિક્ષા જાગૃતિના બૃહદ કાર્ય માટે સન્માનિત કર્યા હતા.

આ ઉપરાંત પંચમહાલ જિલ્લાના ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી જે.વી. ભોલંદાને આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરાયા હતા. તેમણે વર્ષ-૨૦૨૧-૨૨માં રાજ્યમાં બીજા ક્રમનું સૌથી વધુ બ્લડ કલેક્શન અને વિતરણ અને વર્ષ-૨૦૨૩-૨૪માં કુલ ૮૫ રક્તદાન શિબિરો તથા વિવિધ રોગોના ચેક-અપ કેમ્પ

અને દત્તક ગામોમાં નિ:શુલ્ક નિદાન સેવા જેવી ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી.

હાલોલ તાલુકાના તાજપુર ટ્રસ્ટી શ્રી નારાયણ આઈ હૉસ્પિટલ અને નારાયણ આરોગ્ય ધામ અન્નપૂર્ણા ટ્રસ્ટ સંચાલિત શ્રી રાજેશભાઈ ગોરને આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરાયા હતા. તેમણે છેલ્લાં ૪૯ વર્ષથી આંખના રોગ માટે નિ:શુલ્ક ઉપચાર કર્યો છે. તદુપરાંત આ સંસ્થાઓમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી પણ રોજના એક હજારથી વધુ દર્દીનો ઉપચાર થાય છે. છેલ્લા ૪૨ વર્ષમાં ૪ લાખ ૪૦ હજારથી વધુ આંખનાં ઑપરેશન સંપન્ન કર્યાં છે.

રમત-ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સુશ્રી ભૂમિકાબેન સોલંકીને સન્માનિત કરાયાં હતાં. તેણી ખો ખો રમતમાં નૅશનલ ગેમ્સમાં ખેલાડી તરીકે ગોલ્ડ મૅડલ મેળવી ચુકી છે અને હાલમાં અન્ડર-૧૯ની પંચમહાલની ખો-ખો ટીમને રાજ્યકક્ષાએ ગોલ્ડમૅડલ મળ્યો છે. તેણીએ કોચ તરીકે ટીમ તૈયાર કરવામાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે.

ગોધરા તાલુકાના ગવાસીના શ્રી બહાદુરભાઈ દેવકરણભાઈ ગઢવી(ચારણ)ને કલા, લોકગાયક ક્ષેત્રે આપેલ યોગદાન બદલ સન્માનિત કરાયા હતા.

ઘોઘંબાના શ્રી નરેન્દ્રસિંહ સબુરસિંહ સોલંકી મહાદેવિયાને ખેતી ક્ષેત્રે લગભગ ૨ હેક્ટરથી વધુના ક્ષેત્રમાં પ્રાકૃતિક કૃષિ કરી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રોત્સાહિત કરવા બદલ સન્માનિત કરાયા હતા.

ગોધરાના જીવકલ્યાણ પાંજરાપોળ ટ્રસ્ટ, જીવદયા ધામના પ્રમુખ શ્રી જયંતીભાઈ શેઠને સેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરાયા હતા તેમણે દાહોદ, મહીસાગર અને પંચમહાલમાં પોલીસની રેડથી પ્રાપ્ત થતા પશુધનને રાખવા, પાળવા તથા અન્ય પણ પશુઓની દેખરેખ, ૪ કરોડના ખર્ચે અત્યાધુનિક પશુ હોસ્પિટલ બનાવેલ છે.જેમાં ખાનગી પશુઓનો પણ નિ:શુલ્ક ઈલાજ થાય છે.

હાલોલના રૂબામિન પ્રા.લિ.ના ડિરેક્ટર શ્રી ભુવન પુરોહિતને ઉદ્યોગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યા હતા. તેમણે હાનિકારક રિફાઇનરી વેસ્ટમાંથી રિસાઇકલિંગ પ્રોસેસ વડે ઉત્પાદનો તૈયાર કર્યાં છે. દેશના ૯૦ ટકા રિફાઇનરી વેસ્ટનો નિકાલ તથા યુ.એસ.એ., યુરોપ, મિડલ ઇસ્ટ અને લેટિન અમેરિકન દેશોમાંથી પણ રિફાઇનરી વેસ્ટમાંથી ઉત્પાદન કરે છે. સંપૂર્ણ રીતે પાણી જેવા મૂળભૂત સંસાધનો બાબતે સ્વનિર્ભર કંપની, વૉટર બોડી પર સોલર પેનલ્સથી વિદ્યુત ઉત્પાદન કરી સેલ્ફ સેસ્ટેનેબલ ઉત્પાદન પ્રક્રિયા અનુસરે છે. હાલમાં જિલ્લામાં ૬૦૦ થી વધુ લોકોને સીધી રોજગારી અને અનેકને પરોક્ષ રોજગારી પૂરી પાડી રહ્યા છે.

ભારતીય સેનામાં નાયબ સુબેદાર શ્રી સંજયકુમાર ભમ્મરસિંહ બારીયાએ










સુરક્ષા અને સલામતી માટે આપેલ યોગદાન બદલ સન્માનિત કરાયા હતા. રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુજીના હસ્તે શૌર્ય ચક્ર પ્રાપ્ત થયો છે.

**"પાવનધરા પંચમહાલ" સહિત ત્રણ પુસ્તિકાનું વિમોચન**

ગુજરાત સરકાર દ્વારા ૬૫મા ગુજરાત સ્થાપના દિવસની પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગ દ્વારા તૈયાર કરાયેલાં કુલ ત્રણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં પંચમહાલ જિલ્લાની માહિતી પુસ્તિકા "પાવનધરા પંચમહાલ"નું રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ પંચમહાલ વિઝન ડોક્યુમેન્ટ-૨૦૪૭" અને "ફ્લોરા ઓફ ગુજરાત" પુસ્તકોનું પણ રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરાયુ હતું.

**૮૪૦ જેટલા પોલીસ કર્મીઓએ પ્રસ્તુત કરી અદ્ભુત પરેડ**

ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં ગુજરાત પોલીસ દ્વારા પરેડ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત ગૌરવ દિને વાવડી ચોકડી ખાતે યોજાયેલ પોલીસ પરેડ કાર્યક્રમમાં પોલીસ દળોના કુલ ૧૯ પ્લાટુનના ૮૪૦ પોલીસ કર્મીઓએ પરેડ પ્રસ્તુત કરી ઉપસ્થિત નાગરિકોને મંત્રમુગ્ધ કર્યા હતા. રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોલીસ પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

આ ભવ્ય પરેડમાં એસ.આર.પી., હોમગાર્ડ, ગ્રામ રક્ષકદળ, પોલીસ વિભાગ, વન વિભાગ અને આર્મી કમાન્ડો સહિતના દળોએ ભાગ લીધો હતો. ચેતક કમાન્ડો, એસ.આર.પી,પોલીસ બેન્ડ, એસ.આર.પી જૂથ ૪ પાવડી અને જૂથ ૫ ગોધરાની પ્લાટૂન, ગુજરાત મરીન કમાન્ડો, દાહોદ અને મહીસાગર પોલીસ પ્લાટૂન, ગુજરાત વન વિભાગની મહિલા પ્લાટૂને તેમની અનોખી શૈલીમાં પરેડ કરી ઉપસ્થિત નગરજનોમાં આકર્ષણ જમાવ્યું હતું.

**પંચામૃત ડેરીના રૂ. ૨૮૫ કરોડના યુ.એચ.ટી. મિલ્ક પ્લાન્ટનું ખાતમુહૂર્ત**

ગુજરાતના ૬૫મા સ્થાપના દિવસે પંચમહાલ જિલ્લામાં ડેરી ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસનો શુભારંભ થયો છે. ગુજરાત ગૌરવ દિવસ-૨૦૨૫ રાજ્યકક્ષાની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પંચામૃત ડેરી,ગોધરા ખાતે અંદાજિત રૂ.૨૮૫ કરોડના ખર્ચે યુ.એચ.ટી. મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ પંચામૃત ડેરી ખાતેના કોર્પોરેટ બિલ્ડિંગમાં વિઝિટર ગૅલેરીની મુલાકાત લઈ ગૅલેરીમાં પ્રદર્શિત પંચામૃત ફ્રોઝન સિમેન સ્ટેશન, કોર્પોરેટ ઓફિસ બિલ્ડિંગ, ખાંડીયા કેટલફીડ પ્લાન્ટ, રીયરિંગ સેન્ટર ગમન, બારીયાના મુવાડા, અને માલેગાંવ પંચામૃત ડેરી પ્લાન્ટનાં માહિતીસભર ચિત્રો અને પ્રતિકૃતિઓનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીને પંચામૃત ડેરીની વિવિધ પ્રોડક્ટસ અંગે જાણકારી આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કોર્પોરેટ બિલ્ડિંગના ત્રીજા માળે બોર્ડરૂમ ખાતે પંચામૃત ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર સાથે બેઠક કરી હતી. ગ્રામ વિકાસ માટે સહકારિતા મહત્ત્વનું પરિબળ અને પ્રવૃત્તિ છે. મુખ્યમંત્રીશ્રીએ અત્યાધુનિક "ગૌશોર્ટ" સેક્સ સોર્ટેડ સીમેન ટૅકનોલૉજીના મશીનનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતુ. આ નૂતન ટૅકનોલૉજીથી પશુપાલન ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે.

પંચમહાલ દૂધ સંઘના વર્તમાન દૂધ સંપાદન અને પ્રોસેસિંગ ક્ષમતાને ધ્યાનમાં રાખીને, ગોધરા ખાતેના ડેરી પ્લાન્ટની ક્ષમતા વધારવાનું આવશ્યક બન્યું છે. વૈશ્વિક બજારોમાં "અમૂલ" બ્રાન્ડની વધતી માંગને પહોંચી વળવા અને મૂલ્યવર્ધિત ઉત્પાદનો દ્વારા

વેચાણમાં વધારો કરવાના હેતુથી આ નવા પ્લાન્ટનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે.

### પોલીસ એક્સ્પો - ૨૦૨૫ની મુલાકાત

ગુજરાત ગૌરવ દિવસ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત પોલીસ દ્વારા પોલીસ એક્સ્પો - ૨૦૨૫ અંતર્ગત શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શસ્ત્ર પ્રદર્શનની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુલાકાત લઈ આધુનિક શસ્ત્રોનું નિરીક્ષણ કર્યું હતું. પોલીસ એક્સ્પો શસ્ત્ર પ્રદર્શનમાં ચેતક કમાન્ડો ફોર્સ દ્વારા નોનલીથલ વેપનથી માંડી ૧૦૦૦ મીટર સુધી મારક ક્ષમતા ધરાવતાં આધુનિક હથિયારોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બી.ડી.ડી.એસ. સ્કવોડના ૬ સ્ટોલ્સ થકી એકસ્પ્લોઝિવની જાણકારી આપવાના હેતુસર તમામ પ્રકારના આઇ.ઇ.ડી. (IED)ના ડિવાઇસ તેમજ સર્ચિંગ ઇક્વિપમેન્ટ અને ડિસ્પોઝલ ઇકવીપમેન્ટસ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યાં હતાં.

સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ SDRF દ્વારા ૮ સ્ટોલ્સ દ્વારા કુદરતી આપત્તિ સમયે બચાવ કામગીરીનાં તમામ સાધનો તેમજ ગુજરાત મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ૬ સ્ટોલ્સ થકી દરિયાઈ સુરક્ષા માટેનાં આધુનિક હથિયાર અને ઇકવીપમેન્ટસ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યાં હતાં. પંચમહાલ ટ્રાફિક પોલીસ, મહિલા પોલીસની કામગીરી તથા વાયરલેસના ઇક્વિપમેન્ટસ તેમજ પોલીસ દ્વારા વપરાતા બોડી વોર્ન કેમેરા તથા આધુનિક ડ્રોન વગેરેના ૭ સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસની સ્પેશિયલ ફોર્સ વર્ષ ૧૯૯૨થી અસ્તિત્વમાં આવી છે. જેનું વર્ષ ૨૦૦૮માં ચેતક કમાન્ડ ફોર્સ તરીકે નામાભિધાન કરવામાં આવ્યું હતું. આતંકવાદી હુમલાનો પ્રતિકાર કરવા માટે ચેતક કમાન્ડો ફોર્સ આધુનિક હથિયારો અને સામાન સાથે સુસજ્જ છે.

### નવનિર્મિત પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરીનું લોકાર્પણ

ગુજરાત ગૌરવ દિનની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ. પાંચ કરોડના ખર્ચે નવનિર્મિત પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરીનું લોકાર્પણ કરાયું હતું. પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા રૂપિયા પાંચ કરોડના ખર્ચે નવ નિર્મિત અદ્યતન સુવિધા સજ્જ પોલીસ મહાનિદેશક કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### હાલોલમાં રૂબામિનના ગ્રીન રિસાઇકલિંગ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હાલોલ ખાતે લિથિયમ આયન બેટરી રિસાઇક્લિંગ એકમનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે, આ કંપની દ્વારા વડાપ્રધાનશ્રીના પર્યાવરણ અનુકુળ ઝીરો વેસ્ટ મેનેજમેન્ટનો વિચાર સાચા અર્થમાં સાકાર થઈ રહ્યો છે. મુખ્યમંત્રીએ લિથિયમ આયર્ન બેટરી રિસાઇક્લિંગ એકમની મુલાકાત લઈ રૂબામિન કંપનીની કાર્યપદ્ધતિ અને તેના કાર્યક્ષેત્ર અંગે તલસ્પર્શી વિગતો મેળવી તરતી સૌર પેનલ્સ સાથે પાંચ એકરમાં વરસાદી પાણીનો સંગ્રહ કરતા તળાવનું નિરીક્ષણ કર્યું હતું. આ તકે મુખ્યમંત્રીશ્રીએ કંપનીની કામગીરીના પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનને નિહાળ્યું હતું.

સંકલન સહયોગ : વિવેક ગોહેલ, ટીમ પંચમહાલ














# પવિત્રભૂમિ પંચમહાલ

પંચમહાલ એટલે 'પાંચ મહાલનો પ્રદેશ.' સિંધિયાકાળથી ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદ એમ પાંચ મહાલોનો સમૂહ 'પંચમહાલ' તરીકે ઓળખાય છે. આદ્યશક્તિપીઠ પાવાગઢની પાવન ભૂમિને લીધે ભારતભરમાં શ્રદ્ધાળુઓ માટે આદરભર્યું સ્થાન ધરાવે છે.

સિંધિયાના રાજ્ય શાસનકાળમાં સિંધિયાના સૂબા જે મહાલોનો વહીવટ કરતા હતા તેનું મુખ્ય મથક પાવાગઢ હતું. તેથી જ પંચમહાલ જિલ્લાના મધ્યકાલીન ઇતિહાસમાં ચાંપાનેર શહેર અને પાવાગઢ ડુંગર કેન્દ્ર સ્થાને હતાં. અણહિલવાડના પ્રથમ રાજા વનરાજના સમયમાં સાતમી સદીમાં ચાંપાનેરની સ્થાપના થઈ હોવાનું મનાય છે. પ્રાચીન ચાંપાનેર ચાલુક્ય શાસનનું પાટનગર હતું. મોગલ સામ્રાજ્ય દરમિયાન ઈ.સ. ૧૫૭૩થી ૧૭૨૭ના સમયગાળામાં ગોધરા પંચમહાલનું વડું મથક બન્યું હતું.

એક સમયે પુષ્કળ પ્રમાણમાં ચંદનનાં વૃક્ષો અને જંગલી હાથીઓના પ્રદેશ તરીકે પંકાયેલો આ જિલ્લો બ્રિટિશ સલ્તનત સમયે મુંબઈ પ્રાંતનો એક ભાગ ગણાતો હતો.

## જોવાલાયક સ્થળો

**સાત કમાનો :** તળેટીથી માંચી સુધી અને માંચીથી મૌલિયા ટૂક સુધીના પર્વતીય વિસ્તારમાં પ્રાચીન કાળની ભવ્ય જાહોજલાલીની પ્રતીતિ કરાવતા કિલ્લેબંધ કમાનાકાર દરવાજા, ટંકશાળ, ખંડેર, મહેલાતો અને વિશાળ ગિરિદુર્ગ ભગ્નાવશેષ રૂપે પથરાયેલા પડ્યા છે.

અટક દરવાજાથી શરૂ થઈ બુઢિયા દરવાજા સુધીની કિલ્લેબંધી ધરાવતી હારમાળાની સૌથી ઊંચે દુર્ગની રાંગમાં દૂરથી રળિયામણી કમાનો જોવા મળે છે. સાત કમાન તરીકે ઓળખાતી આ ઇમારત સફાઈદાર પથ્થરોની બનેલી છે. વિશાળ મંડપ રૂપે રચાયેલ સાત કમાનોમાં તત્કાલીન શાસનકર્તાઓ ગુપ્ત બેઠક યોજતા તથા રાજવી પરિવાર આનંદ-પ્રમોદ માટેના સ્થળ તરીકે ઉપયોગ કરતા હોવાનું માનવામાં આવે છે.

**લકુલીશ મંદિર :** પાવાગઢ ડુંગર ઉપર છાસિયા તળાવની મધ્યે દક્ષિણ દિશાએ આવેલ સૌથી પ્રાચીન ગણાતું લકુલીશ મંદિર અગિયારમા સૈકાના શિલ્પ-સ્થાપત્યની સાક્ષીરૂપે છે. જેને શ્રી મહાકાળી માતાજીના પ્રમુખ ભૈરવ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ લકુલીશ મંદિરની દીવાલો પર મનોહર શિલ્પોની કોતરણી કરવામાં આવેલી છે.

**નવલખા કોઠાર :** પાવાગઢ પર્વતના સૌથી ઊંચા શિખરની ઉત્તરે મૌલિયા ટૂકના મેદાની ભાગમાં વિસ્તરેલ ખીણ 'નવલખી ખીણ' તરીકે ઓળખાય છે. અહીં નવલખા કોઠાર નામે ખ્યાતિ પામેલ પ્રાચીન ઇમારત મોગલ કાળની સ્થાપત્ય કલાની ઝાંખી કરાવે છે. નવલખી ખીણની ધાર ઉપર પ્રસ્થાપિત વિશાળ ગુંબજ ધરાવતા સાત ખંડોની ટી આકારની આ ઈંટેરી ઇમારત પ્રાચીન કાળમાં અનાજ-સંગ્રહ માટેના કોઠાર તરીકે ઉપયોગમાં લેવામાં આવતી હોવાનું માનવામાં આવે છે.

**કુંડ :** નવલખા કોઠારની ઉત્તર દિશાએ આગળ વધતી ખીણની



ધારે પ્રાચીન સમયના ત્રણ વિશાળ કુંડ આવેલા છે. આ ત્રણેય કુંડ ગંગા, જમુના અને સરસ્વતીના નામથી ઓળખવામાં આવે છે. આ પૈકી પ્રથમ બે કુંડ પથ્થરના ચણતરવાળા લંબચોરસ આકારના છે. જ્યારે ત્રીજો કુંડ ચોરસ આકારનો ઈંટ અને ચૂનાથી બંધાયેલો હોવાનું જણાય છે. આ ત્રણેય કુંડનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં શુદ્ધ પાણીનો સંગ્રહ કરવા માટે થતો હતો.

**ખાપરા-ઝવેરીનો મહેલ :** માંચીની જૂની પગદંડી તરફ આગળ જતા માર્ગ ઉપર પાંચ-સાત મિનિટના અંતરે વિશ્વામિત્રી નદીની ઊંડી ખીણની ધાર પર બંધાયેલ પ્રાચીન મહેલ 'ખાપરા ઝવેરીના મહેલ' તરીકે ઓળખાય છે. પ્રાચીનકાળમાં સાત માળ ધરાવતા 'અધ્ધર ઝરૂખા મહેલ' તરીકે ખ્યાતિ પામેલ આ ભવ્ય ઇમારત પ્રવાસીઓમાં ભારે આકર્ષણ જન્માવે છે. કુદરતે અહીં અસીમ સૌંદર્ય વેર્યું છે. જોકે આ સાત માળ પૈકીનો ભોંયતળિયાનો એક ખંડ માત્ર અવશેષરૂપે નિહાળી શકાય છે. અહીં પહોંચવા માટે સીધા અને કપરા ચઢાણવાળાં પગથિયાંનો ઉપયોગ કરવામાં આવે છે.

**વૈશ્વિક વિરાસત ચાંપાનેર (વર્લ્ડ હેરિટેઝ સાઈટ) :** રમણીય પાવાગઢ પર્વતની તળેટીમાં વસેલું અનેક શિલ્પ- સ્થાપત્યો અને જાહોજલાલીપૂર્ણ ઇમારતોનો ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવતું નગર એટલે ચાંપાનેર, ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ અનુસાર ખડચંપાના રંગની આ ભૂમિ પર વનરાજ ચાવડાના મંત્રી ચાંપાએ ચાંપાનેર નગર વસાવ્યું હોવાનું મનાય છે. પ્રથમ સહસ્રાબ્ધિ અહીં માનવ વસવાટ થયો હતો. આશરે ઇ.સ. ૧૩૦૦માં ચૌહાણ કુળના રાજવીઓએ ચાંપાનેર નગરીની રાજધાની તરીકે સ્થાપના કરી હતી. આ રાજવીઓની સ્વતંત્રતા ઈ.સ. ૧૪૮૪ સુધી ટકી હોવાનો ઉલ્લેખ છે. ૧૮૪ વર્ષ સુધી સ્વતંત્ર રહેલા પાવાગઢ ચાંપાનેરમાં વિજેતા મહેમુદ બેગડાએ પોતાની રાજધાની બનાવી તેને મહમદાબાદ નામ આપ્યું.

પાવાગઢ પર્વતના નીચેના ભાગમાં મહમૂદ બેગડાએ સ્થાપેલા ચાંપાનેર નગરના શાહી મહેલનો સમચોરસ કિલ્લો છે. બુરજોથી સુરક્ષિત આ કિલ્લાના પ્રવેશદ્વાર પાસેના ગોખ મનોહર છે. રાજમહેલનો વિસ્તાર માંડવી નામે ઓળખાતા પ્રવેશદ્વારથી બીજા ભાગોથી છૂટો પડે છે. શાહી કિલ્લાની બહાર જુમ્મા મસ્જિદની ભવ્ય ઇમારતની સુવ્યવસ્થિત રચનાના વિવિધ રંગો તથા ભારતીય ઇસ્લામી સુશોભનોથી આગવું મહત્ત્વ ધરાવે છે. તેનાં પાંચ મનોહર પ્રવેશદ્વાર, તેની પારદર્શક સુશોભિત કોતરણી આકર્ષક છે. તેના મકસુરાની પાંચ કમાનો પાસેનાં છજા, સુંદર મિનારા અને મુખ્ય કમાન પાસેનું છજું તેની શોભામાં વધારો કરે છે. ચાંપાનેરની ઇમારતો ગુજરાતની સ્થાનિક શૈલીના મહત્ત્વના નમૂના છે. તેમાં નગીના મસ્જિદ, શહેરની મસ્જિદ, લીલા ગુંબજ મસ્જિદ પોતપોતાની લાક્ષણિકતા ધરાવે છે. ચાંપાનેરને ઈ.સ. ૨૦૦૪માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેઝ સાઇટ જાહેર કરવામાં આવી છે. પાવાગઢ પર્વત પર ૫૧ શક્તિપીઠોમાંની એક શક્તિપીઠ મહાકાલી માતાનું મંદિર છે. ચાંપાનેરની બહાર પૂર્વમાં વડા તળાવ ઉપર ખજૂરી મસ્જિદ અને કબૂતરખાનાના નામે જાણીતું હવા ખાવાનું સ્થળ છે.

**બુઢિયો દરવાજો :** પાવાગઢ પર્વત ઉપર વિશાળ હારમાળામાં નજરે પડતા જુદા જુદા પ્રાચીન દરવાજાઓ અહીં પ્રાચીન નગરી હોવાનું પ્રસ્થાપિત કરે છે. તળેટીથી પાવાગઢ પર્વત ઉપર જતાં વ્યૂહાત્મક રીતે સંરક્ષણ બક્ષતા અને ઊંચા ઊંચા અભેદ ગણાતા



દુર્ગમાં અટક દરવાજા, બુઢિયા દરવાજા અને લાલી દરવાજાના નામથી પ્રચલિત મજબૂત દરવાજા પ્રવાસીઓ માટે ભારે આકર્ષણરૂપ બની રહ્યા છે. માંચી તરફ આગળ વધતાં, દુર્ગનો છેલ્લો દરવાજો લાલી દરવાજા તરીકે ઓળખાય છે. આ લાલી દરવાજાની પાસે આવેલી પ્રાચીન ઇમારત ટંકશાળ તરીકે ઓળખાય છે. આ દુર્ગ અને અભેદ દરવાજા તત્કાલીન રાજ્યશાસનને તેમજ પ્રાચીન નગરીને દુશ્મનોના લશ્કરી આક્રમણ સામે અભેદ સુરક્ષા કવચ પૂરું પાડતા હોવાનું માનવામાં આવે છે.

**પતઈ રાવલનો મહેલ અને ભદ્રકાળી માતાનું મંદિર :** મધ્યકાલીન ગુજરાતની રાજધાની ચાંપાનેરના રાજવીઓ પૈકીના રાજા પતઈ રાવલનો મહેલ આ પર્વત ઉપર ભગ્નાવશેષરૂપે નજરે પડે છે. માંચીથી આગળ પૂર્વ દિશામાં હાથિયા ખીણના ઢોળાવી મેદાની વિસ્તારમાં ધરબાયેલો આ મહેલ પ્રાચીન સ્થાપત્ય કલાના દર્શન કરાવે છે. આ મહેલથી આગળ વધીને પૂર્વ દિશામાં એકલું

- **જિલ્લાનું મુખ્ય મથક :** ગોધરા
- **નગરપાલિકાઓ :** ૪ (શહેરા, ગોધરા, હાલોલ, કાલોલ)
- **ક્ષેત્રફળ :** ૩૨૩૩.૧૭ ચો.કિ.મી.
- **કુલ ગામ :** ૫૯૧
- **ગ્રામ પંચાયતો :** ૫૦૧
- **તાલુકાઓ :** ૭ (ગોધરા, શહેરા, કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા, મોરવા (હડફ)
- **વસ્તી :** કુલ- ૧૬૪૨૨૬૮, પુરુષ- ૮૪૩૨૩૯, સ્ત્રી- ૭૯૯૦૨૯ સ્ત્રીઓનું પ્રમાણ - ૧૦૦૦ પુરુષોએ ૯૪૮ સ્ત્રી
- **કુલ સાક્ષરતા દર :** ૭૦.૭૭ (૨૦૧૧ મુજબ)
- **નદીઓ :** વિશ્વામિત્રી, મહીસાગર (પંચમહાલ, ખેડા અને મહીસાગર જિલ્લાની સરહદ બનાવે છે) ભાદર, વાંકડી, કુણ, ગોમા, દેવ, વેરી, સુકલા, સુખી
- **પુલો :** પાનમ, હડફ, કરાડ
- **તળાવો :** ૩૭૦
- **સિંચાઈ સુવિધા :** ૩ (પાનમ, કરાડ, ગોમા) સિંચાઈ યોજનાઓ, દેવ ડેમ પર દેવસિંચાઈ
- **કૃષિ વિસ્તાર :** મહત્ત્વની ખેતપેદાશો – ડાંગર, તમાકુ, મકાઈ, બાજરી, તુવેર, જવ, કોદરા, મગ, અડદ, ઘઉં, કપાસ, ચોખા, રોકડિયાપાક- તેલીબિયાં-મગફળી
- **બાગાયત પેદાશો :** ડુંગળી, શાકભાજી
- **ખનીજો :** ગ્રેફાઇટ, મેંગેનીઝ, ક્વાટ્ર્ઝ
- **જંગલો :** ૧૨૨૧.૬૫ ચો.કિ.મી. કુલ વન વિસ્તાર- ૫૬૯.૨૬ કિ.મી. (૨૦૨૧-૨૨) વન સંપદા- ૧,૧૬,૭૯૩ હેક્ટર
- **સિંચાઈ :** દેવડેમ, દેવ નદી પર, નર્મદા નહેર,પાનમ ડેમ, કરાડ ડેમ
- **અભયારણ્ય :** જાંબુઘોડા રીંછ, અભયારણ્ય, જાંબુઘોડા
- **જિલ્લામાં કુલ બેંક :** ૧૬૧ ( ૮૮ રા.બેંક, ૨૧ સહકારી બેંક, ૦૪ જમીન ધિરાણ બેંક, ૨૭ ગ્રામીણ બેંક, ૨૧ ખાનગી બેંક)
- **મધ્યાહ્ન ભોજન :** સંખ્યા ૧૪૦૧
- **ઉદ્યોગો- ક્વૉરી ઉદ્યોગ :** નાના અને ગૃહ ઉદ્યોગો : ૩૦૮૫, મોટા ઉદ્યોગો : ૮૦







અટૂલું છતાં અડીખમ રીતે ભદ્રકાલી માતાજીનું મંદિર ઊભેલું છે. જેના પ્રત્યે ભાવિકો અસીમ શ્રદ્ધા ધરાવે છે.

**જૈન ધર્મીઓનું સિદ્ધ ક્ષેત્ર :** પાવાગઢ પર્વત જૈન ધર્મીઓ માટે મહત્ત્વનું સિદ્ધ ક્ષેત્ર પણ મનાય છે. આ પર્વત ઉપર દૂધિયા અને છાશિયા તળાવની આજુબાજુ મેદાની વિસ્તારમાં શ્રી દિગંબર જૈન સંપ્રદાયના પૌરાણિક અને ઐતિહાસિક આરસપહાણના પથ્થરથી બનેલા જુદાં જુદાં સાત જૈન મંદિરો પ્રસ્થાપિત થયેલાં છે.

**ભીમચોરી :** શિકારમઢી પાસેથી શરૂ થતી સોપાન શ્રેણી ટેકરીના મથાળે દોરી જાય છે. જ્યાં ભીમચોરી તરીકે ઓળખાતું શિવાલય છે. ટેકરી પર આવેલાં ત્રણ સ્મારકોમાં આ સૌથી નુકસાન પામ્યું છે. ભારતમાં પાંડવોના નામ સાથે કોઈને કોઈ સ્થળ જોડી દેવાની પ્રથા જોવા મળે છે. તે મુજબ આ શિવાલયને પણ ભીમચોરી નામ આપવામાં આવેલું છે. સ્થાપત્ય શૈલીને લક્ષમાં લઈ આ મંદિરનો નિર્માણ કાળ ૧૪ કે ૧૫મી સદીનો ગણી શકાય.

- **ઔદ્યોગિક વસાહતો :** ૩૧૧
- **આરોગ્ય સુવિધા :** ૧. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો – ૫૬, ૨. સામૂહિક આરોગ્ય કેન્દ્રો –૧૨, ૩. પેટા આરોગ્ય કેન્દ્રો - ૩૦૦ પશુ દવાખાનાં - ૨૨
- **મહિલા અને બાળ વિકાસ**
  ૧. આંગણવાડી કેન્દ્રોઃ ૨૦૦૦, ૨. સખીમંડળોઃ ૨૬૭
- **જિલ્લામાં કુલ પશુધન :** ૯,૭૦,૮૦૫
- **દૂધ સહકારી મંડળીઓ :** ૧૧૩૪
- **કુલ કારખાનાં :** ૯૧૯
- **પોલીસ સ્ટેશન :** ૧૬
- **જોવાલાયક સ્થળો :** ઐતિહાસિક- ગરમ-ઠંડા પાણીના કુંડ, (ટુવા તાલુકો, ગોધરા)
- **સાંસ્કૃતિક- કલેશ્વરી નાળ :** ધાર્મિક- પાવાગઢ, મરડેશ્વર મહાદેવ, ગુપ્તેશ્વર મહાદેવ, ઝંડ હનુમાન મંદિર, હાથણી માતાનું મંદિર અને ધોધ

**છેલ્લાં 20 વર્ષમાં થયેલો સર્વાંગી વિકાસ**

- **નલ સે જલ** - ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ
- **આવાસ યોજના** - વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૯૯૫ આવાસ મંજૂર કરાયા
- **નવાં પ્રવાસન સ્થળો** - પાવાગઢ, પંચમહોત્સવ
- **ગોધરા શહેર ફરતો બાયપાસ**
- **શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનું નવીન ભવન**
- **સાંસ્કૃતિક વનો** - વિરાસત વન

**જિલ્લાના વ્યકિતવિશેષ/ વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વ્યકિતઓનાં નામ**

- **ભરત બારીયા** - પ્રસિદ્ધ લોક નૃત્ય કલાકાર
- **અક્ષય પટેલ** - પ્રસિદ્ધ લોક નૃત્ય કલાકાર
- **જમનાબેન ગોદલિયા** - પ્રસિદ્ધ ભજનિક સંત વાણી કલાકાર
- **બહાદુર ગઢવી** - લોકડાયરા સાહિત્ય કલાકાર
- **પ્રેમીલા બારીયા** - ઇન્ટરનૅશનલ આર્ચરી ખેલાડી

## પાક ધિરાણ વધારવા ગુજરાતનું સૂચન



કૃષિ પ્રધાન દેશમાં ખેડૂત હિતલક્ષી અનેક યોજનાઓ અમલી છે. વિવિધ અભિયાનો દ્વારા કૃષિ ક્ષેત્રે નવતર સફળ પ્રયોગો થઈ રહ્યા છે. તાજેતરમાં ભારત સરકાર દ્વારા નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં "રાષ્ટ્રીય કૃષિ સંમેલન: ખરીફ અભિયાન-૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીએ "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન"ની જાહેરાત કરતા કહ્યું હતું કે, દેશના ખેડૂતોની જમીનનું સ્વાસ્થ્ય જાળવીને ખેત ઉત્પાદકતા વધારવા તેમજ પ્રાકૃતિક કૃષિને વેગ આપવા માટે ભારત સરકાર દ્વારા દેશભરમાં આગામી તા. ૨૯ મે થી ૧૨ જૂન દરમિયાન વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન યોજવામાં આવશે. આ અભિયાન દરમિયાન આશરે ૨,૦૦૦ જેટલા કૃષિ વૈજ્ઞાનિકો દેશના ૭૦૦ જિલ્લાની મુલાકાત લઈને સ્થાનિક ખેડૂતોને જમીન સ્વાસ્થ્ય, ખરીફ પાક, બિયારણ તેમજ પ્રાકૃતિક કૃષિ સંદર્ભે માર્ગદર્શન તેમજ સરકારની કૃષિલક્ષી યોજનાઓની માહિતી આપશે. આ સંમેલનમાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ભારત સરકારને ટેકાના ભાવની ખરીદી માટે રાજ્યના કુલ ઉત્પાદનના ૨૫ ટકાની મર્યાદાને વધારીને ૪૦ ટકા કરવા માટે તેમજ દિવેલા પાકને ટેકાના ભાવે ખરીદીમાં સમાવવા માટે ભલામણ કરી હતી. ઉપરાંત આગામી ખરીફ-૨૦૨૫માં વાવેતર સમયે જરૂરી એવા ડીએપી ખાતર તેમજ અન્ય ખાતરોની માંગ મુજબ ઉપલબ્ધ થાય અને સમયસર ખાતરની ફાળવણી થાય તે માટે રજૂઆત કરી સરકારની કૃષિલક્ષી નવતર પહેલોની ચર્ચા કરી હતી. રાજ્યના ખેડૂતોને રૂ. ૩ લાખના સ્થાને રૂ. ૫ લાખનું પાક ધિરાણ ઝડપથી મળે તેવી વ્યવસ્થા કરવા તેમજ સરકારની વિવિધ યોજનાઓ હેઠળ કરવા પાત્ર જરૂરી ફેરફાર બાબતે પણ ભારત સરકારને સૂચન કર્યું હતું.

## ડિજિટલ યુગમાં નાગરિકોના પ્રશ્નોનું ઇ-મેલ દ્વારા નિવારણ



ડિજિટલ યુગમાં રાજ્યના કોઈ પણ નાગરિક કે જનપ્રતિનિધિ ગૃહ, વાહન-વ્યવહાર અને રમત-ગમત વિભાગ સંબંધિત પ્રશ્નો અને રજૂઆતો માટે ગાંધીનગર ઓફિસ સુધી જવું ન પડે તેમજ ઇ-મેલ દ્વારા પોતાની સમસ્યાનું નિરાકરણ મેળવી શકે તે માટે min-home@gujarat.gov.in ઇ-મેલ આઇડી પર આવેલી ફરિયાદો અને રજૂઆતોનું ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ડિજિટલ માધ્યમથી પ્રશ્નોના નિરાકરણ લાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, મંત્રીશ્રી પોતે દરરોજ મળતા ઇ-મેલની સમીક્ષા કરે છે અને સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીને તાત્કાલિક સૂચનાઓ પાઠવે છે. દર મહિનાના પ્રથમ અઠવાડિયામાં સમીક્ષા બેઠક યોજીને, રજૂઆત થયેલા મુદ્દાઓના ઉકેલ અને પ્રગતિ અંગે પણ બારીક સમીક્ષા કરવામાં આવે છે. એક વર્ષમાં ઇ-મેલ પર કુલ-૨૫૩૩ પ્રશ્નો તેમજ રજૂઆતો સામાન્ય નાગરિકો તરફથી મંત્રીશ્રીને મળી છે જેમાં ખૂબ ટૂંકા સમયમાં મોટા પ્રમાણમાં રજૂઆતોનો સુખદ નિકાલ આવ્યો છે.

## વિકાસકામોના લોકાર્પણથી વલસાડવાસીઓમાં આનંદ...



વલસાડ દક્ષિણ ગુજરાતનો હરિયાળો જિલ્લો છે. સરકારશ્રીનાં વિવિધ વિકાસકાર્યોના માધ્યમથી ભૌગોલિક વિશેષતાઓ ધરાવતા વલસાડનો દરેક ક્ષેત્રમાં વિકાસ અવ્વલ રહ્યો છે. તાજેતરમાં જ વલસાડના નાગરિકોની સુખાકારી માટે નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વિવિધ લોકાર્પણો કરાયાં છે, જેમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંભેટી ખાતે રૂ. ૮.૮૫ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૬ કે. વી. સબ સ્ટેશન, ધરાસણા ખાતે રૂ. ૧ કરોડ ૮૨ લાખના ખર્ચે દક્ષિણ ગુજરાત વીજ કંપનીની નવનિર્મિત ધરાસણા પેટા વિભાગીય કચેરી, જિલ્લાની ૧૨ આંગણવાડીના મકાનનું ઇ ખાતમુર્હૂત અને રૂ. ૨૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ પારડી સાયન્સ કૉલેજ ઉપરાંત વાપી નોટિફાઇડ અને સરીગામ ખાતે એ. આઇ. આઇ. યોજના અંતર્ગત રૂ. ૧૧.૮૫ કરોડ અને ૩૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ અન્ડર ગ્રાઉન્ડ કેબલિંગ તથા ઉમરગામ તાલુકાના કલગામમાં ૬૬ કે.વી. સબ સ્ટેશન સહિતનાં કામોનો સમાવેશ થાય છે. આ લોકાર્પણથી શિક્ષણ, વીજળી સહિતના ક્ષેત્રોમાં વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે જેનાથી વલસાડવાસીઓમાં આંનદની લાગણી છવાઈ હતી.

## યુવાઓના કૌશલ્ય વિકાસ માટે સરકારની આગવી પહેલ



રાજ્યના યુવાધનને રોજગારી તેમજ સ્વરોજગારી આપવા માટે જરૂરી સ્કિલના વિકાસ માટે તેમજ નવીનતમ ટૅકનોલૉજીઓ અને કૌશલ્યો વિશે જાગૃતિ લાવવા માટે સરકાર યુવાઓને મદદરૂપ થાય છે. ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે રાજ્યના રોજગારવાંછુ યુવાનો માટે કૌશલ્યા –ધ સ્કિલ યુનિવર્સિટી તથા નર્મદા રૂરલ ડેવલોપમેન્ટ સોસાયટી, નેમટેક તેમજ અમદાવાદ કસ્ટમ બ્રોકર એસોસિયેશન સાથે એમ.ઓ.યુ કર્યા હતા. આ ઉપરાંત મંત્રીશ્રીના હસ્તે કૌશલ્યા –ધ સ્કિલ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ ડ્રોન અંતર્ગત નવનિર્મિત ડ્રોન તાલીમ કેન્દ્ર બિલીમોરા અને માંડવી –સુરતનું લોકાર્પણ અને રૂ.૮૫ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલ આઇ.ટી. આઇ ભાવનગર, પ્રતાપનગર અને દેવભૂમિ દ્વારકા નવનિર્મિત મકાનનું ઇ-લોકાર્પણ કરવામાં પણ આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી નીમુબહેન બાંભણીયા વર્ચ્યુઅલી તેમજ શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ ઉપસ્થિત રહ્યાં હતાં.

## મુશ્કેલીમાં અસરગ્રસ્તોની વ્હારે



દાહોદ જિલ્લામાં મધરાત્રે આવેલા ભારે વાવાઝોડાને લીધે લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામ ખાતે આગ લાગવાની ઘટના બની હતી. પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડે સત્વરે ઘટના સ્થળે અસરગ્રસ્ત લોકોની મુલાકાત લઈને તેમની પરિસ્થિતિથી વાકેફ થઈને લોકોને હૈયાધારણા આપી હતી અને અસરગ્રસ્તોને સરકારી સહાય ઝડપથી પ્રાપ્ત થાય તે માટે અધિકારીઓને સૂચના આપી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર કોઈ પણ કુદરતી આપત્તિ કે વિકટ સમયમાં અસરગ્રસ્તોની પડખે ઊભી છે.વરસાદ અને ભારે વાવાઝોડાની સ્થિતિને ધ્યાને રાખી વહીવટીતંત્ર સતર્ક છે.



**લોકાર્પણ :** મહેસાણાના વિજાપુર ખાતે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે રૂ. ૨૮૨ લાખના ખર્ચે નવનિર્મિત વિશ્રામ ગૃહ તેમજ રૂ. ૯૦ લાખના ખર્ચે તૈયાર થયેલા ફાયર સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું. આ તકે ગામડાઓમાં ઘન કચરાના નિકાલ માટે રૂ. ૩૧.૫૦ લાખના ખર્ચે ૯ ઇ-રિક્ષાઓને મંત્રી શ્રી સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.



**કાર્યક્રમ :** કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જૂનાગઢના ભેંસાણ ખાતે જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિ., જિલ્લા સહકારી મંડળીઓની કચેરી અને ભેંસાણ A.P.M.C.ના સંયુક્ત ઉપક્રમે સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં કૃષિ મંત્રીશ્રીના હસ્તે ખેડૂતો, સહકારી મંડળીઓના પ્રમુખ તથા મંત્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું.



**શુભકામનાઓ :** ગુજરાત રાજ્યમાં ફાળવાયેલા ભારતીય પ્રશાસનિક સેવાના વર્ષ 2024 ની બેચના 8 પ્રોબેશનર અધિકારીઓએ ગાંધીનગરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ગુજરાતમાં સેવાનો અવસર પ્રાપ્ત થવો તે સૌભાગ્યની વાત ગણાવી રાજ્યપાલશ્રીએ યુવા અધિકારીઓને પૂરી પ્રામાણિકતા અને મહેનતથી નાગરિકોની સેવા કરીને ફરજના કાર્યકાળને ગૌરવાન્વિત કરવા અને સફળતા પ્રાપ્ત કરવા શુભકામનાઓ પાઠવી હતી.

**વિકાસકામ :** બોટાદના મેઘવડીયા ગામે જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં વિવિધ ચેક ડેમોનાં ખાતમુહૂર્ત કરાયાં હતાં. જેમાં એક્રોસ કેરી રીવર ખાતે ના ચેકડેમ નં-1, હરીપર ચેકડેમ નં-1 અને લિંબાળી ચેકડેમ નં-1નો સમાવેશ થાય છે. આ ચેક ડેમ રૂ. 195.67 લાખના ખર્ચે તૈયાર થશે. ચેક ડેમના નિર્માણથી લાભિત વિસ્તારમાં પાણીની સમસ્યા દૂર થશે.



**વૃક્ષારોપણ :** રાજકોટમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઇ બેરાના હસ્તે કુવાડવાના ગિરનારી આશ્રમ ખાતે વન કવચનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બાદમાં મંત્રીશ્રીએ વનકવચ વિસ્તારમાં ફરીને વિવિધ વૃક્ષોનું નિરીક્ષણ પણ કર્યું હતું. આ તકે મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.





**પ્રતિભાવ :** શિક્ષણમંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે વડોદરાની મા ભારતી માધ્યમિક શાળાની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ શાળા સંચાલન સમિતિ અને વાલીઓ સાથે બેઠક યોજી વાલીઓ પાસેથી પ્રતિભાવો મેળવ્યા હતા. તેમણે નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આપવામાં આવતી સુવિધાઓ અંગે પણ માહિતી મેળવી હતી.



**બેઠક :** સુરતમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ દરમિયાન નવા સમાવેશ થયેલા ગામોને શહેર સાથે જોડતા માર્ગોના વિકાસ માટે ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ માર્ગોની ઝડપી કામગીરી માટે સુરત મનપા અને શહેરી વિકાસ વિભાગના અધિકારીઓને સૂચનો આપ્યા હતા.



**જળસુવિધા :** સુરતના ચોર્યાસી તાલુકાનાં વિવિધ ગામોમાં રૂ.૪.૧૭ કરોડનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે કર્યું હતુ. ચોર્યાસી તાલુકાના જુનાગામમનાં બે, સુંવાલીનાં બે અને રાજગરીના એક તળાવ મળી પાંચ તળાવોમાં સુંવાલી માઈનોર નહેરમાંથી પાઈપલાઈન બિછાવી મીઠા પાણીથી ભરવામાં આવશે, ૨.૭૫ ક્યુસેક પાણીનો સંગ્રહ થશે અને ગામલોકોને ફાયદો થશે.

**સંવાદ :** ગુજરાત ટેકનોલૉજિકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા ચાંદખેડા કેમ્પસ ખાતે 'નૅશનલ ઈનોવેશન પિચ ફેસ્ટ આઈડિયાથોન 2025: અવધારણા'ની ત્રીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિએ યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

**ખાતમુહૂર્ત :** પંચાયત અને કૃષિ રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે રૂ.૨.૯૯ કરોડના ખર્ચે નિર્માણ પામનાર છોટાઉદેપુર તાલુકા પંચાયત કચેરીનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ કચેરી રેઈન વૉટર હાર્વેસ્ટિંગ, આંતરિક સી.સી. રોડ જેવી આધુનિક સુવિધાથી સજ્જ થશે. કચેરીનું નિર્માણ થવાથી ૫૧ ગ્રામ પંચાયતમાં ૧૪૫ ગામોના વિકાસલક્ષી કામોને વેગ મળશે.







# ૨૦ હજારથી વધુ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણની ખાતરી

રાજ્ય સરકાર દ્વારા વિકસાવવામાં આવેલા કોમન પોર્ટલના માધ્યમથી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ઉત્તીર્ણ થઈને મેરીટમાં સમાવિષ્ટ થયેલા વિદ્યાર્થીઓને વિવિધ યોજનાઓમાં પ્રવેશની ઉત્તમ તક પૂરી પાડવાનો અભિગમ શિક્ષણ વિભાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અપનાવ્યો છે. શિક્ષણ વિભાગના રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા દર વર્ષે સમગ્ર રાજ્યમાં ધોરણ પાંચના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવતી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં આ વર્ષે સફળતા મેળવેલા ૨૦ હજાર કરતાં વધુ બાળકોની ૧૧૫ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટેની ઓનલાઈન ફાળવણી પ્રક્રિયા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગાંધીનગરથી સંપન્ન કરી હતી. આ અવસરે શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ વર્ષે ૨૨ માર્ચે સમગ્ર રાજ્યમાં ધોરણ પાંચના વિદ્યાર્થીઓ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ CETમાં સફળતા મેળવેલા ધોરણ પાંચના વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે ઓનલાઈન સ્કોલરશીપ અને નિવાસી શાળાની ફાળવણી કરી હતી. આ ફાળવણી અંતર્ગત ૪૨ જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં ૧૨,૪૫૦, ૧૩ સ્વામી વિવેકાનંદ ટ્રાયબલ જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં ૩૯૦૦, ૧૦ રક્ષાશક્તિ સ્કૂલમાં ૭૦૦ અને ૨ સૈનિક સ્કુલ સહિત ૫૦ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ્સ-EMRSમાં ૩૦૨૦ વિદ્યાર્થીઓની પ્રવેશ માટે ફાળવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૪,૫૯૫ કુમાર અને ૧૫,૪૦૫ કન્યાઓ મળીને કુલ ૩૦ હજાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ યોજના અન્વયે ૧૬ કરોડથી વધુની રકમ DBTના માધ્યમથી ચૂકવવાની પ્રક્રિયા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ યોજના રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઈડ શાળાઓના વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ સુધીનું શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થઈ શકે તે માટે આપવામાં આવે છે. આ માટેની પરીક્ષામાં ઉમેદવારીની પ્રક્રિયા પણ ઓનલાઇન કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે કુલ ૫૦,૦૭૦ જગ્યાઓ માટે વિદ્યાર્થીઓને નિવાસી શાળા અથવા સ્કોલરશીપની ઓનલાઈન ફાળવણી કરી છે.

### થેલિસિમિયા નાબૂદી માટે ગુજરાત બન્યું રોલમૉડલ

# ગુજરાતમાં કુલ ૧૫.૫૦ લાખથી વધુ લોકોના થેલિસિમિયા ટેસ્ટ કરાયા

**નીતિન રથવી**

થેલિસિમિયા એક અસાધ્ય વારસાગત રક્ત વિકાર રોગ છે, જે શરીરમાં હિમોગ્લોબીનના નિર્માણ ઉપર સીધી અસર કરે છે. લોકજાગૃતિ થકી આ ગંભીર રોગના પ્રમાણમાં ઘટાડો આવે તેમજ આ રોગ વિશે નાગરિકોની અજ્ઞાનતા દૂર થાય તે માટે દર વર્ષે ૮મી મે ના રોજ આંતરરાષ્ટ્રીય થેલિસિમિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આજે દેશ-દુનિયા સહિત ગુજરાત રાજ્ય પણ થેલિસિમિયા જેવી અસાધ્ય બીમારીને જડ-મૂળથી નાબૂદ કરવાની દિશામાં કામ કરી રહ્યું છે.

**થેલિસિમિયા નિવારણ માટે દેશમાં શ્રેષ્ઠ કામગીરી કરતું ગુજરાત**

ગુજરાતમાંથી થેલિસિમિયાને જડ-મૂળથી નાબૂદ કરવા માટે ગુજરાત સરકાર છેલ્લાં ૧૫ વર્ષથી શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. આ ક્ષેત્રે ગુજરાત અનેક નવતર પહેલો અને સુદૃઢ આયોજન સાથે અન્ય રાજ્યો માટે રોલમૉડલ બન્યું છે. રાજ્યની તમામ સરકારી હૉસ્પિટલો ખાતે આવતી ગર્ભવતી મહિલાઓના થેલિસિમિયા ટેસ્ટ રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે કરવામાં આવે છે.

ગુજરાત સરકાર દ્વારા થેલિસિમિયા નિવારણ માટે અનેક વિશેષ પહેલ કરવામાં આવી છે. આવી જ એક વિશેષ પહેલ છે - ત્રિસ્તરીય થેલિસિમિયા સ્ક્રીનિંગ. ભારત સરકાર, નૅશનલ હેલ્થ મિશન અને વિવિધ સેવાભાવી સંસ્થાઓની મદદથી યુનિવર્સિટી લેવલે જ વિદ્યાર્થીઓનું થેલિસિમિયા સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. ગુજરાતના કેટલાક સમાજ કે સમુદાયમાં થેલિસિમિયાનું પ્રમાણ વધુ જોવા મળતા રાજ્ય સરકારે કૉમ્યુનિટીબેઝ્ડ સ્ક્રીનિંગ અમલમાં મૂકી વિવિધ સંસ્થાઓ થકી આ સમુદાયોને થેલિસિમિયા અંગે જાગૃત કરવાની પણ વિશેષ પહેલ કરી છે.

**થેલિસિમિયા શું છે ? :** થેલિસિમિયા એક આનુવંશિક રોગ છે, જેમાં શરીર પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબીન બનાવવામાં નિષ્ફળ જાય છે. સામાન્ય રીતે આપણા લોહીમાં રક્તકણમાં હિમોગ્લોબીન નામનું એક પ્રોટીન હોય છે, જે માનવ શરીરનાં દરેક અંગો સુધી ઑક્સિજન પહોંચાડવાનું કામ કરે છે. આપણે જે ખોરાક લઈએ તેમાંથી લોહતત્ત્વ મળે છે અને હાડકાં વચ્ચે રહેલી અસ્થિમજ્જા (બોનમેરો) આ લોહતત્ત્વને હિમોગ્લોબીનમાં રૂપાંતર કરવાનું કામ કરે છે.

થેલિસિમિયાગ્રસ્ત વ્યક્તિની અસ્થિમજ્જાથી લોહતત્ત્વનું હિમોગ્લોબીનમાં રૂપાંતર થઈ શકતું નથી. પરિણામે શરીરના અન્ય અવયવોને પૂરતા પ્રમાણમાં ઑક્સિજન મળી શકતો નથી અને અવયવોની કાર્યક્ષમતા ઘટે છે. થેલિસિમિયાગ્રસ્ત વ્યક્તિના શરીરના અવયવો નબળા પડતા અંતમાં તેમણે અનેક સમસ્યાઓ અને બીમારીઓનો સામનો કરવો પડે છે.

**થેલિસિમિયાને અટકાવવા શું કરી શકાય?**

થેલિસિમિયા સામાન્ય રીતે બે પ્રકારનો હોય છે, થેલિસિમિયા માઇનર અને થેલિસિમિયા મેજર. માતા-પિતામાંથી કોઇપણ એકના રંગસૂત્રોમાં રહેલી ખામી કે વિકૃતિ બાળકમાં આવે, ત્યારે તે થેલિસિમિયા માઇનરનો શિકાર બને છે. જ્યારે, માતા-પિતા બંનેનાં રંગસૂત્રોમાં રહેલી ખામી કે વિકૃતિ બાળકમાં આવે ત્યારે તે થેલિસિમિયા મેજરનો શિકાર બને છે. થેલિસિમિયા મેજરને નિવારવા માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ઉપરાંત અન્ય કોઈ કાયમી ઇલાજ નથી. થેલિસિમિયાને જડમૂળથી જ નાબૂદ કરવા માટે દરેક વ્યક્તિએ લગ્ન પહેલાં અથવા ગર્ભ ધારણ કરે તે પહેલાં જ થેલિસિમિયા માઇનરનો ટેસ્ટ કરાવવો જોઈએ.



# જાવંત્રી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને NQAS એવૉર્ડ



ગુજરાત સરકારે આરોગ્ય સેવાનો વ્યાપ ગામડા સુધી વિસ્તાર્યો છે. જેને પરિણામે જનઆરોગ્યમાં સુધારો જોવા મળી રહ્યો છે. સમયાંતરે આરોગ્ય સેવાનું મોનિટરિંગ કરી ઉત્તમ ફરજ નિભાવનાર આરોગ્યધામને એવૉર્ડ આપવામાં આવે છે. તાજેતરમાં ગીર સોમનાથના તાલાલા તાલુકાના છેવાડાના ગામોમાં અને નેસ વિસ્તારમાં આરોગ્ય સેવા આપતા જાવંત્રીને રાષ્ટ્રીય કક્ષાનો NQAS (નૅશનલ ક્વૉલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ) એવૉર્ડ પ્રાપ્ત થયો છે.

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ગુણવત્તાયુક્ત કામગીરી કરનારા હેલ્થ સેન્ટર્સને એવૉર્ડ આપવામાં આવે છે. રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણ (NQAS) પ્રોગ્રામ હેઠળ જાવંત્રી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની આ એવૉર્ડ માટે પસંદગી કરાઈ હતી.

ગુણવત્તા, જ્ઞાન કૌશલ્ય ઇન્ફેક્શન કંટ્રોલ અને સ્વચ્છતાલક્ષી સ્વાસ્થ્ય સુવિધાઓ દર્દીઓમાં જાગૃતિ લાવવાની કામગીરી તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓ પ્રદાન કરવા બદલ જાવંત્રી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને આ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આરોગ્યલક્ષી સેવાઓના મૂલ્યાંકન અહેવાલમાં ૯૧.૫૮% ટકા સ્કોર મેળવનાર જાવંત્રી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને નૅશનલ લેવલનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

## મેટ્રો સ્ટાફની ઈમાનદારી, રૂ. ૪.૫૯ લાખની રોકડ ભરેલી બેગ મૂળ માલિકને પરત

અમદાવાદ શહેરમાં પરિવહનની પારાશીશી બનેલી મેટ્રો સેવા તેની પરિવહન સેવા સાથે નિષ્ઠા અને ઈમાનદારીની પણ પ્રતીતિ કરાવી રહી છે. કાલુપુર મેટ્રો સ્ટેશન પર એક મુસાફર રૂ. ૪.૫૯ લાખની રોકડ ભરેલી બેગ ભૂલી જતાં મેટ્રો સેવાના સુરક્ષા ટીમ અને અન્ય સ્ટાફે આ મુસાફરને તેની રોકડ બેગ પરત કરીને ઈમાનદારીનો પરિચય કરાવ્યો હતો. પોતાનો કિંમતી સામાન પરત મળતાં મુસાફર ખૂબ જ ભાવુક બની ગયા અને મેટ્રો સ્ટાફની ઈમાનદારી અને અસરકારક કામગીરી માટે દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.



## કારીગરોની મહેનત, 'ગરવી ગુર્જરી'નો મંચ,

# એક વર્ષમાં રૂ. ૩૧.૪૭ કરોડના વેચાણનો વિક્રમ



'ગરવી ગુર્જરી' થકી દેશ-વિદેશમાં રાજ્યના હસ્તકલા-હાથશાળ ઉત્પાદનો પહોંચ્યા છે. ગુજરાત સરકારના પ્રયત્નોથી હાથ બનાવટની વસ્તુઓ તરફ લોકોનો ઝુકાવ વધ્યો છે. ગ્રામ્ય હસ્તકલા-હાથસાળ કલાકારોને 'ગરવી ગુર્જરી'નો સથવારો મળ્યો છે. ગુજરાત રાજ્યની હસ્તકલાની વિરાસત ઘરચોળા કલાને જી.આઇ. ટેગ મળવો એ ગૌરવની વાત છે. ગુજરાત રાજ્ય હાથસાળ અને હસ્તકલા વિકાસ નિગમ છેલ્લાં ૫૨ વર્ષથી ગુજરાતના આ પરંપરાગત વારસાને જાળવી રહી છે. કારીગરોના સશક્તીકરણ અને કૌશલ્ય વિકાસ માટે ગરવી ગુર્જરી ડિઝાઇન તાલીમ માટે NIFT સાથે MOU, NID તરફથી કૌશલ્ય તાલીમ વર્કશોપનું આયોજન કરે છે. જેના પરિણામે કારીગરોને ઉચ્ચ ગુણવત્તાની હેન્ડલૂમ પ્રોડક્ટ્સ બનાવવા માટે જરૂરી કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ થયા છે.

નિગમ સાથે રાજ્યના આશરે ૮૦૦૦ કરતાં પણ વધારે કારીગરો જોડાયેલા છે. નિગમે આ કારીગરોના રૂ. ૨૦.૮૯ કરોડનાં ઉત્પાદનોની ખરીદી કરી રાજ્ય અને રાજ્યની બહાર આવેલ વેચાણ કેન્દ્રો થકી રૂ. ૧૪.૪૬ કરોડનાં ઉત્પાદનોનું વેચાણ કર્યું છે. કારીગરોને ઓપન માર્કેટ મળી રહે, તે માટે રાજ્ય અને રાજ્ય બહાર વિવિધ સ્થળોએ મેળા-પ્રદર્શનોનું માસવાર અસરકારક આયોજન કરી રૂ. ૧૭.૨૪ કરોડથી વધુનાં ઉત્પાદનોનું વેચાણ લક્ષ્ય હાંસલ કર્યું છે.

***વર્ષ ૨૦૨૩-૨૪માં છેલ્લાં ૫૦ વર્ષના ઇતિહાસમાં સૌથી મહત્તમ એટલે કે રૂ. ૨૫ કરોડથી વધુનાં ઉત્પાદનોનું વેચાણ થયું હતું. વર્ષે ૨૦૨૪-૨૫માં ગરવી ગુર્જરીએ ગત વર્ષનો રેકૉર્ડ તોડીને અંદાજિત રૂ. ૩૧.૭૦ કરોડનું વેચાણ હાંસલ કર્યું છે.***

***નિગમ દ્વારા વિવિધ સ્થળો પર ગુજરાતની હાથસાળ અને હસ્તકલાની વિવિધ કલાકૃતિઓની સુશોભનની કામગીરી કરવામાં આવી છે, સ્મૃતિવન, દાંડી કુટિર, નડાબેટ, શાળઘર ચોરણીયા તેમજ સાળંગપુર ખાતે ગરવી ગુર્જરીના નવા શોરૂમ ચાલુ કરવામાં આવ્યા છે. ગરવી ગુર્જરીના આ વર્ષે ગુજરાત ઉપરાંત , મુંબઈ, પૂણે, દિલ્હી, કોલકાતા, લખનૌ, અમૃતસર, ફરીદાબાદ(હરિયાણા), મૈસુર, ચંદીગઢ જેવાં મહત્ત્વનાં શહેરોમાં સૌથી વધુ પ્રદર્શનો જોવા મળ્યાં હતાં. 'ગરવી ગુર્જરી' એ હસ્તકલા-હાથશાળ ઉત્પાદનના વારસાને જાળવી રાખવા માટે તેમજ કારીગરોની હસ્તકલાને લોકો સુધી પહોચાડવા માટેનો સેતુ છે.***

# પેન્શનરોની હયાતીની ખરાઇ કરવા ટપાલી ઘરે આવશે

**નિર્ણય :** ગુજરાતનાં પેન્શનરો અને તેમાં પણ ખાસ કરીને વૃદ્ધ પેન્શનરોને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા હયાતી(લાઇફ સર્ટિફિકેટ) ની ખરાઈ તેમના ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરાયો છે. જે માટે ગાંધીનગરમાં ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

**લાભ :** રાજ્યનાં પેન્શનરોએ હયાતીની ખરાઈ માટે સંબંધિત કચેરી અથવા બેંકમાં જવું પડે છે. જેમાં વૃદ્ધ પેન્શનરોને શારીરિક અશક્તતાને પરિણામે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ નિર્ણયના પરિણામે રાજ્યની પોસ્ટ ઑફિસ/ઇન્ડિયન



પોસ્ટ પેમેન્ટ બેન્ક મારફત પેન્શનરોને આ સેવા ઉપલબ્ધ થશે. આ સેવા અંતર્ગત પેન્શનરોના ઘર-આંગણે રૂબરૂ મુલાકાત કરી હયાતીની ખરાઈ સંપૂર્ણપણે નિ:શુલ્ક કરવામાં આવશે. આ સેવા પેન્શનરોને મદદ કરવા માટે એક વધારાના વિકલ્પ તરીકે કાર્યરત કરવામાં આવી છે. હાલના હયાતીની ખરાઈના અન્ય વિકલ્પો પેન્શનર્સ માટે ખુલ્લા રહેશે. આ નિર્ણયથી રાજ્યનાં આશરે પાંચ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો લાભ મળશે.

**કેવી રીતે થશે ખરાઈ ? :** પેન્શનર્સને ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ આપવામાં આવે છે. જેને હવે IPPBની ટીમને સંપર્ક કરવાથી અથવા તેમની પોસ્ટ બૅંકની ટીમ સામે ચાલીને દરેક પેન્શનર્સના ઘરે જશે. તેમની જોડે ઉપલબ્ધ મોબાઇલ લાઇફ સર્ટિફિકેટના સૉફ્ટવેરમાં પી.પી.ઓ. નંબર, આધાર નંબર, બૅંક એકાઉન્ટ ડિટેલ, મોબાઇલ નંબર જેવા મહત્ત્વના ડેટા નાંખીને પેન્શનરની બાયોમેટ્રિક લેશે. જેના પરિણામે ગણતરીની મિનિટમાં જ પેન્શરન્સના ડિજિટલી બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનથી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ ઇસ્યુ થઇ જશે. જેની એક ડિજીટલ નકલ પેન્શન ઓફિસમાં પણ પહોંચી જશે. અન્ય રાજ્યમાં રહેતાં અને મૂળ ગુજરાતનાં પેન્શનર્સને પણ આ સેવાનો લાભ મળશે. જેના માટે તેઓને નજીકના પોસ્ટ ઑફિસ કે પોસ્ટમેનને સંપર્ક કરવાનો રહેશે.

# પ્રોત્સાહક ઇનામની રકમમાં રૂ. ૨૦ હજાર સુધીનો વધારો

**નિર્ણય :** "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઇનામ" યોજના અંતર્ગત ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઇનામની રકમમાં રૂ. ૨૦ હજારનો સુધીનો વધારો કરાયો છે.

**વધારો :** આ યોજના હેઠળ રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવે છે. રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને પહેલાં રૂ. ૩૧ હજાર આપવામાં આવતા હતાં, જેમાં વધારો કરીને હવે રૂ. ૫૧ હજાર પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે. દ્વિતીય ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને રૂ. ૨૧ હજારમાં વધારો કરીને રૂ. ૪૧ હજાર તથા તૃતીય સ્થાને આવનાર વિદ્યાર્થીને અગાઉ રૂ. ૧૧ હજારના બદલે વધારો કરીને રૂ. ૩૧ હજાર પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.

આ ઉપરાંત ધો. ૧૦ અને ૧૨માં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને પહેલા રૂ. ૬ હજાર અપાતા હતાં જેમાં વધારો કરીને રૂ. ૧૫ હજાર પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે. દ્વિતીય ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને રૂ. ૫ હજારમાં વધારો કરીને રૂ. ૧૧ હજાર આપવામાં આવશે તથા તૃતીય સ્થાને આવનાર વિદ્યાર્થીને અગાઉ રૂ. ૪ હજાર આપવામાં આવતા હતા જેમાં વધારો કરીને રૂ. ૯ હજાર પ્રોત્સાહક ઇનામ તરીકે આપવામાં આવશે. વિદ્યાર્થીઓને નિયત કરેલ મળવાપાત્ર ઇનામની રકમ DBT પદ્ધતિથી અપાશે. આ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના સફળ માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૫૩ લાખની મંજૂરી આપવામાં આવી છે.

# શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દ | રિ | યા | પી | ર | નો | ઘો | ડો | ગો |
| ભો | ગાં | લ | જ | ણો | ઘ | ષ | અ | ળ |
| ળા | ધી | ત | ન | ત્સ | રૂ | શો | ના | ઘો |
| ના | ન | ર | કા | વ | પા | હા | થો | ડી |
| થ | ગ | ણે | ત્યો | ગ | લ | ના | નો | મે |
| કા | ર | ત | ક | વ | રા | ણા | મે | ળો |
| ફ | ગ | ર | બા | રી | જ | ચ | ળો | ઠા |
| આ | દિ | વા | સી | છ | કો | પાં | ચ | ભા |
| ળો | વા | ડી | પુ | લ | ટ | આ | મ | લી |

1. પાટણ જિલ્લામાં યોજાતો મીની તરણેતરના મેળા તરીકે ઓળખાતો મેળો.
2. સૌરાષ્ટ્રના પોરબંદરમાં માધવપુર ઘેડનો મેળો કેટલા દિવસ યોજાય છે?
3. સિદ્ધપુર સરસ્વતી નદીની કૂખમાં કાર્તિકી પૂનમની રાત્રીએ ક્યો મેળો ભરાય છે?
4. દાહોદ જિલ્લાના ઘણા સ્થળે....અગિયારસનો મેળો ભરાય છે.
5. સુરત જિલ્લામાં યોજાતા ક્યાં મેળાની હાટમાં લોકો પૂજા માટે ઉપયોગી માટીના વાસણો ખરીદવા એકત્ર થાય છે?
6. ગોરસનો લોકમેળો ક્યાં યોજાય છે?
7. કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિના દર્શન કરાવતો મેળો.
8. ગુજરાતમાં પ્રથમ પતંગ મહોત્સવ ક્યાં ઉજવાયો હતો ?
9. આણંદ જિલ્લાના ખંભોળજ ખાતે યોજાતો રોમન કેથોલિક ખ્રિસ્તી ધર્મનો મેળો ક્યાં નામે ઓળખાય છે?
10. અખાત્રીજના દિવસે ઊજવવામાં આવતા 'મંડા' નામના પર્વમાં કોની પૂજા કરવામાં આવે છે?
11. ભાદરવા સુદ ત્રીજના દિવસે સવારે મહાદેવના પૂજન બાદ ક્યો મેળો શરૂ થાય છે?
12. ઉંદરિયો દેવ ક્યાં સમાજનો ઉત્સવ છે?
13. ગાંધીનગરથી ૧૩ કિલોમીટરના અંતરે આવેલા ક્યાં ગામમાં પલ્લીનો મેળો યોજાય છે?
14. પુંજનો ઉત્સવ સૌરાષ્ટ્રના કયા સમાજ સાથે જોડાયેલો છે?
15. કયો ઉત્સવ ઉજવ્યા વિના કતપર ગામના કોળી દરિયાખેડુ લોકોમાં લગ્નનો ઉત્સવ ઉજવી શકાતો નથી ?
16. ભીલ આદિવાસીઓનો મુખ્ય મહોત્સવ.
17. તાનારીરી મહોત્સવનો પ્રારંભ ......સુદ નોમથી થાય છે.

**જવાબ** ૧. વરાણાનો મેળો, ૨. પાંચ, ૩. કાત્યોક, ૪. આમલી, ૫. ગોળ-ઘોડીનો મેળો, ૬. રાજકોટ, ૭. રવાડી, ૮. ગાંધીનગર, ૯. અનાથોનો મેળો, ૧૦. ભોળાનાથ, ૧૧. તરણેતર, ૧૨. આદિવાસી, ૧૩. રૂપાલ, ૧૪. રબારી, ૧૫. દરિયાપીરનો ઘોડો, ૧૬. ગવરી, ૧૭. કારતક

# ડુંગળીના ફાયદાઓ

**વૈદ્ય મહેશ અખાણી**

ભલે ક્યાંક રૂઢી અને રીતી રિવાજમાં કે પછી તેની દુર્ગંધના કારણે ઘણાં લોકો લસણ અને ડુંગળી આહાર કે ઔષધ સ્વરૂપે સ્વીકારતાં નથી પરંતુ આ દ્રવ્યો એટલા બધા બળ આપનાર અને ધાતુપુષ્ટિ કરનાર છે કે, જે લોકો સતત મહેનત અને શ્રમનું કામ કરે છે તેમને માટે આ સસ્તું, સરળ અને સહજપ્રાપ્ય ઉત્તમ દ્રવ્ય છે

**ડુંગળી :** ડુંગળીને ગામડામાં કાંદો કહે છે, સંસ્કૃતમાં તેને પલાંડુ કહે છે. પલતિ રક્ષતિ બલવીર્યપ્રદાનેન – જે બળ અને વીર્ય વધારી લોકોનું રક્ષણ કરે છે એટલેકે મરદનો તે બાંધો બનાવનાર છે તેથી તેને પલાંડુ કહે છે. ડુંગળી સ્વાદમાં તીખી, ગુણમાં બહુ ગરમ નહિ તેવી તથા પચવામાં ભારે અને પચ્યા પછી મીઠી અને વાયુનો નાશ કરનાર છે.

- ✸ નાકમાંથી લોહી પડતું હોય તો નાકમાં ડુંગળીના રસના ટીપાં નાખવાં.
- ✸ મસામાં લોહી પડતું હોય તો એકલી ડુંગળી ખાવી.
- ✸ હેડકી કે શ્વાસનો હુમલો થાય ત્યારે નાકમાં ડુંગળીના રસના ટીપાં નાખવાં, ડુંગળીનો ઉકાળો પીવો.



- ✸ ડુંગળી મળને રોકનાર છે તેથી ઝાડા મટાડે છે, અપાન વાયુને બહાર કાઢે છે. પચવામાં ભારે હોવાથી તે ખાધા પછી પેટ ભારે થાય તેથી કબજિયાતનો અનુભવ થાય પરંતુ મહેનતુને માટે તો ઉત્તમ ઔષધી છે છતાં પણ તેને ઓછી માત્રામાં ખાવી, વધુ ખાવાથી મળ- મૂત્રમાં બળતરા થાય અને તેનો વેગ રોકાઈ જાય તો ગંભીર બીમારી પણ આવી શકે છે.
- ✸ કાનના ચસકામાં ડુંગળીના ગરમ કરેલા રસના કાનમાં ટીપાં નાખવાં.
- ✸ ડુંગળીના સેવનથી ઊંઘ સારી આવે છે. ડુંગળીને દૂધ સાથે કે રાત્રે ખાવી જોઈએ નહિ તે પચવામાં ભારે હોવાથી જે મહેનતુ લોકો છે તેમના માટે તે સંજીવની સમાન છે. બેઠાડુ અને ઓછી મહેનત કરવાવાળા લોકોએ ડુંગળીનું સેવન કરવું જોઈએ નહિ.



# કેરીની કમાલ... વર્ષે રૂ. ૧ કરોડની કમાણી

**રાજકુમાર**

શું આંબાનો બગીચો અને એ પણ રાજકોટ જિલ્લામાં..? હા, અને એક નહીં, બે નહીં, પૂરી ૮૦ પ્રજાતિની કેરીના બે હજાર જેટલા આંબાનો બગીચો અને તેમાં પણ ઝૂમખામાં લચકતી કેરીઓ ખેડૂત જયસુખભાઈ રાદડિયાના આંબાવાડિયામાં જોવા મળે છે.

***લોકોના સ્વાસ્થ્યની ખેવના કરતાં જયસુખભાઈ જણાવે છે કે, અમારા બગીચાની કેરીઓ ઑર્ગેનિક છે. કુદરતી રીતે જ કેરીનું ઉત્પાદન કરીએ છીએ. આંબાના ઉછેર દરમ્યાન રાસાયણિક ખાતર કે પેસ્ટિસાઇડનો ઉપયોગ કર્યો નથી. આંબાને અમે ગૌમૂત્ર, છાણ, ગૉળ, લીંબોળીમાંથી બનાવેલું જીવામૃત પાણી સાથે આપીએ છીએ. મોટાભાગે આંબા કે કેરીને કોઈ પ્રકારનો રોગ થતો નથી, જરૂર પડે ત્યારે ગૌમૂત્ર, છાસ, ગૉળનો અર્ક સ્પ્રે કરીએ છીએ.***

આંબાવાડિયાની સફર વિશે વાત કરતાં જયસુખભાઈ કહે છે કે, કોરોના લોકડાઉન પછી મેં વિચાર્યું કે મારે વાડીમાં બાગાયત પાક શરૂ કરવો છે. આથી ભારતીય વૈજ્ઞાનિકોએ તૈયાર કરેલા અવનવા આંબાના છોડ મગાવ્યા. ચાર વર્ષની મહેનત બાદ આંબા ઉપર કેરીઓ આવી. ઉપરાંત, ઉત્તરપ્રદેશમાં ઇન્ડો ઇઝરાયલ એગ્રિકલ્ચર પ્રોજેક્ટ અંતર્ગત કેરીની અવનવી જાત તૈયાર કરતા સેન્ટરની વાત મારા ધ્યાને આવતા અરુણિકા, અંબિકા, લાલિમા, મલ્લિકા જેવી સ્વદેશી કેરીની કલમો મંગાવી. આ કેરી ૪૦૦થી વધુ ગ્રામની થાય છે, વધુ પાક આવે છે અને વર્ષમાં એકથી વધુ વાર અને મોટા ભાગે ઑગસ્ટ પછી પણ આ કેરીઓનો પાક આવે છે.

જયસુખભાઈ મિયાઝાકી, જાપાની કિંગ, ચતા પતા, તાઈવાન રેડ, ભાગલપુર મેંગો જરદાલુ, માઝા ટેસ્ટ કેરી, સ્વર્ણ રેખા, ઓલટાઇમ ઝુમ્ખાવલી કેરીઓ પણ ઉગાડે છે. તેમણે બાગમાંથી આર્થિક ઉપાર્જન માટે આંબાની કલમો તૈયાર કરવા નર્સરી બનાવી છે, જેમાં ગત સિઝનમાં દસ હજાર જેટલી કલમો બનાવી ખેડૂતોને વેચી. જેમાંથી એક કરોડથી વધુની આવક થઈ હતી. તેઓ ગાય આધારિત ખેતી કરી મીઠી મધુરી કેરીઓ વેચી આવક તો મેળવે જ છે ઉપરાંત ફાર્મની મુલાકાતે આવતા ખેડૂતોને કેરીઓ ચખાડી ખેડૂતોને બાગાયતી કેરીની ખેતી કરવા પ્રેરણા આપી રહ્યા છે.



# સેવાની સુવાસના સંવાહક "મુકેશભાઈ"

**અરૂણા ડાવરા**



**તારો વૈભવ રંગમોલ સોનું ને ચાકર ધાડું,**
**મારે ફળિયે ચકલી બેસે તે મારું રજવાડું,**

ચીં...ચીં...કરતી આકાશે ઊડતી ચકલી કોને પ્રિય ન હોય ! ચકલીની વાત નીકળે તો રમેશ પારેખની આ પંક્તિ યાદ આવ્યા વિના ન રહે. છેલ્લા કેટલાક સમયથી સમગ્ર વિશ્વમાં ચકલીની વસ્તી ચિંતાજનક રીતે ઘટી રહી છે. ચકલીઓની ઘટતી સંખ્યા સામે લોકજાગૃતિ માટે દર વર્ષે ૨૦ માર્ચના રોજ "વિશ્વ ચકલી દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. આજે ચકલીનું અસ્તિત્વ જોખમાયું છે ત્યારે તેને ઘરેઘરે સ્થાન અપાવવા પક્ષીપ્રેમીઓ અવસર શોધમાં હોય છે. સુરેન્દ્રનગર જિલ્લાના આવા જ એક પક્ષીપ્રેમી શિક્ષક આચાર્ય મુકેશભાઈ બદ્રેશિયાએ પોતાના દીકરાના સત્કાર સમારંભને સેવાનો અવસર એટલે કે ચકલી દિવસની ઉજવણી જેવો માહોલ બનાવ્યો હતો.



દર વર્ષે ૧,૦૦૦ ચકલીઘર વિતરણનો સંકલ્પ કરનાર મુકેશભાઈએ દીકરાના લગ્નના રિસેપ્શનમાં પધારેલા તમામ મહેમાનોને ચકલીઘર ભેટમાં આપી ચકલી બચાવો અભિયાનને વેગવંતુ બનાવી સમાજને પક્ષીપ્રેમનો સંદેશો આપ્યો હતો. નવદંપતીએ સપ્તપદીના સાત ફેરા લઈ અને પ્રભુતામાં પગલાં માંડ્યાં ત્યારે, વિવિધ ક્ષેત્રમાં સેવારત રહેતી સાત સેવાભાવી વ્યક્તિઓનું સન્માન પણ કરાયું. સપ્તપદીના સાત ફેરા સાથે સાત સેવા સંકલ્પો કરવામાં આવ્યા હતા.

***લાકડાનું એક ચકલીઘર બનાવવાનો ખર્ચ રૂ.૬૫થી ૭૦ થાય છે. વર્ષે ૧,૦૦૦ ચકલી ઘર વિતરણનો મુકેશભાઇએ સંકલ્પ લીધો હતો. જે આજ સુધી જાળવી રાખતા સ્વખર્ચે ૧૮ વર્ષમાં ૧૮,૦૦૦થી વધુ ચકલીઘરનું વિતરણ કર્યું છે.***

## 'ચકલી બચાવો' અભિયાનમાં શાળાનાં બાળકોને જોડયાં

*ભારતમાં મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિનો પરિચય કરાવનાર શિક્ષણવિદ ગિજુભાઈ બધેકાએ બાળકોને ખૂબ નજીકથી જોયાં અને સમજ્યાં એટલે જ તો તેમને 'મુછાળી મા'નું બિરુદ મળ્યું હતું. આ એક ઉદાહરણ બતાવે છે કે, શિક્ષક વિદ્યાર્થીઓ માટે સર્વસ્વ હોય છે. પે સેન્ટર શાળા નંબર ૧૬માં આચાર્ય તરીકે ફરજ બજાવતા મુકેશભાઈએ 'ચકલી બચાવો અભિયાન'માં શાળાનાં બાળકોને પણ જોડ્યાં છે. તેઓ જણાવે છે કે, ચકલી આંગણાનું પક્ષી છે. પણ હવે ભાગ્યે જ ચકલીનો માળો ઘર આંગણે જોવા મળે છે. લોકો ઘરમાં કચરો થવાની બીકથી માળો કરવા દેતા નથી. શાળાનાં બાળકોમાં શિક્ષણની સાથે આવી સમજણ કેળવાય તેવા આશયથી પરીક્ષા બાદ વૅકેશનમાં બાળકોના સમયનો સદુપયોગ કરવા માટે ચકલી ઘરના લાકડામાં ખીલી મારવાની ટ્રેનિંગ આપીને તેમની પાસે જ ચકલી ઘર બનાવડાવું છું. આગામી વૅકેશનમાં ૫૦-૫૦ની ટુકડીમાં ૩૦૦ વિદ્યાર્થીને ટ્રેનિંગ આપીશું. તેમની આ પહેલમાં ઘણી શાળાઓ, સોસાયટીઓ, શિક્ષકો અને સંસ્થાઓ પણ જોડાઈ છે.*





# યુદ્ધ જેવી સ્થિતિમાં સાયબર હેકિંગ : સાયબર સુરક્ષા અવેરનેસ

**વિપુલ ચૌહાણ**

યુદ્ધ જેવા તણાવયુક્ત વાતાવરણમાં સાયબર હુમલાઓની સંભાવના વધી શકે છે. આવા સમયે હેકર્સ દ્વારા મોબાઇલ, લેપટૉપ, કૉમ્પ્યૂટર અને અન્ય ડિજિટલ ઉપકરણોને નિશાન બનાવવામાં આવી શકે છે.

આ હુમલાઓ ફિશિંગ, માલવેર, DDoS ઍટેક, ડેટા ચોરી અથવા વેબસાઇટ ડિફેસમેન્ટ જેવા વિવિધ સ્વરૂપોમાં હોઈ શકે છે. આવી પરિસ્થિતિમાં નાગરિક તરીકે આપણે સાયબર સુરક્ષા પ્રત્યે સજાગ રહેવું અત્યંત જરૂરી છે. આ લેખમાં આપણે ચર્ચા કરીશું કે આવા હુમલાઓથી બચવા માટે નાગરિકોએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ.

## શું ન કરવું?

- અજાણી લિંક્સ પર ક્લિક ન કરો
- અજાણ્યા સોર્સમાંથી ઍપ્લિકેશન ડાઉનલોડ ન કરો
- સાર્વજનિક Wi-Fi નો ઉપયોગ ટાળો
- અજાણ્યા ઇ-મેલનાં એટેચમેન્ટ ખોલવાનું ટાળો
- સામાન્ય પાસવર્ડનો ઉપયોગ ન કરો
- સોશિયલ મીડિયા પર વધુ પડતી માહિતી શેર ન કરો
- શંકાસ્પદ કોલ્સ અથવા મેસેજનો જવાબ ન આપો

## શું કરવું?

- મજબૂત પાસવર્ડનો ઉપયોગ કરો
- ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન (૨FA) ચાલુ કરો
- એન્ટિ-વાઇરસ સોફ્ટવેરનો ઉપયોગ કરો
- સોફ્ટવેર અને ઓપરેટિંગ સિસ્ટિમ અપડેટ રાખો
- શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરો
- જો તમને લાગે કે તમારું એકાઉન્ટ હેક થયું છે અથવા શંકાસ્પદ ઇ-મેલ/મેસેજ મળ્યો છે, તો તાત્કાલિક તેની જાણ સંબંધિત બેંક અને સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર કરો.
- સાયબર સુરક્ષા વિશે જાગૃત રહો
- સાયબર સુરક્ષા વિશે નિયમિતપણે માહિતી મેળવો. સરકાર અને સાયબર સુરક્ષા એજન્સીઓ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી એડવાઇઝરી વાંચો અને તેનું પાલન કરો.
- ફિશિંગ ઇ-મેલની ઓળખ કરો: જો ઇ-મેલમાં વ્યાકરણની ભૂલો, અજાણ્યું એડ્રેસ, અથવા ઇમર્જન્સી જેવી ભાષા (જેમ કે "તમારું એકાઉન્ટ ૨૪ કલાકમાં બંધ થશે") હોય, તો તે ફિશિંગ હોઈ શકે છે.

## સરકારી સંસાધનો

ભારત સરકારે સાયબર સુરક્ષા માટે ઘણી પહેલ કરી છે, જેનો લાભ લઈ શકાય:

- નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ: www.cybercrime.gov.in
- સાયબર સ્વચ્છતા કેન્દ્ર www.cyberswachhtakendra.gov.in
- સાયબર દોસ્ત: સાયબર સુરક્ષા જાગૃતિ માટે સોશિયલ મીડિયા હેન્ડલ (@Cyberdost)

યુદ્ધ જેવા તણાવયુક્ત વાતાવરણમાં સાયબર હુમલાઓનું જોખમ વધી શકે છે, પરંતુ યોગ્ય સાવચેતી અને જાગૃતિ દ્વારા આપણે આ જોખમોને ઘટાડી શકીએ છીએ.

સ્ટે સેફ, સ્ટે સિક્યોર !


# અગત્યના ડોક્યુમેન્ટ સાચવવાનું સરળ સ્થળ

DigiLocker
Your documents anytime, anywhere




હર્ષદ રૂપાપરા

નાગરિકોને ઝડપી, સરળ અને પારદર્શી સેવા આપવા રાજ્ય અને કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે. ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ડિજિટલ ટૅક્નોલૉજીના ઉપયોગ દ્વારા નાગરિકોને ઘર બેઠા વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. દેશમાં ડિજિટલ ક્ષેત્રને વેગ આપવા વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૧૫માં ડિજિટલ ઇન્ડિયા અભિયાનની શરૂઆત કરાવી નાગરિક સેવાઓને વધુ સરળ બનાવી. આ અભિયાન અંતર્ગત ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલય દ્વારા ડિજિટલ લોકર DigiLockerની શરૂઆત કરવામાં આવી છે. આ એક ડિજિટલ પ્લેટફોર્મ છે, જેમાં નાગરિકો પોતાના મહત્ત્વના દસ્તાવેજો ડિજિટલ રૂપે સંગ્રહિત કરી શકે છે અને જરૂર પડે તાત્કાલિક સરળતાથી ઍક્સેસ કરી શકે છે.




### રજિસ્ટ્રેશન કેમ કરશો?

- સૌ પ્રથમ કોઈ બ્રાઉઝરમાં જઈને www.digilocker.gov.in સર્ચ કરો અથવા DigiLocker એપ ડાઉનલોડ કરો
- હવે તમારો મોબાઇલ નંબર દાખલ કરો અને OTPથી વેરીફાઇ કરો
- ત્યારબાદ આધાર નંબર આપો અને બીજા OTP વડે ચકાસણી કરો
- હવે DigiLockerમાં તમારો યુઝરનેમ અને પાસવર્ડ ક્રિએટ થઈ જશે.

### ડોક્યુમેન્ટ અપલોડ કરવા શું કરશો?

- સૌ પ્રથમ કોઈ બ્રાઉઝરમાં જઈને www.digilocker.gov.in સર્ચ કરી તમારું Username અને Password વડે લૉગિન કરો
- Upload Documents પસંદ કરીને તમારા સ્કેન કરેલા દસ્તાવેજો અપલોડ કરો
- Issued Documents વિભાગમાં તમે સરકારી વિભાગો દ્વારા આપેલા દસ્તાવેજો આપમેળે જોઈ શકો છો.

### ક્યા ક્યા દસ્તાવેજો સ્ટોર કરી શકાય?

• આધાર કાર્ડ • પાન કાર્ડ • ડ્રાઇવિંગ લાયસન્સ • શૈક્ષણિક પ્રમાણપત્રો (જેમ કે ૧૦મી, ૧૨મીની માર્કશીટ) • રેશન કાર્ડ • વાહન નોંધણી પ્રમાણપત્ર (RC) • પાસપોર્ટ • મતદાર ઓળખપત્ર (Voter ID)

### કોને કોને ફાયદો થઈ શકે છે?

**વિદ્યાર્થીઓને :** સ્કૂલ/કૉલેજની માર્કશીટ, ટ્રાન્સફર સર્ટિફિકેટ, સ્કોલરશિપ માટેના દસ્તાવેજ, અભ્યાસના જરૂરી પ્રમાણપત્રોની વારંવાર નકલ લાવવાની જરૂર નહીં રહે.

**પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને :** ઓનલાઇન અરજી કરતા સમયે આધાર, પાન, જન્મપ્રમાણપત્ર, કાસ્ટ સર્ટિફિકેટ વગેરે ઝડપથી રજૂ કરી શકે છે.

**સામાન્ય નાગરિકોને :** Driving License, PAN Card, RC બુક જેવા દસ્તાવેજો હવે ફ્રીમાં મોબાઇલમાં સંગ્રહિત રહી શકે છે.

**સિનિયર સિટીઝનને :** પેન્શન સંબંધિત દસ્તાવેજો, જીવન પ્રમાણપત્ર વગેરે સરળતાથી સ્ટોર કરી શકાય છે.

**ડ્રાઇવરો અને વાહન માલિકોને :** RC, પીયુસી, ઇન્શ્યોરન્સ પેપર જેવા દસ્તાવેજો ફોનમાં જ ડિજિટલ રીતે રજૂ કરી શકે છે - ફિઝિકલ પેપરની જરૂર નથી.

# સોમનાથની સફરે


વિવેક ગોહેલ

**આ સૃષ્ટિ છે ના સાંકડી**
**એમાં મળી જો બે ઘડી,**
**ગાવા વિષે, ન્હાવા વિશે તો**
**આજની ના કાલ કરીએ!**
**ચાલ ફરીએ!**

કવિ નિરંજન ભગતની આ પંક્તિઓ કોઈપણ વ્યક્તિને પ્રવાસ કરવા પ્રેરે છે. પ્રવાસ ક્રાંતિ, પરિવર્તન, ખુશીઓ અને સરવાળે શ્રેષ્ઠ વ્યક્તિત્વ નિર્માણ માટેનું કારણ બને છે, અનેક ઐતિહાસિક પાત્રોએ આ વાતને તેમના પ્રવાસ અને પ્રવાસમાં થયેલા સ્વાનુભવોથી સાબિત કરી છે. ગુજરાત પાક્ષિક વાચક મિત્રોના મનમાં રહેલા પ્રવાસીને પ્રોત્સાહિત કરવા માટે 'રખડપટ્ટી' શીર્ષક સાથે પ્રવાસ માટે ઉપયોગી વિશ્વસનીય માહિતી આ કૉલમ હેઠળ નિયમિત આપને આપશે.

કોઈપણ શુભ કાર્ય માટે આમ તો, ગજાનન ગણપતિ દેવનું સ્મરણ આપણે કરતા હોઈએ છીએ. રખડપટ્ટીના સૌ પ્રથમ સોપાનમાં ભગવાન ગણેશજીના પિતા અને દેવાધિદેવ મહાદેવની આસ્થા, ઊર્જા અને ચેતનાના કેન્દ્રસ્થાન સોમનાથથી શરૂઆત કરીએ. ગુજરાતનાં પશ્ચિમ કિનારે સૌરાષ્ટ્રમાં વેરાવળ નજીક પ્રભાસ પાટણમાં આવેલું સોમનાથ મંદિર શિવના બાર જ્યોતિર્લિંગ મંદિરમાં સૌ પ્રથમ માનવામાં આવે છે. તે ગુજરાતનું એક મહત્ત્વપૂર્ણ યાત્રાધામ અને પ્રવાસી સ્થળ છે.

ઈતિહાસમાંથી મળતી નોંધ પ્રમાણે આ હિન્દુ મંદિરનું સ્થાપત્ય અને તેનો અંતિમ જીર્ણોદ્ધાર રાજમાતા અહલ્યાબાઈ હોલકરે કરાવ્યો હતો અને તેનું પુનઃનિર્માણ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે મે ૧૯૫૧માં કરાવ્યો હતો. આ મંદિરે અનેક સદીઓના ઉતાર-ચઢાવ, સૂર્યોદય-સૂર્યાસ્ત જોયા છે.



## નજીકના સ્થળો

સોમનાથની મુલાકાત વેળાએ નજીકના સ્થળોની મુલાકાત પણ અચૂક લેશો. સોમનાથ મંદિર પરિસરથી નજીક આવેલા આ સ્થળોની મુલાકાત તમે લઈ શકો છો.

**રાણી અહલ્યાબાઈ સ્થાપિત મંદિર:** આ મંદિરને જૂનું સોમનાથ મંદિર પણ કહેવામાં આવે છે. મહારાણી અહલ્યાબાઈની ઈચ્છાથી ઇ.સ.૧૭૮૩ અહી શિવલિંગની સ્થાપના કરવામાં આવી હતી.

**બાણ ગંગા:** સોમનાથ મંદિરથી અંદાજિત ૧ કિમીએ આવેલ આ બાણ ગંગા સ્થળ દરિયા કિનારે છે જ્યાં ભગવાનનું શિવલિંગ દરિયાકાંઠે છે

**ભીડભંજન મહાદેવ :** દરિયા કાંઠે આવેલ આ શિવજીનું મંદિર ખૂબ જ સુંદર છે.

**ભાલકા તીર્થધામ :** ભાલકા તીર્થધામ એ મંદિર છે જ્યાં ભગવાન શ્રી કૃષ્ણએ પોતાનો દેહ ત્યાગ કર્યો હતો. આ મંદિરના પરિસરમાં પ્રગટેશ્વર મહાદેવનું મંદિર પણ આવેલું છે.

**ગૌલોકધામ તીર્થ :** સોમનાથ મંદિરની બાજુમાં નદી કિનારા પાસે ગૌલોકધામ તીર્થ આવેલું છે જ્યાં ઘણા બીજા મંદિરો પણ આવેલા છે

**પાંચ પાંડવ મંદિર :** હિંગળાજ માતા ગુફા - સૂર્ય મંદિરઃ અહી પાંચ પાંડવોનું મંદિર આવેલું છે, સાથે જ હિંગળાજ માતાની ગુફા અને મંદિર આવેલું છે.

**ત્રિવેણી સંગમ :** અહી ત્રણ નદીઓનો સંગમ થાય છે. હિરણ, કપિલા અને સરસ્વતિ નદીના સંગમ પરનું આ રમણીય સ્થાન છે. અહીં પિતૃતર્પણનું પણ અનેરું મહત્ત્વ છે.

## કેવી રીતે પહોંચશો?

**હવાઈ માર્ગે:** સોમનાથ જવા માટેની મોટા શહેરો પરથી કોઈ રેગ્યુલર ફ્લાઈટ નથી. નજીકનું વિમાનમથક દીવ, કેશોદ અને પોરબંદર છે. સોમનાથ મંદિર દીવથી આશરે ૭૯.૯ કિમીનાં અંતરે છે. અને પોરબંદરથી આશરે ૧૩૧ કિમીનાં અંતરે છે. કેશોદ એરપોર્ટથી સોમનાથનું અંતર ૬૪ કિમી છે. • **રેલ માર્ગે:** સોમનાથ નિયમિત ટ્રેનો મારફતે દેશના અન્ય મોટા શહેરો સાથે સારી રીતે જોડાયેલું છે. રેલવે સ્ટેશન સોમનાથ (એસએમએનએચ) • **રોડ માર્ગે:** સોમનાથ માટે મોટા શહેરોમાંથી સરળતાથી નિયમિત બસસેવા મળી જશે બસ સ્ટેશન, સોમનાથ.

# ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના



| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | • ખેલકૂદ માટેનું ઉત્સાહસભર વાતાવરણ ઊભું કરીને ખુશહાલ અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવું.<br>• ઓલિમ્પિક રમતો ઉપર ભાર આપી ખેલકૂદમાં શ્રેષ્ઠતા હાંસલ કરવી.<br>• વ્યક્તિઓની અને ખાસ કરીને મહિલાઓનો સર્વાંગી વિકાસ કરવો. |
| **પાત્રતાના ધોરણો** | મૂળ ગુજરાતના વતની હોય તેવા ખેલાડીઓ માટે |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | વ્યક્તિગત રમત માટે ખેલાડીને નીચે મુજબ રોકડ પુરસ્કાર અપાશે |

| પદકનું નામ | ઓલિમ્પિક ગેમ્સ | એશિયન ગેમ્સ | કોમનવેલ્થ ગેમ્સ | કોમનવેલ્થ/ એશિયન ચેમ્પિયનશીપ (સિનિયર્સ) | કોમનવેલ્થ/ એશિયન ચેમ્પિયનશીપ (જુનિયર્સ) |
|---|---|---|---|---|---|
| સુવર્ણ | ૫ કરોડ | ૨ કરોડ | ૧ કરોડ | ૫૦ લાખ | ૨૫ લાખ |
| રજત | ૩ કરોડ | ૧ કરોડ | ૫૦ લાખ | ૩૦ લાખ | ૧૫ લાખ |
| કાંસ્ય | ૨ કરોડ | ૫૦ લાખ | ૨૫ લાખ | ૨૦ લાખ | ૧૦ લાખ |

| | |
|---|---|
| **અમલીકરણ કરતી કચેરી/સંપર્ક અધિકારી** | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર<br>સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર |

ખેલ પ્રતિભા પુરસ્કાર યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો

**'મારી યોજના' પોર્ટલ એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.**

## ગમ્મત સાથે જ્ઞાન-વિજ્ઞાન : સાયન્સ સિટી



**Published on Date : 16-5-2025**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : BPC, Gandhinagar on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦